ॐ

सनातनधर्मनी गर्जनाओ.

વર્ષ ૨ જું.	વાર્ષિક મૂલ્ય ૦-૮-૦. ટપાલ ખર્ચ માફ.	ગર્જના ૬-૧૦

રચનાર
પીતાંબર ગોવિંદરામ
ભટ્ટ.
સાણંદ

છપાવી પ્રસિદ્ધ કરનાર,
મણિલાલ મગનલાલ ત્રિવેદી
મંત્રી, શ્રી સનાતનધર્મ પુસ્તક-
પ્રચારક મંડલ—અમદાવાદ

મૂલ્ય રૂ. ૦—૪—૦. આવૃત્તિ ૧ લી.

શાકે ૧૮૩૬. પ્રત ૫૦૦૦.

રીચીરોડના પુલ નીચે આવેલા શ્રી જૈન વિદ્યા વિજય પ્રી. પ્રેસમાં
શા. ચુનીલાલ અમથાશાએ છાપી.
અમદાવાદ.

શ્રી શંકરાચાર્યનાં અષ્ટાદશ રત્નો.

સટીક.

આ પુસ્તક હવે લગભગ તૈયાર થવા આવ્યું છે. હવે થોડાજ દિવસમાં બંધાઇને બહાર પડશે. તમે ઘણાં પુસ્તકો વાંચ્યાં હશે, પરંતુ આ પુસ્તકની ખૂબી તો ઓરજ છે. ખાંડનું નાળિયેર અંદર ને બહાર ગળ્યુંજ હોય, તે પ્રમાણે આ પુસ્તકના વિષયો ઉત્તમ પ્રકારના હોવા ઉપરાંત વાંચનારનાં ચક્ષુઓ પ્રસન્ન થાય તેવી બાંધણી પણ બાંધવામાં આવી છે. પૂઠું સળંગ છીટનું પાંચ સોનેરી નામવાળું સુશોભિત બનાવવામાં આવ્યું છે. હજુ પણ આગળથી ગ્રાહક થવું હોય તો થાઓ. માગશિર્ષ સુદિ ૧૫ સુધીમાં ગ્રાહક થનાર પાસેથી રૂ. ૧–૪–૦ લેવામાં આવશે. ત્યાર પછીથી રૂ. ૧–૮–૦ લેવામાં આવશે. આ પુસ્તકમાં ઉત્તમ પ્રકારનાં ચાર ફોટા પણ મુકવામાં આવ્યા છે. સનાતન ધર્માનુરાગી બંધુઓએ દરેકે આ પુસ્તક અવશ્ય પોતાના ઘરમાં રાખવું જોઇએ

મણિલાલ મગનલાલ ત્રિવેદી.
અમદાવાદ.

શ્રી યજુર્વેદિય આહ્નિક પ્રકાશ.

તમે જે પુસ્તક માટે વારંવાર માગણી કરતા હતા તે પુસ્તક પણ હવે લગભગ તૈયાર થવા આવ્યું છે. ઘણું કરીને એક માસમાં તૈયાર થઈ જશેજ. આ પુસ્તક બ્રાહ્મણ વિગેરેને દાન તરીકે આપવા લાયક છે. સામટી પ્રતો ખરીદનારને સારૂં કમીશન આપવામાં આવશે. મૂલ્ય રૂ. ૦–૪–૦.

મણિલાલ મગનલાલ ત્રિવેદી.
અમદાવાદ.

॥ ॐ नमः श्रीमन्नाथपरमात्मने ॥

ब्रह्मचर्यव्रतनुं दौर्लभ्य.

૬, ૭, ૮, ૯ અને ૧૦ મી ગર્જનાઓ.

नत्वा श्रीमद्गुरुं भक्त्या भवभीत्यपहं मुदा ।
श्रीनाथस्य प्रसादेन लिख्यते धर्मगर्जना ॥

બ્રહ્મચર્યવ્રતનું દૌર્લભ્ય.

આગળ અયોધ્યામાં એક બળરામદાસ નામે રામાનંદી સાધુ હતા. તેઓ પોતાના સાંપ્રદાયિક ધર્મકર્મમાં સારા કુશળ અને શ્રી-રામચંદ્રજીની ભક્તિમાં અહર્નિશ તત્પર રહેનારા, પવિત્ર અને દર્શ-નીય સંત હતા. તેઓ શ્રીતુલસીદાસકૃત રામાયણ તથા કેટલાક હિંદી-ભાષાના ગ્રંથો વાંચવા, ભણાવવા તથા કથા કરવામાં ઘણા પ્રવીણ હતા. તેથી તેમની પાસે એક હરિચરણદાસ અને લાલદાસ બે

કોઇ સાધુના આશરે પન્નર પન્નર વર્ષના ચેલાઓ ભણવામાટે આવ્યા, તેમને તે **બળરામદાસજીએ** ભણાવવાનો આરંભ કર્યો. તેમાં **હરિચરણદાસ** તો સ્વભાવે શાંત, ગુરુભક્ત, વિનયી અને વિશ્વાસવાળો હતો. પણ **લાલદાસ તો** સ્વભાવે ઉદ્ધત, અશાંત, શંકાશીળ અને ગુરુની પણ થેકડી કરે એવો હતો. તેમજ તેના મનમાં કાંઇક એમ પણ રહેતું હતું કે 'હુંજ સારું સમજાુંછું.' તેમના ભણાવનાર ગુરુ **બળરામદાસજીએ** કહ્યું કે ભાઇ ! તમારે જો ભણવું હોય તો સાધુઓને સારું તો ભક્તજનોના પરમદૈવતરૂપ, પ્રેમ અને ભક્તિની વૃદ્ધિ કરનાર, ને નિત્ય પાઠ કરવામાટે એટલુંજ નહિ પણ તેનુંજ શ્રવણ-મનન કરી, આત્માને સદ્દગતિ પમાડવામાટે એક તુલસીદાસજીકૃત રામાયણજ ભણવા યોગ્ય છે. તે તમે ભણો તો હું તમને મારા પુત્ર-શિષ્ય તુલ્ય ધારી, યથાર્થ અન્વયપૂર્વક પદપદાર્થ સાથે અને તેમાંથી જેટજેટલો ભાવ નિકળે તે સુદ્ધાં બતાવી ભણાવું. અને તેના અધ્યયનથી તમે બન્ને જણા સારા સુપાત્ર સજ્જનો તથા ઉત્તમ સાધુઓ બની જગતને સારા માર્ગે દોરનારા તથા ભક્તિમાર્ગની પ્રનાલિકાના સંરક્ષક થશો. આ પ્રમાણે **બળરામદાસનું** કહેતાં તે બન્ને વિદ્યાભિલાષી ચેલાઓએ તુલસીકૃત રામાયણ ભણવાની હા કહી. ત્યારે **બળરામદાસે** કહ્યું કે તુલસીદાસજીની વાણી ઘણી રસાળ અને શબ્દે શબ્દે ભણનાર ભણાવનારને અતિશય પ્રભુપર પ્રીતિ ઉપજાવી પવિત્ર કરનારી છે. તથાપિ તે એક મનોહર કાવ્યરૂપે છે, માટે પ્રથમ તમે તુલસીદાસજીની કાવ્યપ્રનાલીનો માર્ગ જાણવામાટે તેમનાં રચેલાં થોડાંક નાનાં નાનાં કાવ્યો શિખો, એટલે તમને તેમની રામકથામાં ઘણી સુગમતા થશે. ત્યારે તે પણ તે ચેલાઓએ હા કહી; એટલે તે **બળરામદાસજીએ** તેમને શ્રી તુલસીદાસજી કૃત **'શીલમહિમા'** નામનું મનોહરછંદમાં રચાયેલું કાવ્ય

શિખવવા માંડયું; તો તે કાવ્યમાં આગળ એવું એક પદ આવ્યું કે '**શીલવ્રત પાલના હૈં બહુત કઠિન હૈં।**' એ વાક્ય **બળરામદાસ** ગુરુએ મુખે બોલી બતાવી, તેનો તેમને અર્થ સમજાવ્યો કેઃ—દેખો ભાઇ! શીલ નામ બ્રહ્મચર્યકા હૈ. વો બડા વ્રત પાલનેમેં બહુત કઠિન હૈ; ઇસકેલીયે સબ સાધુપુરુષોંકા યે મુખ્ય કર્ત્તવ્ય હૈ કી, સ્ત્રીલોકસેં અતિમેં અતિ દૂર રહેના. કભી ભી સ્ત્રીયોંકે સહવાસમેં નહિ રહેના. સ્ત્રીયોંકા મુખ દેખનેમે પ્રીતિ નહિ રખના. ઉસકે સંગ કોઉભી સ્થાનોંમે જાના આના નહિ. સ્ત્રીશરીરકું સ્પર્શભી નહિ કરના. સ્ત્રીકી સાથ એકાંત નહિ કરના. કોઇભી ગુપ્ત બાત સુનનેકા ઔર કહનેકા વ્યવહાર રખના નહિ. સ્ત્રીજાતકું તો સાધુ પુરુષોને પ્રત્યક્ષ મૃત્યુરૂપ જાનના. સ્ત્રીકું પ્રત્યક્ષ સર્પિણી, વ્યાઘ્રી, રાક્ષસી ઔર ડાકિનીરૂપહીં દેખના; ઔર પ્રત્યક્ષ અગ્નિકી જ્વાલાહીં દેખના. જો લોક સ્ત્રીયોંકા સહવાસ કરતાહૈ વો સબ સાધુ અસાધુ હોતાહૈ; વિરાગી બેરાગી હોતાહૈ, બ્રહ્મચારી પોલા પોલા ભંભચારી હોતા હૈ, સન્યાસી મલાશી હોતાહૈ, તપસી લપસી પડતાહૈ, ઔર બડા બડા બીર, શૂરબીર વિચક્ષણ, સુજાન, સાધુ, જ્ઞાની, સબ રંડીયોંકે ગુલામ ઔર ભડવા જૈસા અતિ તુચ્છ બનકે યમરાજાકે નગરમે જાકે કુંભિપાકાદિ સબ નરકોંકા ઇંધન હોંકે બહુત દુઃખ પાતે હૈં. ઇસકેલીયે દેખો મેરે પ્રિય **હરિચરણદાસ**! ઔર **લાલદાસ**! તુમ દોનોંને મેરા યહ ઉપદેશ બડા ઉપયોગી માનકે હૃદયપટમે લિખલેના; ઔર કભી ભૂલના નહિ. સાધુકા એહી બડા અગત્યકા કર્તવ્ય હૈ કી, સ્ત્રી લોકસેં દૂર રહેના. જો તુમ યહ મેરા ઉપદેશકું માનોંગે તો તુમારે પર શ્રીદશરથનંદન જાનકીજીકા પતિ, કૌશલ્યાકે બાલ, ઔર મેરા પ્રીયતમ, મેરા જીવન, વ મેરા ઇષ્ટ શ્રીરામચંદ્રજી તુમારા સબ

વ્યવહારકા નિર્વાહ પૂર્ણ કરેગા. ઔર અંતે તુમ દોનોં ઉનકેહી ચરણકમલોમેં જાકે અખંડ સુખ પાઓગે."

એ પ્રમાણે પોતાના શિષ્યોને પાઠ આપતાં બોલી, શ્રીરામચંદ્રજીના પરમપ્રેમી ઉપાસક **બળરામદાસજીનું** કોમળ હૃદય શુદ્ધપ્રેમથી ભીંજાયેલું હોવાથી દ્રવિત થયું; તેથી તેની આંખોમાં પ્રભુની ભક્તવત્સલતાનું સ્મરણ થવાથી પ્રેમનાં આંસુ ભરાઇ આવ્યાં. સહૃદય વાચક! આવા મહાત્મા પાસેથી મળેલો ઉપદેશ, શિખાયેલી વિદ્યા, અને કરેલો સત્સંગજ સાર્થક નિવડેછે.

એ પ્રમાણે **બળરામદાસજીનો** યથાર્થ ઉપદેશ સાંભળી, પ્રભુની પરમકૃપાના પાત્ર **હરિચરણદાસે** તો પોતાના હૃદયમાં તે વચનોને બરાબર આળેખી લીધાં; પણ ભુંડા ભાવીવાળા અને મહાધૂર્ત સંસારની માયાનો તમાચો જેના ગાલ ઉપર સોળ ઉઠે એવી રીતે વાગવાનો ભાગ્યમાં નિર્માયેલો છે એવા **લાલદાસના** મનમાં તે વિદ્યાગુરુના ઉપદેશવાક્યોમાં સંશય થયો કે,—મારે પણ કાંઇક મારા ગુરુને મારું બુદ્ધિચાતુર્ય જણાવવું; એમ ધારીને તે અનેક પ્રકારના તર્ક વિતર્ક કરતો તે વિદ્યાગુરુ **બળરામદાસને** કહેવા લાગ્યો કેઃ—

લાલદાસ—યહ સંસારકી બડી બુરી રીતિ દેખનેમેં આતી હૈ. કી, જહાં તહાં સબ ઠીકાણોમે ઓરતં લોકકી હી નિંદા કી જાતી હૈ. જો સ્ત્રીલોક સારે સંસારકા આધાર માના જાતા હૈ, ઉનકી નિંદા કરનેસેં કયા પ્રયોજન સિદ્ધ હોતા હૈ? વો હમ નહિ જાને. જબ સ્ત્રીલોક જગતમે ઇતની બધી અપકારક હૈ, તો ઇશ્વરે ઉનકા નિર્માણ કીસ વાસ્તે કીયા હોગા? જિસકે ઘરમેં સ્ત્રી નહિ ઇસકા ઘર શૂન્ય અરણ્યસમ હોતા હૈ.

'गृहिणी गृहमित्याहु' 'धिग्गृहं गृहिणी शून्यम् ।

(સ્ત્રીનેજ ઘર કહ્યું છે. સ્ત્રી વિનાનું ઘર ધિક્કારપાત્ર શૂન્ય ગણાય છે.) ઐસે ઐસે સ્ત્રિયોંકી સ્તુતિકે બહોત વાક્યો ભી સુન્ને જાતે હૈ, ફીર રામ જાને સ્ત્રીયોંકી નિંદાસેં શિષ્ટ જનોકા ક્યા અર્થ સિદ્ધ હોતા હૈ? વો હમ નહિ જાનતે. સ્ત્રીયોંકી નિંદામે આપ જેસે બડે બડે બીદ્વાન ભી ભૂલ કરતેં હૈ. સાધુજનોકા નિર્વાહ સ્ત્રીયોસેં અલગ હોનેસેં કિસ તરહ ચલેગા? પ્રતિદિન અન્નકા દાન કરને વાલી, સાધુસંતનકું આટા દેને વાલી, ઔર રોટી પકા કર ભિક્ષા ભોજન દેને વાલી પુરુષોંસે સ્ત્રિયોહિ મુખ્ય હોતી હૈ. ફીર સાધુ પુરુષો જો દેહ નિર્વાહકા કારણભૂત સ્ત્રી લોકકા કિસ તરહ ત્યાગ કર સકેંગે? દ્રવ્ય, વસ્ત્ર, બરતણ ઔર બડી કિમ્મતકી વસ્તુઓંકા તો પુરુષ ભી દાન કરને વાલા હૈ. ફીર અન્ન ઔર જલકી પ્રાપ્તિ તો સ્ત્રિયોંસે હી હોતી હૈ. "૧ ઔર મહારાજ! મેરા મન ઇતના બધા નારાજ હોતા હૈ કી, **તુલસીદાસ** જૈસે બડે બડે મહાત્મા ભી કૈસી બડી ભુલ કરતા હૈ? કી યહ **શીલમહિમાકે** કાવ્યમે લિખગયા હૈ કી '**શીલ व्रत पालना हि बहुत कठिण है।**' ક્યા બ્રહ્મચર્ય પાલને મેં કઠિનતા હૈ? સો મે કુછ ભી નહિ જાનતા હું. કી ઇસમે કુછ કાઠિણ્ય ઔર દૌર્લભ્ય હૈ. બ્રહ્મચર્ય તો બહોત સુકર ઔર સુગમ હૈ. આજ કલ હમકું પનરાવર્ષ હો ગયા, ફીર સ્વપ્નમેં ભી મેરકું સ્ત્રીસુખકી ઇચ્છા નહિ હુઇ હૈ. ઔર સુખસેં મેરા શીલવ્રતકા સંરક્ષણ હોતા હૈ. ઇસમે ક્યા દુષ્કરતા ઔર મુશ્કેલી હૈ? સો હમ નહિ જાનતા હું. મહારાજજી! ક્યા કુછ સ્ત્રીયોં આદમીયોકું દેખને માત્ર સેં હી ખાજાતી હૈ? ઔર દૃષ્ટિ કરનેસેં હી શરીરોંમેં ઘુસ જાતી હૈ? જિસકા મન સાબૂત હૈ ઇનકું સ્ત્રીયોંકા સહવાસ તીન કાલમેં હીં બાધ નહિ કરતા. ઐસા જિસકા દૃઢ નિશ્ચય હૈ ઉનકું સ્ત્રી ક્યા ક-

રનેવાલી હૈ ? કુછ ભી નહિ. ઇસકે લિયે મહારાજ ! મેરે જૈસે સુદૃઢ નિશ્ચયવાલે સાધુઓકે વાસ્તે યહ તુમારા ઉપદેશ નિરર્થક હૈ.

એ પ્રમાણે **લાલદાસે** જ્યારે **બળરામદાસને** કહ્યું ત્યારે તેની કાંઇક બાળકબુદ્ધિ, **અણસમજણ** અને ઉદ્ધતપણું માની અતિ શાંત સ્વભાવવાળા **બળરામદાસે** પોતાના મનમાં વિચાર કર્યો કે જો હું આને કાંઇ પણ કોપાવેશમાં કહીશ તો તે અપકવ અંતઃકરણનો હોવાથી મારાથી કંટાળી ભણવાનું છોડી દઇ ને નાશી જશે. હજુ એની પાસે સાધુતાનો નિર્વાહ કરવા માટે જોઇતી સમજણ અને હૃદયનું સાહિત્ય નથી. માટે એ મોટા વયનો થતાં આવો ને આવો ઉદ્ધત રહેશે તો અવશ્ય આ જગતના બોજારૂપ એક નીચો ભીખારી થઇ અસદ્‌ગતિ પામશે; માટે એને તો બહુજ શાંત રાખી, પ્રિયવચનોથી પ્રસન્ન રાખી એને માત્ર આ ધર્મ, નીતિ, વૈરાગ્ય અને ભક્તિથી ભરપુર તુલસીદાસ પ્રણીત રામાયણ ભણાવી દેવાય તો તેનાં વચનો તેને પ્રસંગોપાત સ્મરણ આપી નીતિનું ઉલંઘન થતાં અટકાવશે. અને વધારે તો રહ્યું પણ શ્રીસીતારામજીનું ભજન સ્મરણ કરતો એના સાધુપણાનો નિર્વાહ કરશે. એમ તે **લાલદાસના** ઉપર કરુણાવાળા થઇ બોલ્યા કેઃ—

બળરામદાસ—મેરે પ્યારે **લાલદાસજી** ! તુમ ભી બડે બુદ્ધિમાન સાધુ હો. તુમારે જૈસે અચ્છે બુદ્ધિમાનોંકે અર્થ મેરા યહ ઉપદેશ નહિ હૈ. જો લોક સામાન્ય ઔ મંદ બુદ્ધિવાલે હૈ ઉનકે અર્થ હમસેં યે સબ બચન બોલે ગયે હૈ. ફીર તુમ્હારે જૈસે સુજ્ઞોકે વાસ્તે હમારા બોલનેકા પ્રયોજન નહિ હૈ. ઇસસેં તુમારે મનમેં કુછ ભી બુરા નહિ માનના.

લાલદાસ—[સ્વગત મનમેં વિચારતા હૈ કી હાં ગુરુ ભી મુઝેસેં ડરતા હૈ. ઔર મેરેકું સુજ્ઞ શબ્દકા વિશેષણ દેકર બોલતા

હૈ. તો અચ્છા, વો ભી મેરા માન રખકર બોલતા હૈ, તો અબ ગુરુકું હી અપના પાઠ ચલાના દેના ચાહીએ. ઔર ગુરુ મહારાજ મુઝેકું જો જો ઉપદેશ દેવે સો સબ સુનલેના ચાહિએ. કભી મેરા વિદ્યાગુરુ નારાજ હોગા તબ હમારે પઢનેમેં વિઘ્ન આવેગા ઇસસે ગુરુકું કુચ્છ ભી બુરા લગે ઐસા નહિ કરના.]

બળરામદાસ—પ્રિય લાલદાસજી! આપ કહતેહો વોબા સચ હૈ. ફીર બહુત હી ગ્રંથોમે શિષ્ટોકા ઉપદેશમે બાર બાર ઐસાહી બાંચને સુનનેમે આતા હૈ કી,—સાધુજનોને સ્ત્રિયોંસે બહોતમે બહોત અલગ રહેના ચાહીએ. શાસ્ત્રોંમે ઇસ વિષય પર અનેકાનેક બચનોં મીલ આતા હૈ કીઃ—**'नविना मीनाक्षी व्यथयति मुनीनां मनमपि ॥** (મત્સ્યોકે સમાન સુશોભિત નયનો વાલી નવયૌવના બડે બડે મુનિજનોંકે મનમે હીં કામના પ્રકટ કર બહોત વ્યથા કર દેતી હૈ; તો ઔરનકી કયા બાત?)

ઔર ભાગવતમેં વ્યાસમુનિને ભી લિખાહૈ કીઃ—

मात्रा स्वस्रा दुहित्रा वा नैकशय्यासनो भवेत् ।
बलवानिन्द्रियग्रामो विद्वांसमपिकर्षयेत् ॥

મા, બહિન આ બેટીકી સાથ ભી એકાંતમે એક શય્યામે કી એક આસનમેં ક્ષણભર બી ઠહરના નહિ. ક્યોં કી ઇન્દ્રિયોંકા સમૂહ ઐસા બલવાન્ હૈ કી, બડે બડે વિદ્વાનોકું ભી મોહમેં ફસાદેતાહૈ.)

इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ।

(વિષયોંમે દોષદર્શન કરનેવાલે બડે બડે વિવેકી પુરુષોકું હી ઇંદ્રિયો બલાત્કારસે વિષયોકી તરફ આકર્ષણ કરતી હૈ.

માયાદેવીકા યે ભી બડા ચમત્કાર હૈ કી, જો પુરુષ ઈશ્વરકી કૃપાવિના માયાસેં છુટ જાનેકી વાંચ્છના કરતા હે ઉનકે મુખપર માયા ઐસા ચપેટા (તમાચા) લગાદેતી હૈ કી ઉસકે મોંપર અચ્છા લાલ સોલ ઉઠજાતા હૈ કી સો આદમી જીવનપર્યંત ભૂલતા નહિ. જિસકે પર શ્રીઈશ્વરકી કૃપા હે ઐસા ભક્તજનમાત્ર પ્રભુકી કૃપાકે બલસેં મોહમાયામે ફસાતા નહિ. ઇસકારણ ગોસ્વામી **શ્રીતુલસીદાસજીને** રામકથામે કહાહૈ કીઃ—

सुर नर मुनि कोउ नाहिं,
जेहि न मोह मायाप्रबळ।
अस विचारि मनमांहिं,
भजिय महामायापतिय॥

ઇસ સંસારમેં ઐસા કોઉ ભી દેવ, મનુષ્ય કે મુનિ નહિ હૈ કી જીસકું મોહ ઔર માયાકા પ્રાબલ્ય લગે નહિ; ઐસા વિચાર કરકે મનમેં મહામાયાકા સ્વામી જો પરમેશ્વર ઉનકા ભજન કરણા સોહી અચ્છી બાત હૈ.

જીનકેપર સૃષ્ટિનિયંતા પરમેશ્વરકી કૃપા હૈ ઇનકેપર મોહ-માયાકા પ્રાબલ્ય નહિ ચલસકતા હૈ.

મેરે સાધુવર [લાલદાસ ! બહોતસેં કયા કહું ? શાસ્ત્રોમે સ્થળ સ્થળમેં કામકા પ્રાબલ્ય ઔર પરાક્રમ અતિશય વર્ણન કીયા હૈ. દેખોઃ—

मत्तेभकुंभदलने भुवि सांति शूराः,
केचित्प्रचंडमृगराजवधेपिदक्षाः।

किंतु ब्रवीमि बलिनां पुरतः प्रसह्य,
कंदर्पदर्प दलने विरला मनुष्याः ॥

ઇસ પૃથ્વીમે ઉન્મત્ત હાથિયોંકા કુંભસ્થળ વિદારણ કરને-વાલા શૂરપુરુષોં ભી હૈ. અતિ ક્રૂર (ભયંકર) સિંહકા વધ કરનેમે નિપુણ પુરુષો ભી હૈ. ઔર વિશેષમે ક્યા કહું? મહા બલવાનોંકે આગે ખડા હોકર પ્રબળ યોદ્ધાઓં કું બલાત્કારસેં પીસનાખ-નેમેં ચતુર ઔર વીરોંકા ભારી માર સહન કરનેવાલા મનુષ્ય ભી હૈ; પરંતુ યહ લોકમે કામદેવકા ગર્વ તોડનેમે સમર્થ તૌ બહોત કમતી મનુષ્ય હોતાહૈ. ઔર ભી દેખો:—

यावद्दृष्टि मृगाक्षीणां नो नरीनर्ति भङ्गुरा ।
ताबज्ज्ञानवतां चित्ते विवेकः कुरुते पदम् ॥

હરિણકે સમાન નેત્રાવાલી સ્ત્રીકી બાંકી દૃષ્ટિ જબતક પુરુષકે સામને નહિ ફીરતી, તબલગ જ્ઞાનીપનેકા અભિમાન રકખનેવાલે પુરુષકે હૃદયમે વિવેક ઠહરતા હૈ. દેખો ભાઇ!—

प्रभवति मनसि विवेको विदुषामपि शास्त्रसंभवस्तावत् ।
निपतन्ति दृष्टिविशिखा यावन्नेन्दीवराक्षीणाम् ॥

વિદ્વાનોંકે મનમે ભી શાસ્ત્રબોધકા સ્મરણ ઔ। સદ્‌વિવેકકી સ્થિતિ તબ લગ રહતીહૈ કી જબલગ સુંદર કમલકે સમાન સુશો-ભિત નયનોંવાલી કામિનીકે બાણ નહિ ચલતે!

અપને મનકું સ્ત્રીવિષયસેં વિલગ કરનેમે યત્ન કરનેવાલે કાઇ નિરાશ હુવે વિદ્વાન કહતાહૈ કી:—

उपनिषदः परिपीता गीतापि च हन्त मतिपथं नीता ।
तदपि न हा विधुवदना मानससदनाद्बहिर्याति

ભાવાર્થ:—મૈંને ઉપનિષત્‌કા અભ્યાસ કીયા, ઔર ગીતાજીકા જ્ઞાન ભી બુદ્ધિસે બહુત વિચારા, ફીર મેં મારા ગયા હું ઔર બડે ખેદકી બાત હૈ કી ચંદ્રકે સમાન મુખવાલી સ્ત્રી મેરા મનરૂપ ઘર સેં બહાર નહિ જાતી. અર્થાત્ કભી સ્ત્રીકા વિસ્મરણ નહિ હોતા.

तावदेव विदुषां विवेकिनी,
बुद्धिरस्ति भवबंधभेदिनी ।
यावदिन्दुवदना न कामिनी,
वीक्षिता रहसि हंसगामिनी ॥

વિદ્વાનોકી ભી સંસારકા બંધન કાટનેવાલી, વિવેક ઔ જ્ઞાનમયી બુદ્ધિ તબલગ રહતીહૈ કી, જબલગ ઇનોને એકાંતમેં હંસકીસમાન ચલને વાલી ઔ ચંદ્રકે સમાન મુખવાલી કામિની (સ્ત્રી) કું દૃષ્ટિસેં નહિ દેખી. દેખો ભાઈ! કેસે કૈસે જ્ઞાની, તપસ્વી ઔ યોગી સ્ત્રીયોંકે મોહમે ફસાકર અપને કર્તવ્યોકું તિલાંજલિ દેકર (ત્યાગકર) કૈસા ઉન્મત્ત ગંડુકી માફીક બોલતાહૈં ?

उडुराजमुखी मृगराजकटि-
र्गजराजविराजितमन्दगति ।
यदि सा वनिता हृदये निहिता,
क्व जपः क्व तपः क्व समाधिरतिः ॥

ચંદ્રકે સમાન સુંદર મુખવાલી, સિંહકી સમાન પતલી કટી-

૫૪૦૭

વાલી, ઔર ગજેન્દ્રકી સમાન સુશોભિત ગતિસેં ચલને વાલી ઐસી જો સ્ત્રી જિસકે હૃદયમે સ્થિત હૈ અર્થાત્ ઇસ સદશ લક્ષણોવાલી સ્ત્રીકા સ્મરણ જિનકે હૃદયમેં અખંડ બના રહતાહૈ ઇનકોં જપ, તપ ઔ સમાધિકી પ્રીતિ કહાંસે હોસકતી? કભીભી નહિ હો સકતી.

કોઇ નિજાત્માકા શ્રેયસ્‌કી ઇચ્છા કરનેવાલા અપને હૃદયસેં કામિનીકે સ્વરૂપમે દોષદષ્ટિ કરકે સ્ત્રીકા વિસ્મરણ કરનેમે યત્ન કરને વાલા પુરુષ નિરાશ હોનેસેં બોલતાહૈ કી:—

> **अलमतिचपलत्वात्स्वप्नमायोपमत्वा-**
> **त्परिणति विरसत्वात्संगमेनाङ्गनायाः ।**
> **इति यदि [illegible]स्तत्त्वमालोचयाम-**
> **स्तदपि न हरिणाक्षीं विस्मरत्यन्तरात्मा ॥**

સ્ત્રીમેં અતિશય ચપલતા હોતીહૈ, સ્વપ્નેકી તુલ્ય અલ્પસમય સુખ દેનેવાલી હૈ, ઔર સંભોગકે પીછે નિરસ (રસરહિત) હોતીહૈ, ઇસકેલીયે શાસ્ત્રોમે સ્ત્રીકા નિષેધ કીયાહૈ; ઐસા મેં અનેક પ્રકારસેં નિરંતર્ વિચાર કરતાહું; ઔર તત્ત્વવસ્તુકા આલોચન (વિચાર) કરતાહું; તો ભી મેરે મનરૂપ ઘરમેંસેં કદાચિત્ ભી સ્ત્રી બહાર નહિ જાતીહૈ; અર્થાત્ સ્ત્રીકા વિસ્મરણ એક ક્ષણભર બી નહિ હોસકતા. ઔર દેખો ભાઇ **હરિચરણદાસજી**! ઔ **લાલદાસજી**! બડે બડે વિશ્વામિત્ર ઔ **પરાશર** જૈસે મુનિલોક ભી જો માત્ર સૂકે પત્તે ખા કર ઔર પાની તથા પવનંકાહી પાન કરકે બહોત વર્ષતક તપશ્ચર્યા કરને વાલે થે, સોભી **વિશ્વામિત્ર** મેનકાકું દેખ કર ઔર **પરાશર** **મત્સ્યગંધાકું** દેખકર તપસેં ભૃષ્ટ હોકે બડે અનર્થમે ગિરપડકે બડી

હાંસીકે પાત્ર હુવેથે તો ઔરનકી ક્યા બાત? મેરે પ્રિય શિષ્ય હરિચરણદાસજી! ઔર લાલદાસજી! મેરા બહોત કહનેસેં મનમેં કુચ્છ સંકોચ નહિ લાના ઔ બૂરા નહિ માનના. બડે બડે સંત ઔ વિદ્વાન પુરુષો સાધકગણોકે લિયે લિખગયે હૈ કી:—

जिताहारोथवा वृद्धो विरक्तो व्याधितोऽपिवा ।
यतिर्न गच्छेत्तं देवं यत्रस्यात्प्रतिमा स्त्रीयः ॥

જિન્ને આહાર જિતા હોગા ઐસા ઔ વૃદ્ધ, વિરક્ત ઔ રોગગ્રસ્ત સન્યાસી હોય તોભી ઉન્નોને કદાપિ જહાં સ્ત્રીયોકી પ્રતીમા ધરી હોય ઐસા દેવમંદિરમે કભી મત જાના.

पदापि युवर्त्ति भिक्षुर्न स्पृशेद्दारवीमपि ।

પૈરસેં (પગથી) ભી સાધુ સન્યાસિયોંને કાષ્ટકી સ્ત્રી (પુતળી) કું હી સ્પર્શ કરના નહિ. તો ઔર સ્ત્રીકી તો કયા બાત?

न पश्येच्चित्र लिखिताम् ।

કલ્યાણ ચહાને વાલે સાધુજનોંને સ્ત્રીકા ચિત્ર ભી નહિ દેખના ચાહિએ.

विषवल्लीमरुद्विंध्ये बाधते प्राणिनां यथा ।
योषित्स्पर्शी तथा वायुर्बाधते मस्करीश्वरम् ॥

વિંધ્યાચલ પર્વતમેં હોનેવાલી જહરકી બેલીકું સ્પર્શ કરકે નિકસતા હુઆ પવન સબ પ્રાણિયોંકું દુઃખ દેતા હે, તૈસા સ્ત્રીકું સ્પર્શ કરકે નિકસતા હુવા પવન ભી પુરુષોકું સ્પર્શસેં હીં બહોત વ્યથા કરતા હૈ.

योषिन्मूला बुधैः प्रोक्ताः सर्वेनर्थाः शरीरिणाम् ।
अपि ब्रह्मेन्द्रचन्द्राणां का कथा इतरन्नृणाम् ॥

શરીરધારી મનુષ્યાદિકનકા સર્વ અનર્થોંકા મૂલ સ્રિયોં હીં હૈ; ક્યૌં કે સૃષ્ટિકે કર્તા બ્રહ્માજીકા ભી અપની પુત્રી સરસ્વતિકું દેખ-કર દુષ્ટ સંકલ્પ હોનેસેં દેહકા ત્યાગ કરના પડાથા. સ્વર્ગકે દેવલોકકા સ્વામી મહારાજા ઇંદ્ર જૈસે સમર્થ પુરુષને ભી ગૌતમકી પત્ની અહ-લ્યાજીસેં દુરાચાર કીયાથા. જીસસેં મહાશય ગૌતમ મુનિકા, શરીરમેં સહસ્ર ભગ (છીદ્ર) હોનેકા અતિ ત્રાસદાયક શાપ ઇંદ્રકું ભુગના પડા થા. ઔાર ચંદ્રમાને દેવગુરુ બૃહસ્પતિજીકી સ્ત્રી તારાકા અપહરણ કીયાથા જિસસેં બડા ક્લેશ મચારહા થા ઐસો ઐસી કથાઓં ઇતિહાસોંકા ગ્રંથોંમે બહોત દેખનેમેં આતી હૈ. ઇસસેં મેં તો કહતા હું કી ભાઇ! સ્રી લોકકા કભી ભી વિશ્વાસ નહિ રખના. ..સ્રીકા ભોગકી ઇચ્છા કરને વાલાકી અતિ અધમ મેં અધમ દુર્દશા હોતી હૈ. ઔ ઐસે દુર્જનોંકા મરણભી તુચ્છ શ્વાન વ ગાડરકી માફીક હોતાહૈ. બડે બડે વીર, વિદ્વાન, ઔ ત્રિલોકમે અપના વિજય કરને વાલા સમર્થ પુરુષો ભી ઐસી દુરાશાસેં અતીવ દુર્દશામે ફસાકર અપના કુલકી પાયમાલી કરાકે આપભી દયાજનક સ્થિતિમે આકર કાલકે મુખમેં ગિરતા હૈ.

लंकेश्वरो जनकजाहरणेन वाली,
तारापहारक थवाप्यथ कीचकाख्यः ।
पांचालिकाग्रहणतो निधनं जगाम,
तच्चेतसापि परदाररतिंन कांक्षेत् ॥

ભાવાર્થ:—જાનકીજીકા હરણ કરનેસેં ત્રિલોકજિત મહા સમર્થ વિદ્વાન, તપસ્વી વ મહાશૂરવીર રાવણ, ઔર તારાકે અપહરણસેં ઉસ્સેંભી સમર્થ કિષ્કિંધાધિપતિ વાનરોકા રાજા વાલી, અથવા પાંચાલી(દ્રૌપદી)કા ગ્રહણસે મહા બલવાન્ કીચક, યે સબ પરસ્ત્રીયોમેં આસક્તિ કરનેંસેહીં મૃત્યુકા ભોગરૂપ હો ગયેં હૈ.

સ્ત્રીયોંકા દર્શન કરનેંસેં ઇસકા ભોગકી આકાંક્ષા સ્ફુરતીહૈ; પીછે ઇસમેં યત્ન હોતા હૈ, યત્ન સફળ હોનેંસે કામાંધતા પ્રાપ્ત હોતી હૈ, જિસસેં મનુષ્ય પાપમેં ગિરતા હૈ.

દેખો ભાઇ ! જો તુમ દોનો સાધુપનેકા સંરક્ષણ કરકે મુક્તિકી ઇચ્છા કરો જબ સ્ત્રીસેં અલગ હી રહેના ઔર કભી કભી ઔરત દેખનેમેં આવે તીસ બખ્ત ઐસી ભાવના કરના:—

सानुरागां स्त्रीयं दृष्ट्वा मृत्युं वा समुपस्थितम् ।
अविह्वलमनाः स्वस्थो मुक्त एव न संशयः ॥

અપને પર પ્યાર દેખાડને વાલી સ્ત્રીકું ઔર શરીરસેં પ્રાણોકું ભિન્ન કરને વાલા મૃત્યુકું સમાન દેખકર જો પુરુષ સ્વસ્થ અવિકલમનવાલા રહતા હૈ સો મુક્ત હીં હૈ. ઇસમે લેશ માત્ર ભી સંદેહ નહિ.

સ્ત્રીશરીરમેં સાધુ જનોને નિરંતર્ ઐસી ભાવના કરની.

अबंध बंधनं घोरं स्त्रीशरीरं महाविषम् ।
अशस्त्रखंडनं देवि संसा ासक्त चेतसाम् ॥

શ્રીમહાદેવજી પાર્વતી દેવીકે પ્રતિ બોલતા હૈ કી, હે મહાદેવિ ! જિસકા ચિત્ત સંસારમેં આસક્તિવાલા હૈ, તિસ પુરુષકા અતિ

ભયંકર રજ્જુકે બંધ વિના ભયંકર બંધન, વિના જહર (ઝેર) હાલાહલ વિષકેસમાન કષ્ટ દેનેવાલા વિષ ઔર શસ્ત્રકે પ્રહારવિના શરીરકા છેદનસમાન માત્ર સ્ત્રી શરીર હીં હૈ.

મેરે પ્રિય પાઠકો! મેરી પાસ જો કુછ ગુપ્ત ધનકા સંચય હૈ સો તુમારીપર મેરી બહોતમે બહોત પ્રીતિ હોનેસેં મે દેદેતાહું કી, ભાઇ! તુમારે ચહાયસો કરો, ફીર મેરા યહ ઉપદેશરૂપ ધનકા તુમ દોનુને અચ્છિ તરહસે સંરક્ષણ કરકે રઘુનાથજીકા ભજન કરના. ઉપદેશમે ઇતના હી કહને કા હૈ કી, ભાઇ! પ્રાણુકષ્ટ પ્રાપ્ત હોનેપરભી કભી શીલવ્રતસેં ભ્રષ્ટ નહિ હોના. ઔર અચ્છી રીતસેં બ્રહ્મચર્યવ્રતકું પાલના. સોહી સાધુજનોકા બડા ભૂષણ હૈ. કહા હૈ કી,

ऐश्वर्यस्य विभूषणं सुजनता शौर्यस्य वाक्संयमो,
ज्ञानस्योपशमः श्रुतस्य विनयो वित्तस्य पात्रेव्ययः ।
अक्रोधस्तपसः क्षमाप्रभवितुर्धमस्य निर्व्याजता,
सर्वेषामपि सर्वकारणमिदं शीलंपरं भूषणम् ॥

સંપત્તિયોંકા ભૂષણ સજ્જનતા હૈ, શૂરેપનકી શોભા વાણીકા નિગ્રહ હૈ, જ્ઞાનકા ગહના (ઘરાણું) શાંતિ હૈ, વિદ્યાકા ઔર બહુશ્રુતપનેકી શોભા વિનય હૈ, ઔ સુપાત્રકો દાન કરના વોહી દ્રવ્યકી શોભા હૈ, કભી ક્રોધ નહિ હોના ઓ તપકા આભૂષણ હૈ, સત્તા, મહત્તા ઔ બડેપનેકી ક્ષમા વોઇ શોભા હૈ. કપટરહિત રહના ઓ ધર્મકા ભૂષણ હૈ. ઔ સબસેં અધિકતા મે કહનેકા યહ કી સાધુ પુરુષોંકા તો કેવળ બ્રહ્મચર્ય હી બડા આભૂષણ હૈ.

એ પ્રમાણે **બળરામદાસજીએ** પોતાના તે **હરિચરણદાસ** તથા **લાલદાસ** શિષ્યોને કહ્યું ને તે પછી તે બન્ને સાધુ **બળરામદાસ** પાસે અયોધ્યામાં લગભગ પાંચ–સાત વર્ષ સુધી રહી કેટલાક હિંદુસ્થાની ભાષાના નાના મોટા ગ્રંથો તથા તુલસીદાસકૃત રામાયણ તથા વિનયપત્રિકા આદિ ગ્રંથો ભણી હરિજનોમાં કાંઇક કથા વાર્તા કરે એવા પ્રવિણ થયા. ત્યારે તે બન્ને શિષ્યોએ એક દિવસ **બળરામદાસ** પાસે જઈ તેમને વિનયથી દંડવત્પ્રણામ કરી વિનંતી કરી કે:—

મહારાજજી ! હમ દોનુંને આપકી બડી કૃપાકેલીએ અપની પાસ છે સાત વર્ષતક રહકર વિદ્યાભ્યાસ કીયા ગયા હૈ, ઔ બહોત દિનસે હમ આપકી શરણમે આ રહેથે ફીર અબ હમારે દોનુંકે મનમેં ચારોં ધામકી તીર્થયાત્રા કરનેકે નિમિત્ત ઇધરસેં ઔર ઠીકાને પર જાનેકી તીવ્ર ઇચ્છા હુઇ હૈ; ઇનસેં હમ દોનું બહોત દિનસેં આપકી આજ્ઞાકી રહા જોતેં હૈ. મહારાજજી ! આપ હમારે પર કૃપા કરકે આશીર્વાદ દીજીએં ઔર ઇધરસેં જાનેકી અનુજ્ઞા દેની ચાહીએ.

બળરામદાસજી—હાં, ઓ બાત તો અછી હે; જન્મભર તો કોઇ ભી સાધુ થોરા એક હી ઠીકાનેપર પડ રહતા હૈ ? સાધુ લોગોકું તો સારે ભૂમંડળ અપના હી દેશ, ઔર સબ વસ્તી અપના કુટુંબ તુલ્ય માનના ચાહીએ. અચ્છા, મેરે પ્રિય પાઠક સાધુ **હરિચરણદાસ** ! ઔર **લાલદાસ** ! તુમ દોનોંને હમારે સામીપ્યસેં ઔર જાનેકી ઇચ્છા દીખલાઇ તો હમ તુમ દોનું કે પ્રતિ બોલતા હું કે તુમને હમારી પાસ છે સાત વર્ષતક વિદ્યાકા અભ્યાસ કીયા ગયા હૈ ઇસકે લીયે તુમારે દોનુંકે પાસ મેરા ગુરુદક્ષિણાકા હક્ક સિદ્ધ હો ચૂકા હૈ, તો હમારી ગુરુદક્ષિણાદેકર તુમારે જાના ચાહીએ. ઇસમે-

ક્યા બડી બાત હૈ?

હરિચરણદાસ—મહારાજ! હમ આપકી આજ્ઞાકું સનમ્ર હોકે શિરોધારણ કરતા હું. મેરેકું જિસ બખ્ત કુચ્છભી દ્રવ્યકી પ્રાપ્તિ હોગી તિસ બખ્ત આપકા સાનિધ્યમે આકે ગુરુ દક્ષિણા આપકે ચરણોંમે ધરદઉંગા.

બળરામદાસ—સીતારામ, સીતારામ, સીતારામ. અબે હરિચરણ! તું હમારી બાતમે કુચ્છ નહિ સમજા. તુમ ભી સાધુ હો, હમભી સાધુહૈ. તુમકુ ધનકી પ્રાપ્તિ કહાંસે હોગી? જો તુમ હમકું ગુરુદક્ષિણા દેનેકી પ્રતિજ્ઞા કરતે હો. સાધુ લોકકું દ્રવ્યકા ક્યા પ્રયોજન હૈ? જો સાધુ અપને મનમે દ્રવ્યકી ગુપ્તભી અભિલાષા રખતાહૈ ઉસકા નિઃશ્રેણી(નીસરણી)સેં ગીરનેવાલા કંદુક(દડો) કી ન્યાંઇ બહોત અધઃપતન હોતા હૈ. ઔર દ્રવ્યકા સંચય કરનેવાલા સાધુ સાધુત્વસેં ભ્રષ્ટ હોકે દુઃખોકી પરંપરાઓકું પ્રાપ્ત હોતા હૈ. ભાઇ! મેંભી સાધુ હોનેસે મેરેકું દ્રવ્યકી ગુરુદક્ષિણાકા ક્યા પ્રયોજન હે? થોરેહી ગૃહસ્થોંકી ન્યાંઇ બેટા બેટીકા બ્યાહ કરના હૈ? ઔર માતા-પિતા મરજાનેસેં ઉસકા જ્ઞાતિભોજન કરાનાહૈ? હમારે રોમમેં ભી દ્રવ્યકી ચાહના નહિ હૈ. સાધુઓકુ તો માત્ર હરિભજન વો હી અખૂટ ધન હૈ. ઔર સોના રૂપાકા ઔર તાંબાકા ટુકડાસેં કુચ્છભી પ્રયોજન નહિ. સબ અનર્થોંકા મૂલ ધન હૈ. જહાં દ્રવ્ય રહતા હૈ વહાં કભી ઈશ્વરભક્તિ વા ધર્મકા લેશભી નહિ ઠહર સકતા. દ્રવ્યસેં કૈસા અનર્થ હોતાહૈ! સો અબ સુન.

भक्तद्वेषो जडप्रीतिः सुरुचिर्गुरुलंघने ।
मुखे कटुकता नूनं धनिनां ज्वरिणामिव

ભાવાર્થ:—વિભાગ લેનેવાલે હક્કદારોસેં દ્વેષ હોતાહૈ, મૂર્ખ ઔર જડલોગોકી સાથ પ્રીતિ કરણી પડતી હૈ, વૃદ્ધ જનોકી આજ્ઞાઓંકા લોપ કરના પડતા હૈ, ઔ મુખમેં સદાહી કઠોર ભાષણુ નિકસતા હૈ. જૈસી શરીરમેં બુખાર (તાવ) આને વાલે જવરિત લોકોકી પ્રકૃતિ રહતી હૈ તૈસી તબીયત સદાહિ ધનવાનોકી બની રહતી હૈ.

राजतः सलिलादग्नेश्चोरतःस्वजनादपि ।
भयमर्थवतां नित्यं मृत्यो प्राणभृतांमिव ॥

ભાવાર્થ:—પ્રાણીમાત્રકોં જૈસા મૃત્યુકા ભય શિરપર સદાહિ રખના પડતા હૈ તૈસા ધનવાનોકું ભી રાજાકા, જલકા, અગ્નિકા, ચોરકા ઔર ધનકી આશા રખને વાલા સ્વજનોકા ભય હૃદયમે અખંડ રખના પડતા હૈ.

बधिरयति कर्णविवरं वाचं मूकयति नयनमन्धयति ।
विकृतयति गात्रयष्टिं संपद्रोगोऽयमद्भुतो राजन् ॥

ભાવાર્થ:—હે રાજન્! યહ સંપતિરૂપ વિલક્ષણુ રોગ મનુષ્યોકી પ્રકૃતિમેં ઐસા વૈપરિત્ય દિખલાતાહૈ. કી કર્ણેદ્રિય જો છિદ્રહે ઉનકું બધિર (બહેરા) કર દેતા હૈ, વાણીમે મૂકત્વ જોડતા હૈ, દોનો નેત્રામે અંધત્વ લાદેતા હૈ. ઔર સબ ગાત્રોકી ગતિ ટેડી કરદેતા હૈ.

ઐસા ઐસા બડા દોષ ધનમેં દેખનેસેં કોઇ વિદ્વાનને કહાહૈ કી:—

वरमसिधारा तरुतलवासो
वरमिह भिक्षा वरमुपवासः ।

वरमपिघोरे नरकेपतनं .
न च धनगर्वित बांधवशरणम् ॥

ભાવાર્થ:—ખડ્ગકી તુરતમેં સજાઇ હુઈ તીક્ષ્ણ ધારાકા પ્રહાર સહન કરના અચ્છાહૈ; વૃક્ષકી છાયામે સદાહિ વાસ કરના વો અચ્છા હૈ; ઈસ લોકમેં સદા ભિક્ષાઓંસેં નિર્વાહ કરના ઔ સદા ઉપવાસ કરના ભી અચ્છા હૈ; અથવા ઘોર નરકોંમે પડકર નરકોંકા દારુણ કષ્ટ સહના વોભી અચ્છા; પીર ધનકે ગર્વમે હુએ હુએ સંબંધિ જનોકે ઘરમે જાકે અલ્પ ઉદર ભરના વો બૂરેમે બૂરા કામ હૈ.

પ્રિય હરિચરણદાસ! ધનસેંહી સાધુલોક અનર્થોંકા કૂપમે ગિરકર બહોત દુ:ખ પાતાહે. પાસમેં ધનહોનેસેં સાધુલોકોંકું ભી બડે ભવ્ય મકાનોમેં વાસ કરનેવાલે ગૃહસ્થોં કી રીતિ દેખનેમે આનેસે સુંદર મકાનો બનાનેકી ઇચ્છા હોતીહૈ; જો મકાન બંધાના સો બડા કલેશકા કામ ઔર પાપકા ભંડાર હૈ. પાસમે ધન હોનેસેં સાધુઓકું ભી અચ્છે અચ્છે ભોગ ભુગનેકી ઇચ્છા હોતી હૈ. જિસસેં સાધુઓકા યથાર્થ ધન જો વૈરાગ્ય સો સબ ખલાસ હોજાતા હૈ; જિસસે સાધુત્વસેં ભ્રષ્ટ હોકે પવિત્ર સાધુ ભિ શીઘ્રતાસેં યમપુરીમે યમદૂતોંકા (પ્રાધુણ) મેમાન હોકે અતિ દારુણ કષ્ટ પાતા હૈ પાસમેં ધન હોનેસેં સાધુજનોકી ભી અચ્છે સ્વાદ વાલે મીષ્ટભોજન કી નિરંતર્ ઇચ્છા હો જાતીહૈ, ઇચ્છા પૂર્ણ હોનેસેં ઉનકી સબ ઇંદ્રિયો ભોગ વિલાસમે ડુબ જાતી હૈ. જિસસેં ઓ સાધુ અસાધુ હોકે શીઘ્ર નરકગામી હોતા હૈ સાધુજનોકી પાસમે દ્રવ્ય હોનેસેં ઇનકું અનીતિસેં ભીસુખ ભોગને કી ઇચ્છા હોતી હૈ; જિસસેં યહ સાધુકા નામસેં ભી સાધુ કહલાનેકા અધિકાર નહિ રહતા; ઔર ઓ સાધુ તો ઉભય લોકસેં ભ્રષ્ટ હો

જાતા હૈ. યહ કારણસેં મેરે પ્રિય લાલદાસ ! મેં તુમકું સચ કહતા હું કે મેરેકું કુચ્છભી પેસેંકી ગુરુદક્ષિણા નહિ ચાહિએ. ઔર તુમારે કું ભી બોલતા હું કે ભાઇ કભી ધનકા ગ્રહણ ઔર સંચય નહિ કરણા.

સાધુજનોકું દ્રવ્યસેં કયા અધિક હોતા હૈ ? માત્ર અન્ન ઔ વસ્ત્રકી જરૂર હોતી હૈ, તો સો તો વિશ્વંભર સદાહીં દે રહેં હૈ. ફીર દ્રવ્યકા સંગ્રહ કરકે અનેક ઉપાધિયોંકા રગડામે લોટના હમકું અચ્છા નહિ લગતા. ઇનકે લીયે મેં તો દ્રવ્યકા સ્પર્શ ભી નહિ ચહાતાહું.

મેરે પ્રિય પાઠક હરિચરણ ઔ લાલદાસ? હમારી ગુરુદક્ષિણામેં તો તુમારે ઇતનાહીં દેના હૈ કી, મૈને જો તુમકું અચ્છી તરહસેં જો શીલ(બ્રહ્મચર્ય)વ્રતકા સરહસ્ય ઉપદેશ કીયાહૈ ઉનકા દઢીકરણકે અર્થ જોં જોં શાસ્ત્રોકા બચન તુમારે પ્રતિ બોલે ગયે હૈ, ઔર તુમકું સીખાદિયા હૈ, ઉનકા અર્થભી દીખલાયા ગયા હૈ અથવા તુમારે દોનોકું નિરંતર સ્મરણમે રખનેકા કારણ નિત્યપાઠ કરને કે નિમિત્ત સબ વચનો લિખાદિયા હૈ. અબ મેં ગુરુદક્ષિણામે મંગતા હું કી સો સબ બચનોંકા નિરંતર અર્થ સહિત પાઠ કરના, મેરા સબ ઉપદેશકોં અખંડ સ્મરણ રખના, ઔર તુમારી સાધુતાકા સંરક્ષણ હોનેકે લીયે લુગાઇ લોકસેં દૂરમે દૂર રહેના. ફીર કિંચિતભી વ્યવહાર ઔરત લોકસેં મત રખના. ઔર તુમારે દોનોને હમારે આગે ઐસી પ્રતિજ્ઞા કરની પડેગી કી આપત્કાલમે ભી સ્ત્રીશરીરકા સ્પર્શ નહિ કરના. કભી ભૂલસેં સ્પર્શ હો જાય તબ તીસ દિન ભોજન નહિ કરના. ઐસા મનમે સંકલ્પ કરકે મેરે આગે જલ છોડદો; પીછે તુમારી ઇચ્છાનુસાર ચલે જાઓ. ગુરુકી ઇચ્છા પૂર્ણ કરણી ઓ અચ્છે શિષ્યોકા મુખ્ય કર્તવ્ય હૈ. એહી હમારી ગુરુદક્ષિણા હૈ. સો હી તુમારે દોનોને દેની ચાહિએ.

હરિચરણદાસ—હાં મહારાજ! આપ સચ કહેતે હો. ગુરૂકી આજ્ઞા પાલની એ અચ્છે શિષ્યોંકા ધર્મ હે. તબ મે આપકી આગે દક્ષિણ હસ્તમેં જલ રખકે પ્રતિજ્ઞા કરતા હું કી મહારાજ! ઇસમે કયા બડી બાત હે? મે ચંદા સૂરજ ઔર યહ ભૂમિ આકાશ કી ઔર હૃદયમે રહને વાલા અંતર્યામીકા વિદ્યમાનમે મેં બોલતા હું કે યહ શરીર બડેમે બડી આપત્તિમે ઔર કંઠપ્રાણ હોને પર ભી સ્ત્રીશરીરકા સ્પર્શ નહિ કરે. કભી ભૂલસે હોજાય તો તીન દિન તક ભોજન નહિ કરુંગા.

બળરામદાસ—ધન્ય! ધન્ય! હરિચરણ તેરી વિદ્યા સફળ હોગી. ઔર તેરા સદાહિ રઘુનાજી અચ્છા કરેગા. અબે **લાલદાસ!** તુમ કયા કહેતે હો?

લાલદાસ—મહારાજજી! મે કુચ્છ, ઔર હરિયેકી માફીક આપજો બોલો વોહી સચ્ચ ઐસા માનને વાલા અંધપરંપરામે ચલને વાલા નહિ હું. હમસે પ્રતિજ્ઞા કરકે જલ છોડે નહિ જાય. ઔર ગુરુકી આજ્ઞા તો પાલુંગા. ઔર રામજીકે આશરે બ્રહ્મચર્યવ્રતકા સંરક્ષણ નિત્ય કરુંગા. બ્રહ્મચર્ય—શીલવ્રત પાલનેમે કુચ્છ બહોત તકલીફ નહિ હોતિ હૈ. સાધુ લોગોસે વિનાકષ્ટ બ્રહ્મચર્યકા સંરક્ષણ હોસકતા હૈ. મેં ભી આપકે વચનસે બ્રહ્મચર્યકા પાલન અચ્છી તરહસે કરુંગા. ઇસમે કયા બડી બાત હે? આપકું તો માત્ર કામસેં હી કામ હૈ, ફીર પ્રતિજ્ઞા કરાનેકા ઔર જલ છોડાનેકા કયા પ્રયોજન હે? કુચ્છ નહિ, મહારાજજી! આપકી પાસ જો કુચ્છ મેં બોલું ઇસસેં કુચ્છ બૂરા નહિ માનના. મેં તો વિચાર કરકે સચ્ચ કહને વાલા હૂં. આપ બોલતે હો કી સ્ત્રીયોસેં બહોત દૂર રહેના, સ્પર્શ મત કરના, ઔર કુચ્છભી વ્યવહાર નહિ કરના તો મે કહતાહું કી આપકી ઐસી ગુરુ દક્ષિણા મોસેં નહિ દી જાય. કયોંકી સ્ત્રીસોગ હે સો કુચ્છ ભૂત,

પ્રેત, કી ડાકિની શાકિની હૈ ? સો દેખને માત્રસેં હી આદમીયોંકે શરીરમે ધુસ જાતિ હૈ ? ઔર કુચ્છ રાક્ષસી ઔ બાધન હૈ સો પુરુષોકું માત્ર ગંધ આનેસેં હી ખાજાતિ હૈ કયા ? ઔ હમારે જેસે સાધુલોકકું કુચ્છ રંડિયોકા ડર લગતા હે ? જીસસેં દૂર રહા જાય. જિસકા મન સુદ્દઢ હૈ ઇનકું લુગાઇ કયા કરસકતી હૈ. મેં ઓ હરિઆ જેસા નહિ હું કી આપકી પાસ ઝટ પ્રતિજ્ઞા કરકે જલ્દ છોડ દઉંગા. શીલવ્રત પાલને મે બડી બાત હૈ કયા ? કી મહારાજ આપ ઇતની બધી તકલીફ લેતે હો. ઔર આપકું જો કુચ્છ પૈસા ટકા ચહિએ તો બોલો મેભી જબ અપની શીખાઇ હુઈ વિદ્યાસેં કીતનેક હરિજનોકું શિખાઉં ઔર કથા સુનાઉં ઇસમેસેં મેરેકું બહોત પૈસા મીલેગા. ઇસ બખ્ત તુમારી ગુરુદખ્છિણા ચરણોંમેં ધર દઉંગા.

બળરામદાસ—અચ્છા, અચ્છા, ભાઇ! જબ તુમારી પાઠપર માયાકા સોટા લગે જબ મેરેકું યાદ કરના. અબ તેરેકું કુચ્છભી જાદા કહનેમે મેં સમર્થ નહિ હું. તુમ જાનો ઔર તુમારા કર્મ જાને.

એ પ્રમાણે અયોધ્યામાં ગુરુ **બળરામદાસ** અને તેમના વિદ્યાર્થી શિષ્ય **હરિચરણદાસ** અને **લાલદાસ** વચ્ચે પરસ્પર સંવાદ થયો.

તે પછી **હરિચરણ** અને તેના ગુરુ **બળરામદાસ**, એ બે જણા પોતાની ઇચ્છાનુસાર અયોધ્યાથી કાશીજી ઉપર થઇને હરિદ્વારની યાત્રાએ સિધાવ્યા. અને **લાલદાસ** ત્યાંથી ગુજરાત અને કાઠિયાવાડના સંધિપર એક આશરે બસેં ત્રણસેં ઘરોની વસ્તીવાળું **રાણીપુર** નામનું ગામ હતું ત્યાં આવ્યો. તે ગામ એકલી કણબી—ખેડુતોની વસ્તીવાળુંજ હતું તે ગામની ભાગોળે એક કૂવો તથા નાની ધર્મશાળા હતી. તે જોઈ લાલદાસે રાત્રિએ તે ધર્મશાળામાં પોતાનો ઉતારો કર્યો. ગામના લોકો બહુ દયાળુ અને અતિથી—અભ્યાગત કે

કોઇ પ્રવાસી (મુસાફર) આવે જાય તો તેનો સારી રીતે સત્કાર કરે એવા હતા. તેથી તેમણે અભ્યાગતનો સત્કાર કરવા માટે પોતાના ગામનો એક કાનોપટેલ કે જાતે પરમાર્થપર પ્રીતિવાળો અને ઇશ્વર ભક્તિમાં શ્રદ્ધા વાળો તથા હૃદયનો નિષ્કપટી પ્રપંચના સંસ્કારોથી રહિત હતો, તેને આવ્યા ગયા પ્રવાસીની સંભાળ લેવામાટે નિમી મેલ્યો હતો. તે રાત્રિએ આઠ વાગે ને સવારના આઠ વાગે ધર્મશાળામાં જઇ, આવેલા પ્રવાસીને ભોજનમાટે ગામમાં વારા કરેલા હતા તે જેને ઘેર વારો હોય તેને ત્યાં જમવામાટે આવેલા પ્રવાસીને મેલી આવતો હતો. તેમાં ગામના લોકો બધા કણબી તેથી જે પ્રવાસીને પોતાનું રાંધેલું ખપે તેને રાંધેલા અન્નથી જમાડતા, ને કોઇ પોતાનાથી ઉચ્ચવર્ણના પ્રવાસિઓ હોય કોઇ બ્રાહ્મણ કે સાધુ હોય તો તેને માટે તે વરવગુીના ઘરનાં બધરાં તાંબા—પીતળનાં અજવાળેલાં બેડાંથી ચોખું પાણી ભરી લાવી તે પ્રવાસીને અપક્વ અન્ન (રાંધ્યા વિનાનું કાચું અન્ન) આપી હાથે રાંધી જમવામાટે વિનંતી કરી, રહે ત્યાં સુધી સાંજ સવાર જમાડતા હતા.

પોતાના નિયમ પ્રમાણે આજે પણ તે કાનો પટેલ ધર્મશાળામાં ગયા તો ધર્મશાળામાં લાલદાસજી મહારાજને તેમણે જોયા.

લાલદાસજી મહારાજનો સ્વભાવ ઘણો દાંભિક અને પ્રપંચી હતો. થોડે ઘણું દેખાડવું તથા પોતાને સિદ્ધ મનાવી, લોકો પોતાને સારું માન આપે તથા સેવા સર્ભરા કરે ને પૂજ્યભાવે માને, તેથી પોતાના મનમાં આનંદ માનતા હતા.

લાલદાસજીસાધુ તો કાનાપટેલને પોતાના ભણી આવતા જોઇ પોતાની એક ચાદર લઇ મોઢે માથે ઓઢી પલોંઠી વાળી ને જાણે કોઇ મહાપુરુષ ધ્યાનમાં બેઠા હોય એવો ડોળ કરીને બેઠા.

એવામાં કાના પટેલે આવી તે **લાલદાસને** માથું નમાવી કહ્યું કે–જે જે સીતારામ, મહારાજ.

લાલદાસ—[ઓઢેલું લૂંગડું કાઢીને] અરે સસુર! તું કોન હે? નહિ જાનતા કી હમ સમાધિ લગા કે ઈશ્વરકે દરબારમેં જારહેથે ઔર વહાં હમારી સુરત શ્રીકૃષ્ણકી રાસલીલા દેખને મેં લીન હો-રહીથી. અબ તું કહાંસે આયા? ઔર સીતારામ કરકે હમકું સમા-ધિસેં કિસવાસ્તે જગાયા? મૂર્ખ! તું નહિ સમજતા કી જીસ બખ્ત સંતલોક સમાધિ લગાકે ઈશ્વરકી સાથ એક તાર જમાદેવે તબ ઇનકું જગાને સેં બહોત પાપ લગતાહૈ?

કાનો પટેલ—બાપલા ભૂલી ગીયો, હું કાંઇ પણ હમજ્યો નહિ કે આપ જેવા શંતે શમાધી લગાવી સે; તી ઇમને ના જગાડાય. પણ મહરાજ! તમે તો અટાણા સુધી ઉઘાડે મુદે બેઠાતા ને અબ ઘડિએજ સાદર ઓઢી લીધી. ત્યારે મે કીધું કે મહરાજને કાંઇક જીવાતે (માંખો કે ડાંસે) દખ દીધું, તેથી ઓઢીને બેઠા. ભલે પરહુ, ભલે. ગામનાં ધન ભાયગ આપ જેવા શંતે દરશન દીધાં ને ગામને પાવન (પવિત્ર) કીધું.

લાલદાસ—અચ્છા ફીર ઐસા મતકરના.

પછી **લાલદાસ** પોતાની પંડિતાઇ પ્રસિદ્ધ કરવામાટે ને પોતાની દુકાન જમાવવામાટે બેચાર તુલસીકૃતરામાયણની ચોપાઇઓ મોઢે ગોખી રાખી હશે તે બરાબર ઉંચા સાદે લલકારવા મંડ્યા.

“આગે ચલે બહુરી રઘુરાઈ, ઋષ્યમુખપર્વત નિયરાઇ;
તહંરહ સચિવ સહિત સુગ્રીવા, આવત દેખી અતુલબલ સીંવા.”

કાનો પટેલ—ભલે પરહુ, ભલે. આજતો મનખો પાવન થીઓ. બાપલા! એનો જરા માયનો હમજાવો.

લાલદાસ—તેરા નામ કયા?

કાનોપટેલ—બાપજી ! મારુ નામ કાનો.

લાલદાસ—અચ્છા તું ભી બડા હરિજન લગતાહૈ.

કાનોપટેલ—આપ જેવાની કીરપા મહરાજ.

લાલદાસ—અચ્છા. કાનિઆ ! અબ સુન.

ઇસ પૃથ્વીપર તુલસીદાસ મહાત્મા આગે કા સમયમે હો રહેથે, ઉનોને રામકથા બનાઇ હૈ, ઔર શીલમહિમા નામકે ગ્રંથભી બનાયા ! હૈ. હમ અચ્છિ તરાસેં ઓ દોનું ગ્રંથ પઢાહું ઔર કોઇ લાયક પઢને વાલા મીલે તો પઢાનેકી ભી અભિલાષા રખતાહું. ઔ કોઇ સુન્ને વાલા મીલે તો ઇસકી કથા ભી સુનાનેકી મેરી ઇચ્છાહૈ.

કાનોપટેલ—તમારી ઇચ્છા પૂરી કરનાર કોઇ હરિનો લાલ મળી રહેશે પણ બાપલા ! તમે જે બોલ્યા તે વેણનો માયનો કાંક મને આજ હમજાવો બાપલા મારો તો આજનો દી લેખે લાગે.

લાલદાસ—કુછ ફીકર નહિ સુન. ફરી એની એ ચોપાઇ લલકારીને બોલ્યા દેખ કાનિઆ ! ઇસકા ઐસા માયના હૈ કી જે કોઇ સંત મીલે ઉનકું અપને ઘરપેં લે જાના, ઔર બહોત અચ્છી તરાસે ઉનકું લડુવા, સીરાપુરી, ઔ કાલીરોટી, બનવા દેકર બહોત ચકાચકી કરાના ચાહીએ; ઔર પીછે સંતકે મુખસેં કથા સુન્ની ચાહીએ. ફીર સંતકી સેવા કરકે ઉનકે ચરણોંમે અચ્છી ભેઠ ધરની ચાહીએ. કયા કથા કુચ્છ મુફત સુન્ની ચહાતા હૈ ? ઐસા નહિ બને.

કાનોપટેલ—બાપલા ! ત્યારે હાલો મારે ઘરે તાં રશોઇ પાણી કરી મારા પરહુને ધરાવીને પાઓ. તે પછી બે ઘડી વીશામો લઇ મને કાંઇ શાસ્તરના બે બોલ હંભળાવો.

લાલદાસ—હાં ઐસાહી હોના ચાહીએ.

પછી કાનાપટેલે લાલદાસની ઝોળી તથા પાણીનું તુમડું

લઇ લીધું. ને લાલદાસ પોતાની પાસે એક પીતળના બાલજી, શા-ળીગરામ, ઘંટડી ને એક શંખ એટલી દેવસેવા હતી તે એક ઇંટ ઉપર લૂગડાનો કટકો પાથરી મૂકી હતી, તે સહિત દેવસેવા લઇ કાના પટેલને ઘેર લાલદાસ ગયા. ને ઓશરીમાં ઉતારો કર્યો. કાનાપટેલે તે ઓશરીમાં મહારાજની ઝોળી ભરવી ને તુમડું પણ જરા પાણી છાંટી નીચે મૂક્યું. લાલદાસે તુમડામાંથી થોડું પાણી છાંટી દેવ-શેવા નીચે મૂકી. પછી કાનાપટેલે પોતાના ઘરના માણસોને કહ્યું કે,

કાનોપટેલ—અલ્યો ઘરમાં કોઇ સોકે? જૂઓ જૂઓ આપણે ઘરે પરહુ (પ્રભુ) પધાર્યા સે કાંઇ દરશ પરશ કરી લ્યો.

માણેકબાઇ (કાનાપટેલની વહુ)—હરખ ભેર આવી ને 'બાપલા જે જે સીતારાંમ' કહી પગે લાગી, ને ચરણુસ્પર્શ કરવા ગઇ કે તુરત લાલદાસ બોલ્યા.

લાલદાસ—હાં, હાં, અરે! અરે! હમકું મત છોના. સ્ત્રી લોકકા સ્પર્શ હોનેસે હમારે ઉપવાસ કરના પડતા હૈ.

કાનોપટેલ—વાહરે વાહ ધન સે બાપલા ધન સે તમને. આતો હાસે હાસા શંત દીઠા. મારો મનખો પાવન કીધો. હવે થી-શું, તમે જરા વહુરૂઓને બરકો (બોલાવો) કે મારા પરહુનાં દર-શ પરશ કરી લે.

માણેકબાઇ—વહુરૂઓ આ ઘરમાંજ બેઠી સે; અબઘડી આવશે.

કાનોપટેલ—મોટી વહુ! નાની વહુ! તમે આ મહરા-જનાં દરશ પરશ કરી લ્યો; ને પછી ભરામણીયું પાણી ભરી આવો કે મહરાજ રશોઇ બનાવી આપણા ઘરનો ભોગ ઠાકોરજીને ધરાવે.

પછી બન્ને વહુઓ ઘુંઘટાતાણી ત્યાં આવી મહારાજને પગે લાગીને એક પડખે બેઠીઓ.

પછી લાલદાસ બોલ્યા કે કાનાપટેલ! તેરેકું લડકા કીતના ?

કાનોપટેલ—બાપજી પરભુના દીધેલા આપના બે દીસરા સે. ખેતર પાધર ગીયા હશે તે અબઘડી આવશે.

લાલદાસ—અચ્છા આનેદો. યે તેરે લડકેકી જોરુઓંકા કયા નામ હૈ.

કાનોપટેલ—બાપજી! મોટી વહુનું નામ તો પારવતીવહુ સે, પણ અમારા ગામડાના લોકને એ શહેરી નામ મૂઢે ન સદે માટે બધાં પાલીવહુ કહેસે ને નાની વહુનું નામ તો લાડકીવહુ સે.

લાલદાસ—હાં પાડીવહુ ? ઓ નામ તો અચ્છા. દેખનેમે ભી પાડેકે જેસી લગતી હૈ.

કાનોપટેલ—નહિ, નહિ, બાપજી! પાડી વહુ નહીં; એનું નામ પાલીવહુ, પાલીવહુ.

લાલદાસ—હાં હાં સસુર, મે ભી ઐસાહી બોલતા હું કી પાડીવહુ.

કાનોપટેલ—બાપલા! વહુને ખોટું લાગે; એમ તો ના બોલાય.

લાલદાસ—કયું નહિ બોલાય ? સસુર!

વ્યાકરન શાસ્તરમે કહા હૈ કી:—

[અપભ્રંશ થયેલી બાવાલોકોની જાડી ભાષામાં.]

*૨ લ જો ડ લ જો ચૈવ, સ સ જો બ જો તથા

---

*रलयोर्डलयोश्चैव शसयोर्बवयोस्तथा ।

वन्त्येषां च सावर्ण्यमलंकारविदो जनाः ॥

ભાવાર્થઃ—ર અને લનું, ડ અને લનું શ અને સનું તથા બ અને વનું અલંકાર શાસ્ત્ર જાણનારા પુરુષો સાવર્ણ્ય (સમાનપણું) કહે છે.

બદન્ત્યેખાં ચા:સાબર્ણ્યં, મલંકારબીદોજના.

રકારકા લકારકી સાથ: ડકારકા લકારકી સાથ શકારકા સકારકી સાથ ઔ વકારકા બકારકી સાથ સાબર્ણ્ય હો જાતા હૈ.

ઇસકે લીયે પાલી વહુ ઇસ નામમેંસે લડારકા ડકારકે સાથ સાબર્ણ્ય હોતાહે; ઇસ કારણુસેંમે ઉનકા નામ પાડી વહુ બોલતા હું. શાસ્તરસે જો હોવે ઇસમે કીસીકા ભી ચલે નહીં.

ઔર જો તેરી છોટી (નાની) બહુકા નામ લાડકી બહુ હૈ ઇસકા જથારથ અર્થ તું જાનતા હૈ ?

કાનોપટેલ—ના બાપજી ના, મને તે તમ વના આવો ગુઢારથ કોણ હંભળાવે ?

લાલદાસ—કાના ! દેખ તું બડો ગંવાર હૈ. અબ સુનં, લાડકીબહુ એસા નામમેં ભી જો ડકારહે ઉસકા લકારકી સાથ સાબર્ણ્ય હુવા જિસસે લાલકી બહુ ઐસા કહા જાતા હે. ઈસકા તાત્પર્જ ઐસા હૈ કી, લાલ નામ જો લાલદાસ સાધુ, ઇસકી જો જોરૂ ઇનકું લાડકી બહુ કહાતા હૈ. ઇસ કારણુસેં તુમ સબ લાલકી વહુ કહકર બુલવાઓ. ફીર મેં તો મેરી બહુ, મેરી બહુ, કહકર બોલુંગા. કયોંકી હમ જો સાધુલોક હૈ ઓ કભી મરજાવે ફીર જૂઠ ઔર અશુદ્ધ નહીં બોલે, જો જથારથ બ્યાકરનકા દોષ જીસમે નહિ હોવે ઐસા સુધ નામહીં બોલે. હમારે કયા કુચ્છ સંસારકી પરવા હૈ ? જો અસુદ્ધ બોલે?

કાનોપટેલ—ગરુજી એમાં તે દોષ શેનો ?

લાલદાસ—ઓ નહીં, પાલી બહુમે લકારકા ડકારકી સાથ

ઔર લાડકી બહુમે ડકારકા લકારકી સાથ સાબર્ણ્ય હોતા હે સો કીસ રીતિસે છોડા જાવે ?

કાનોપટેલ—મહારાજ ! હાબર એટલે શું હશે ?

લાલદાસ—સાબર નામ એક જાતકા હરિણ હોતા હે.

કાનો પટેલ—એ મારા બાપલા મારો કાંઇ વાંક ધનો હોય તે ખમા કરજો, ને મારે તો મારી વહુઓનું હાબર કે હરણ કાંયે કરવું નથી. જોજો એવું કાંઇ અટકસાળું કરતા?

લાલદાસ—જો બ્યાકરન શાસ્તરસેં હોવે ઇસમે કીસીકા ચલે નહીં.

કાનોપટેલ—બાપજી ના સાલે તો ગામમાં ઘણુંએ બઈરાં સે તીમનું હાબર, હરણ કે રોઝ જે કરવું હોય તે કરો. હું તો ગરીબ માણહ સું મારે કોઈની વહાર કે મદદ નથી. એક સીતાજીનું રાવણે હરણ કીધું તું તો તે રામસંદરજી લખમણજી જેવા પરતાપી હતા તથા પડખે હનમાનજી હતા તો બધાં હારાં વાનાં થયાં પણ મારી વહુઓનું તમે હાબર કે હરણ કરો તો મારી વહાર કરે એવું કોએ નથી. માટે બાપલા કીરપા કરીને એવું કાંઇ કરશો નહીં. એ વહુઓ તો એનાં માબાપને હોનાના પાઢની છે તે મને હખે હાહ પણ નો લેવા દીએ.

લાલદાસ—તેરી વહાર ઔર મદદ હમ કરેંગે. હમારા અવતાર રામચંદ્રજીકાહી હૈં. દેખ કાના ! મેં સચ કહેતા હું. રામચંદ્રજી કછોટા બાંધતાથા ઐા મેં ભી લંગોટી રખતા હું. રામચંદ્રજી ધનુષ બાણ હાથોંમે ધારણ કરતેથે મે ભી કપાલમે જો ઇક આડા (બાંકા) નવડાકે માફીક વા તાજુવેકી માફક તીલક કરતા હું ઇસકું ધનુષ જાનના. ઔર બીચમે જો શ્રી કરતા હું ઓ બાણ જાનના. એહી અમારા રામાવતારકા ચિન્હ હૈ. ઔર રામચંદ્રજી જ-

ટાકા મુકટ બાંધતેથે તૈસે શીરપર દેખ જટા બાંધી હુઇ રખતા હું. ઔર રામચંદ્રજી ઘનશ્યામથે તો મે ભી લોહે કે તવેસેં (લોઢીથી) જાદા ગૌર (ગોરા) નહિ હું. દેખ મેરેમે રામચંદ્રજીસેં કોન ખામી લગતી હે ? કુચ્છભી નહિ. કાના ! તુમ મત ડરો હમ તેરી સહાય કરેંગે.

કાનોપટેલ—પણ એવું ઉંડા પાણીમાં શું કામ પેહવું પડે? મારે તો વહુઓાને સે એવી ને એવી રહેવા દેવીસે હાબર કે હરણુ કાંઇએ કરવું નથી.

લાલદાસ—કાના તું હમકું કાયકું ઇધર લાયા.

કાનો પટેલ—શંતની શેવા કરવા.

લાલદાસ—તબ ઐસા કાયકું બોલતા હૈ ? હમારી જો મોજ હોવે સો કરેંગે.

કાનો પટેલ—મોજ તે વહુઓાનું હાબર કે હરણુ કરવાની? ને ફાવે તેવું બોલવાની ?

લાલદાસ—હાં, હાં; હમારી મોજ તો ઐસી હૈ. જહાં સાબર્ણ્ય હોવે તહાં કરલેવે; ઔર સુદ્ધ ભાષા બોલે. સાબર્ણ્ય હોનેસે પાલી વહુકું પાડી બહુ ઔર લાડકી બહુકું મેરી વહુ કહકર બોલુંગા.

કાનોપટેલ—બાપજી તમે ભણેલા ગણેલા માતમા થઇને આવી હઠ કરો એ ઠીક કહેવાય ? વહુઓાને દખ લાગે.

લાલદાસ—દુઃખ લગે જબ ચલી જાય, હમ તો ઐસા હી બોલેંગે.

કાનો પટેલ—વહુરૂઓ હાસી જાય તો મારા બેય ઠીસરા ભીખ માગે.

લાલદાસ—ભીખ મંગે જબ હમ ઓ દોનુંકું ચેલા બનાકર લે જાવે.

લાલદાસનાં આવાં સાધુતાને નહિ પણ કોઇક કામી, રાગી અને લંપટ વંઠી ગયેલા પુરુષને ઘટે એવાં દુષિત અને હલકાં વચનો સાંભળી, લાડકી વહુ પોતાની જેઠાણી અથવા મોટી બેન પાલીવહુને કહેવા લાગી કેઃ-

મોટી બેન ! આ મારો રોયો ભાદરવામાં લીલું ખડ સરીને વકરેલા આખલા કે પાડા જેવો આ બાવો જુઓને, રોયો કોક ધૂતારો ને ઢોંગી દેખાય સે. રોયો તમને પાડીવહુ ને મને એની વહુ કહીને બોલે સે. એની વહુ કોણ થાય ? વહુ કરે એની માને કે એની બેનને. દાઝ તો એટલી સદે છે કે તમે ને હું બેય થઇને રોયાને સાંબેલે ને સાંબેલે સડી નાખીએ તોય દાઝ ઓલાય નહીં.

પાલીવહુ—લાડકી ! નાચનારનો પગ ને બોલનારની જીભ હુખનાં રહેજ નહિ. ભોગ એના, એ જાણે ને એનાં કર્મ જાણે. એવા ધૂતારા નવલોહીઆ અને સંસારની માયામાં રસી પસી રહેલા ઢોંગી લોકમાં પવિતર બુદ્ધિ, વેરાગ અને સાધુતા, ક્યાંથી હોય ?

લાડકી—તારે એવા મારા રોયા સાધુ શા સારુ થતા હશે ?

પાલીવહુ—બેન ! સાધુ શાંના એ ? આતો કળજગ સાસે સે તે એવા ભૂખે મરતા લોક લંગોટી વાળી, કપાળમાં ગોપીસંદનનો નવડો કાઢી, કોટમાં માળાઓ ઘાલી સાધુ બની જ્યાં ત્યાં માગી ખાય; લોકો ઈશ્વરને બાને ખવરાવે. તેમાં પણ ઘણાતો વેવારમાં દુઃખ પડવાથી, દેવું બહુ થઇ જવાથી, રળવાનો મારગ ન સુઝવાથી, ઘરમાં વઢકારી બાયડી હોવાથી, કે દુનિયામાં કોઇને કાંઇ દઃખ પડે એટલે બાવા થઇ જાય. બેઠે બેઠે ખાવું હોય ને હાડકાં તોડીને મહેનત જેનાથી ના થતી હોય એ બાવા થાય. મફતીઓ માલ ખાવાનો હરામસરકો પડયો હોય તે બાવા થાય. પેટભરવા બાવા થયા હોય તેનામાં ધર્મ નીતી જ્ઞાન કે ભક્તિનો ગંધ પણ

ક્યાંથી હોય ? આપણાં સાસુ સસરો ઘણા જૂના વિચારનાં, વિશ્વાસુ, તથા અંધશ્રદ્ધાવાળાં છે. તે જ્યાં ત્યાંથી જેને તેને લાવીને રોટલો ખવરાવે સે. ભલે, એ બાને કોઇનો આત્મા શાંત થાયછે ? ને કોઇ પણ અભ્યાગતને ઈશ્વરને બાને અન્ન અપાય તથા કાંઇ ધર્મ પૂણ્ય થાય તો તેથી ઘરધણીનું કાંઇ ખૂટી જતું નથી. આપણા પીરમાં આપણાં માબાપને ઘરે પણ ધર્મ–પૂણ્ય કથા વાર્તા અને સાધુસંતની સેવા થાય સે; પણ તે બધું દૂર રહીને પણ આંગણે લાવીને આવી પ્રેમ-ઘેલી ભક્તિ કોઇ કરતું નથી. ગમે તેને પણ અન્ન આપવું પણ માણહની પરીક્ષા કર્યા વિના પોતાને ઘેર લાવી આવાં અઘટિત વસનો હાંભળવાં નહીં. આતો કોઇ સાધુ નજરે દેખે સે કે ડોહો ને ડોશી ગાંડાં ઘેલાં બની જાયછે. ને આવા અણવિંધ્યા આખલા ઘેર લાવી છૂટે મોઢે ખવરાવે સે. કોઇને પણ કાંઇ ખવરાવ્યાથી ઓસું થતું નથી પણ પાત્રપરીક્ષા થતી નથી. બાકી ઘણા કૃપણ માણસો એમ ગણે છે કે દાનપુન્ય કરવાથી ધર્મ પાલન કરવાથી કે અતિથીને અન્ન આપવાથી ઘરમાં ઓસું થાય ને ખૂટી જાય, પણ એન તેમ ક્યારે પણ હમજશો નહિ. કહ્યું છે કે:

> તુલસી પક્ષીન કે પીએ, ઘટે ન સરિતા નીર;
> ધર્મ કીજે ધન ના ઘટે, સહાય કરે રઘુવીર.

મહાત્મા તુલસીદાસજી કહેછે કે,—પક્ષીઓના પાણી પીવાથી જેમ નદીઓનાં નીર ખૂટતાં નથી; તેમ દાનપૂન્ય ધર્મ કરવાથી ગૃહસ્થનું ધન ઘટી જતું નથી પણ શ્રી રઘુનાથજી તેમાં સહાય કરે છે જેથી તે ધન તો દિન પ્રતિદિન વૃદ્ધિ પામે છે.

મને એ લાલદાસ પર અદેખાઇ નથી આવતી પણ એને મોઢે બોલવાની લગામ નથી. માટે મારે મોઢે સઢીને બાપાને ને બાઈજીને કહેવું પડશે કે ભલે મહારાજને રાખી નિત્ય જમાડો, કથા-

વાર્તા સાંભળો, સત્સંગ કરો; પણ તેમનો ઉત્તારો ક્યાંક અલગ રાખો. એમના સુટે મોઢે બોલવાથી અમે લાજી મરીઇ સીએ.

લાડકી—મોટી બેન! તમે હારો વસાર ધાર્યો. એમ કર્યા વિના આ સાલ નહિ જાય. મે પણ એમજ સાંભળ્યું છે કે માથે ટોપી ઓઢીને બાવા થાય તે સંસારમાં રળવા ખપવાના ઉચાટથી સુટી સુખે પેટ ભરે સે.

ટોપી મેલ્યે ત્રણ ગુણ, નહિ વારો નહિ વેઠ,
બાવા બાવા સૌ કહેને, સુખે ભરે પેટ.

ટોપી ઓઢી સાધુ થવામાં ત્રણ ગુણ થાય સે. ગામના કોઇ પણ કામ કાજમાં કે મેમાનને જમાડવાનો વારો પણ તેને ભરવો પડે નહીં, ને ગામની કે રાજની કોઇની વેઠ પણ કરવી પડે નહીં ને સર્વ માણસો બાવાજી મહારાજ કહીને પગેલાગે ને સુખેથી પેટ ભરાય.

એ પ્રમાણે બન્ને જણીઓ પરસ્પર વાત કરી હસીને ઘરમાં ગઇઓ.

લાલદાસ—અબે કાનાપટેલ તેરે લડકેકી વહુઓ ઘરમે જાકર કયા ધુસ-પુસ કરતી હે.

પાલીવહુ—બાપજી! તમારા વેરાગનાં ને ભણતરનાં વખાણ કરીઇ સીઇ.

માણેકબાઈ—એતો ઠીક, પણ હવે સોખ્ખું ભરામણિયું પાણી બે બેઢાં ભરી લાવો, બેઢાં ઉટકીને.

લાડકીવહુ—આ પાણી ભરવા હાલ્યાં.

બે વહુઓ એકજ માબાપની દીકરીઓ હતી તેમાં પાલી વહુ મોટી ને લાડકી નાની હતી. તે બે સગી બેનો ઘર સારું હોવાથી કાનાપટેલના બે દીકરા સાથે તેમનાં માબાપે પરણાવી હતી. કાનાપટેલનો મોટો દીકરો વણારસી ને નાનો કીશોર નામે હતો.

તે વણારસી સાથે પાલીવહુ, ને કીશોર સાથે લાડકીવહુ પરણેલી હતી. વણારસી ને કીશોર પોતાના શેલડીના ખેતરમાં કોસ ફેરતો હતો તે મધ્યાહ્ન થયા એટલે કોસ છોડીને ઘેર આવ્યા. તેમને જોઇ કાનાપટેલે કહ્યું કે આવરદા તો બેયનો ઝાઝો સે, હંભારતાવેત આવી તો પહોંચ્યા, હ્યે ઠીક થીયું. આ મહારાજનાં દરશ પરશ કરીને મનખો પાવન કરો. એમ જ્યારે કાનાપટેલે કહ્યું ત્યારે વણારસીએ તથા કીશોરે મહારાજના પગમાં માથુ નમાવી જે જે સીતારામ કહીને પગે લાગ્યા. ત્યારે લાલદાસ બોલ્યા કે બચ્ચા જે સીતારામ શ્રીરામજી તુમ દોનોકું બહોત જીતા રખે.

એટલામાં તો બેય ભરજુવાન અને ઘણી રૂપાળી બન્ને વહુઓ તાજા ઉટકેલાં તાંબાનાં બેઢાંમાં પાણી ભરીને ત્યાં આવી પહોંચી. તે વહુઓને જોતાંજ મહારાજ તો બેભાન જેવા બન્યા ને તુરત ઉઠીને સામા તે બેઢાં ઉતારવા ગયા એટલે પાલીવહુ બોલી કે પરા રહો; અમને અડતા નહિ, અમારાં બાઈજી બેઢાં ઉતારશે. એટલામાં માણેકબાઇએ આવી એક ઘડામાંથી થોડું પાણી જમીનપર છાંટી બેઢાં મૂકાવ્યાં.

વણારસી તથા કીશોર મહારાજની પાસે બેઠા હતા તથા કાનોપટેલ અને માણેકબાઇ બેઠાં હતાં તેથી વહુઓ ઘરમાં જઇને બેઠી.

લાલદાસ—કાનાપટેલ તું હમકું એકીલા જલ પીલાનેકું મંગતા હૈ?

કાનાપટેલ—નહીં મહારાજ! આપને જે જોવે તે માગી લ્યો બાપલા! ઘર તમારું સે.

લાલદાસ—જબ તો આજ હમકું પક્કી રસોઇ દેકર બહોત ચકાચક્કી કરાના ચહીએ. દેખ પક્કા અઢાઇસેર (પાંચશેર) આટા, પક્કા દોસેર (ચારશેર) ઘી, આર પક્કી ડેઢસેર સક્કર ઔર

તેરી શ્રદ્ધા હોવે ઇતના ચાવલ ઔર દાલ દેદે; ઔર કુછ ચહીએ નહિ.

કાનાપટેલે માણેકબાઇને કહ્યું કે, મહરાજ માગે ઇ લાવીદ્યો.

લાલદાસ—કાના ! અબ પાડીબહુ કહાં ગઇ હમકું ગોબર (ગાયનું છાણ) લાદેવે. તબ કુચ્છ ચોકા તો જમાવે. ઔર મેરી બહુ (લાડકી વહુ) કું બોલો કી હમકું સરપન લાદેવે.

કાનોપટેલ—બાપજી જે કહેવું હોય તે મને એકલાને કહો પણ વહુરૂઓને કાંઇ ના કહેશો. મારા દિસરા બેય વહમા સે માટે માફ કરો.

લાલદાસ—ચલ સસુર ! નુવરે ! કયા બેલકી માફક બોલતા હે ? હમ કુચ્છ જૂઠ બોલતે હે ? જો શાસતરસેં હોતા હૈ સો બોલતે હૈ. હમ કભી પાડીબહુકું પાલીવહુ ઔર મેરી બહુકું લાડકીવહુ નહીં બોલે. બ્યાકરનસેં જો હોવે સો બોલે, અસુધ હમ નહીં બોલેંગેં તુમ કુછ હમારા ગુરુ હો ? તેરા દોનું લડકા ઐસા હૈ, જબ યે દોનોકી ચકલી બનાકર ઉડા દઉંગા. ફીર સસુર કયા કરેગા ?

કાનોપટેલ—લ્યો ભલે, બાપલા ! તો હવે નહિ બોલું; પણ મારા દિસરાઓની સકલી બકલી ના કરશો.

પછી પાલીવહુએ ગાયનું છાણ લાવી આપ્યું ને લાડકી વહુએ છાણાં લાકડાં લાવી દીધાં. તથા માણેકબાઇએ વાસણ અને શીધું લાવી આપ્યું.

લાલદાસે નાહીને રસોઇ કરવા માંડી પણ પોતાના મનરૂપ પારધીએ પાલીવહુ અને લાડકીવહુના શિકારનું ચિંતન કરવા માંડયું. મહારાજે તો દાળ, ભાત અને લાડુ બનાવી દીધા પછી ઠાકોરજીને ઘંટડી વગાડી ભોગ ધરાવી દીધો. ને પોતાના ભોજન પાત્રમાં લાડુનાં નંગ પંનર પહેલેથી ગોઠવીને ગોળીબાજનો ખેલ આરંભ્યો. પાસે **કાનોપટેલ** મહારાજને આગ્રહ કરવા બેઠા. મહારાજે પન્નર

લાડવા તો પોતાના પેટરૂપી પેટીમાં જોત જોતાં ગોઠવી દીધા. પછી **કાનોપટેલ** બોલ્યા ભલે ઠાકર મહરાજ હું કંગાલ કયાં ને આવા શધ પુરૂષ કયાં બાપલા જમો જમો. એક લાડવો મારાવતીનો બાપલા લ્યો. **લાલદાસ** કહે કયોં હમસે તેરા અપમાન હો સકે ? ઐસા નહિ બને. તેરા બી નહીં, ઔર તેરે ઘરકા સબ માણસોકા અપમાન હમસે નહિ કીઆ જાવે.

દેખ કાના એક લડુવા તેરા નામકા લેતા હું, ઔર દુસરા માણેકબાઇકા લેતા હું, ઔર દો લડુવા દો બહુઓકા લેતા હું, ઔર ફીર લડકેકા દુ:ખ લગે ઓ બી અચ્છા નહિ, તો ફીર દો લડકેકા નામસે એક લડુવા લે લેતા હું. એ પ્રમાણે મેળ મેળવીને મહારાજે પન્નર પહેલાં પૂરા કર્યા હતા ને બીજા પાંચ ગોઠવ્યા. વીશે લાડુ પોતાની ઉદર પેટીમાં જમા કર્યા પછી ઇચ્છાનુસાર દાળભાત લઇ મહારાજે મુખ પ્રક્ષાલન કર્યું.

તે પછી મહારાજ બોલ્યા અબ કાના ઠાકોરજીકું હુક્કા ધરાના ચાહિએ [લાલદાસજીને તમાકુ ચીલમ અને હોકાનું મન થયું હતું.]

કાનોપટેલ—બાપલા ઠાકોરજીને હોકો ધરાવાય ?

લાલદાસ—હાં, હાં. શાસ્તરમે દિખલાયા હૈ તો કયોં ન ધરાવે.

કાનોપટેલ—એવું તે બાપજી ચીઆ શાસ્તરમાં ઠાકોરજીને હોકો ધરાવવાનું કીધું હશે.

લાલદાસ--સસુર નહિ જાનતા ?

ગીતાજીમે ભગવાન શ્રીકૃષ્ણજીને શ્રીમુખ અર્જુનકે પ્રતિ ઉપદેશમેહી કહા હૈ કી:—

§ ફત્રં કુસ્પં ફલં તોજં, જો મે ભજતા પ્રજચ્છતિ;
તદહં ભકતુપજતં મંછ્યંનામી પજતાત્મનો.

અથ ઇસકા જથારથ અરથ સુન;—

ફત્રં ફત્ર નામસેં તમાકુ (બજર) કા પત્તા, કુસ્પ નામસેં જો સદાશિવ મહાદેવજીકું બહોત પ્રિય ધંતુરાકા પુષ્પ, ઇસ ધંતુરાકે પુષ્પકે સમાન જો હોતી હૈ ચીલમ, જીસકું શાસ્તરમેં કુષ્પ નામસેં બોલતેહૈ, ફલં ફલ જો નારિએલ, જીસકા હુક્કા બનસકતા હૈ; જો પાણી રખનેકા ઉપજોગમે આતા હૈ, ઇસકું ફલનામસેં કહાહૈ, ઔ તોજં નામ જલકા હૈ સો જલ હુક્કેમેં ભરનેં સેં પીનેકે બક્ત ગુડગુડ ગુડગુડ ઐસા શબ્દ હોતાહૈ, ઐસા હુક્કા ઠાકોરજીકું બહોત પ્યારા લગતા હૈ. જો કોઇ હરિકાલાલ ઠાકુરજીકું હુક્કા અચ્છા બનવા દેકર ઔર ઇસમે ચિલમમે ગુડમિશ્ર તમાકુ ડાલ કર બાવલકી આગ ઔર હુક્કેમે થોરાસા પાણી ભરકર હમારા ઠાકુરજીકું ધરાતા હૈ ઔર મે જો લાલદાસકે પાસ ગુડગુડ ગુડગુડ શબ્દ ઠાકુરજી મહારાજકું સુનાતા હૈ ઇસકું ઠાકુરજી મહારાજ પ્રસન્ન હોકર ઉનકી સબ ઇચ્છા પૂર્ણ કર દેતેં હૈ.

કાનોપટેલ—વાહ પરહુ ! વાહ ! બાપલા ! આવું જથારથ હોકાનું માતમતો આજજ કાને હાંભળ્યું. તારે એટલા માટેજ

§ **पत्रं पुष्पं फलं तोयं, यो मे भक्त्या प्रयच्छति ।**
तदहं भक्त्युपहृतमश्नामिप्रयतात्मनः ॥

ભાવાંર્થ:—જે ભકતો આત્માના સાક્ષાત્કાર વાળા મુનિમાં કે પ્રતિમામાં રહેલા મને અત્યંત પ્રીતિ વડે પત્ર, પુષ્પ, ફળ કે જળ અર્પણ કરે છે, તે શુદ્ધ ચિત્તવાળાના તે પરમ પ્રેમ વડે અર્પણ કરેલાં પત્ર પુષ્પાદિકનો હું અંગિકાર કરું છું.

બધા લોક હોકો પીતા હશે ખરૂંને મહારાજ ! ભલે પરહુ, ભલે. બાપલાવના હોકાની કથા મને કુણ હંભળાવે ?

બાપજી ! તારે મે એક હમણાંજ નવો હોકો રૂપે મઢાવી તૈયાર કરાવ્યોસે; ને કછભજથી (કચ્છ ભુજથી) સલમું મંગાવી મૂકીસે; તે આજજ ઠોકોરજી મહરાજને ભરી તૈયાર કરીને ભેઠ ધરી દઉં. ખરસ તો પચ્ચીશેક રૂપીઆ મઢાવતાં થીયાછે, પણ મારા પરભુ કરતાં શું વધારેસે ?

લાલદાસ—કાના ! જબતો અભી કે અભી તૈયાર કરકે લાદે. ઔર મેભી ઠાકુરજીકું હુક્કા ધરાકર મેરેકુ બહોત તલપ લગીહૈ જિસસેં મેં હુક્કા પીતા જાઉં ઔર ઠાકુરજી મહારાજકું ગુડગુડ ગુડગુડ શબ્દ સુનાકે ખુશ કરુંગા.

પછી **કાનાપટેલે** નવો રૂપાનો મઢેલો હોકો લાવી તમાકુ પાણી અને આગ ભરી તૈઆર કરી લાલદાસને આપ્યો તે **લાલદાસે** ઠોકોરજી પાસે મુકી **ઘંટડી** બજાવી, ને હોકો હાથમાં લઇ પીવા લાગ્યા.

હોકો પીતાં પીતાં **લાલદાસજીને** તો વીશ ગોળી (લાડવા) નો માર લાગ્યો છે તેથી આંખોમાં ઉંઘ ભરાઇ આવી, તેથી બોલ્યા કે કાના અબ હમકું આસન લગાદે (પથારી કરી આપ), બહોત નિંદ આતી હે જિસસેં સોજાના હૈ. કાનોપટેલ કહે ભલે, બાપજી મારા ઘરની મેઢીએ મારો ખાટલો તૈયાર પાથરેલોસે માટે ઉપર જઇને બે ઘડી વશ્રામ (વિશ્રામ) લ્યો બાપલા.

લાલદાસ—એ તો ઠીક પણ થોરી સી ચરણસેવા હોની ચાહીએ. નહિ તો તુમને હમકું વીશ લડુવા ખીલાયા સો કીસતરહસે હજમ હોજાવે ?

કાનોપટેલ—હાં મહા ાજ સાલો તમે પોઢી જાઓ હું થોડી તમારી પગસંપી (પગચંપી) કરું.

લાલદાસ—તુમતો બૂઢા હોગયા તુમ કીસ તરહસે સેવા કરોગે? તુમારી બડીબહુકું ભેજો.

કાનોપટેલ—બાપજી મોટી વહુ તમને સપરશ (સ્પર્શ) કરશે તો તમારે અપવાસ પડશે.

લાલદાસ—કાના તું તો મેરા બડા સેવક હૈ ઈસકેલીયે તેરે ઘરકી સબ છૂટ હૈ.

કાનોપટેલ—ભલે મહરાજ શંતથી શું વધારેસે? લ્યો મોટી વહુને મોકલું.

કાનો પટેલ—અરે પાલીવહુ! કયાં ગયાં?

પાલી વહુ—[કાના પટેલ પાસેં આવી ઘુંઘટો તાણીને ઉભાં રહ્યાં ને બોલ્યાં કે] બાપા! શું કહોસો?

કાનોપટેલ—એ તો આપણે ઘરે શંત પધાર્યાસે ને અબ ઘડી જમીને પોઢ્યાસે તે મેઢીએ જઇ થોડીવાર તેમની ચરણશેવા કરો.

પાલીવહુ—બાપા! મારા હાથે તો વા આવવાથી કાંડાં રહી ગયાંસે ને મુઠીયું પણ વળતી નથી માટે મારાથી તેમના પગ ડબાવાય એમ નથી.

કાનોપટેલ—જાઓ ત્યારે તમે ઘરમાં, ને લાડકી વહુને મારી પાસે મોકલો.

લાડકીવહુ—આવી લાજ કાઢીને કાના પટેલ પાસે ઉભી રહીં, ને બોલી કે બાપા! શું કહોસો હું આ આવી.

કાનોપટેલ—ભા વંહુ! આપણી મેઢીએ શંત પધાર્યા છે તેમની જરા શેવા કરી આવો.

લાડકીવહુ—બાપા! મારા હાથમાં આજજ મહરાજને

બાળવામાટે લાકડાં લેવા ગઇતી ત્યાંથી બેય હાથમાં ફાંહો લાગી (વાગી)સે માટે પગસંપી થાય એવું નથી, માટે મારાં બાઇજીને મોકલો.

કાનોપટેલ—ઠીક તારે તમેય જાઓ, ને તમારાં સાસુને મોકલો.

માણેકબાઇ આવ્યાં ને કાના પટેલને પૂછયું કે મારું શું કામ સે?

કાનાપટેલે કહ્યું કે એતો મેઢીએ જઇને બાપલાના પગ દબાવવા છે. તારે માણેકબાઇએ કહ્યું કે આ ઘડી જાઉંસુ તારે.

માણેકબાઇ મેઢીએ ચઢયાં ત્યાં તો લાલદાસજી મહારાજને તો ગોળીબાજની રમતથી એવી ઉંઘ આવી ગઇ કે ગસગસાટ નસકોરાં બોલવા લાગ્યાં. ને નિદ્રાદેવીના ભોગ રૂપ થઇ પડયા હતા.

માણેકબાઇએ તેમને નસકોરાં બોલાવતા જોઇ મનમાં વિચાર કર્યો કે બાપલો તો ઊંઘી ગયા સે, ને હું જઇને પગ દબાવીશ તો તે જાગી જશે જેથી મને શંતને ઉંઘમાંથી જગાડવાનું પાપ લાગશે એવો વિચાર કરી, માણેકબાઇ નીચે ઉતરી ગયાં તે જોઇને

લાડકીવહુ—બાઇજી ! શેવા થઈ ગઈ કે શું ?

માણેકબાઇ—મહરાજ તો શુખાળા થયા સે (ઉંઘી ગયાછે.)

પાલીવહુ—(લાડકી સામું જોઈ હસતે મોઢે) હમણાં બાપલો જાગશે એટલે શેવા માગશે.

લાડકીવહુ—માગશે તો કયાં બાઇજી વેગળાં છે ?

તે પછી લાલદાસજી તો એક પહોરની ઊંઘ લઇને ઉઠયા ને બોલ્યા કે “ કીધર ગયા કાનીયા ? ”

કાનોપટેલ—બાપલા ! આ રીઓ, તમે તો શુખાળા થઇને ઉઠયા ? ઠાક થીયું.

લાલદાસ—[મનમાં વિચાર કરેછે કે] ગામ તો અચ્છા

હૈ. યહ ગામમેં લોકોકું કુચ્છ કથા, કીર્તન ભજનકા રંગ દીખલાવે તો ઇધિરહી હમારા રહનેકા થાનક બનજાય, તબ મેં સુખી હોઉંગા. [એવો વિચાર કરી બોલ્યા કે] કાના! અબતો ઠાકુરજીકું કથા સુનાનેકા બખ્ત હુઆહૈ જિસસેં મેતો અબ કથા કહને લગતા હું. તુમ સબ તેરા ભાઈ, ભાઇબંધ દોસ્તદાર અથવા મિત્ર પરિવાર, ઔ ગામકે અચ્છે આબરૂદાર માણસોકું ઓર ઔરત લોકકું બોલા લા.

તે પછી તે કાનાપટેલને ત્યાં મોટો સ્ત્રી-પુરુષોનો સમૂહ ભેગો થયો; ત્યારે લાલદાસજીએ મંગલાચરણ કરીને કથાનો આરંભ કર્યો.

લાલદાસ—દેખો ભાઇ! આજ હમ શ્રી કૃષ્ણજીકી પાસસેં તુમારા રાણીપુર ગામમે આયેહૈ. હમ કુછ જૈસે તૈસે સબ ઠીકાણે મંગખાને વાલે સાધુ નહિ હૈ, પીર શ્રીરાધા ક્રીષ્ણજીકે બહોત પ્યારેમે પ્યારે સંત હું. હમ દરરોજ જોગસમાધી કરકે બૈકુંઠમે જાને આને વાલા હું. હમારી સાથ શ્રીવિષ્ણુભગવાન્ અચ્છી તરહસે બાતબિનોદ કરતેં રહતે હૈ. ઔ મેં ભી ઉનકું અચ્છી અચ્છી સલાહ દેતાહું. એક સમય યે વિષ્ણુજીકી સભામે બહોત અપ્સરાઓંકા નાચ, ઔ નારદ તુંબરું તથા કીતનેક ગાંધર્વોકા ગાના બજાના ચલ રહાથા. ઇસ બખ્ત શ્રીવિષ્ણુજીકી ઐસી ઇચ્છા હુઇ કી, હમકું આપકી પાસ બુલવાકે મુઝેકું ઇસમાફીક આજ્ઞા દી,—જો મેં કહતાહું.

શ્રીવિષ્ણુજી—મેરે પ્રિય લાલદાસ, અબ તુમ યહ ભારતવર્ષમે સબતીર્થોંસેં અધિક પવિત્ર જો રાણીપુર નગર હે, વહાં જાકે સબ પટેલીયાકું ઔર પટેલાનિયોકું ઓર ઇન સબકે બાલબચ્ચેકું કથા સુનાઓ. ઔ ઉનકે ગલેમેં કંઠીઓં બાંધકે સબકું કાલકે ભયસેં મુક્ત કરો. જો જો લોક તુમારા હાથકી કંઠી ધારણ કરે ઔર તુમારે મુખકી કથા સુને યે સબકું મે મોચ્છસુખ દેતા

હૂં. તુમારેકુંહી લોકોકું કથા સુનાકે ઓર કંઠી બાંધકે સબકા ગુરૂ હોનેકા અધિકાર હૈ. દુસરે કીસીકું હમ ઐસા અધિકાર નહિ દેવે. જબ તુમ રાણીપુરમે બાસ કરેંગે જબ સબગામ સુખી હોવેંગે. સબ ગામકે લોક બહોત પૈસાવાલા હોવેંગે. ઔ ઇસ ગામમેં કોઈ ભી રોગ, દોષ, ભૂત, પ્રેત, પીશાચ, સબ તુમારે હીં દર્શનસેં ભાગજાયગા. ઔ રાણીપુર કે સબ લોક બહોત સુખ પાવેંગે. તથા તુમારે રહનેસે બહોત અચ્છી વર્ષા હોગી. ધન, ધાન્ય, તૃણ વ જલસેં તુમારે હી પ્રતાપસેં રાણીપુર નિરંતર્ ભરપુર રહેંગે.

લાલદાસ—તુમારે સુખકે કારણ હીં શ્રીવિષ્ણુજીને હમકું ઇધર ભેજા હૈ. ઇસકે લીયે મેં સબજનો કે પ્રતિ બોલતા હું કી, મેં અચ્છેમે અચ્છે વિદ્વાન હું. બહોત વિદ્યા પઢેલ હું. ઔ શ્રીવિષ્ણુજીકી ભક્તિ કરનેવાલા હું. ઇસસેં તુમારે હમસેં જો કુછ લાભ લેના હો તો જલદીસેં લેલો. હમ પ્રતિદિન સામકી વખત કથા કરુંગા. ઔર જો કોઇ પઢને વાલા ઉત્સાહી હરિજન મિલે તો ઉન રામકથા ભક્તમાલ ઔ શિલમહિમા ઇત્યાદિ ગ્રંથો પઢાઉં ભી ખરા. અબતો જહાં તક મેરે રહનેકા નયા મકાન તુમ સબ ગામ લોક નહિ બનવાઓ તહાં તક હમ યે કાનાપટેલકે વહાં હી રહેંગે.

તે પછી કથા પૂર્ણ થઇ, ને બધા લોકો સૌ સૌને ઠેકાણે ગયા. પછી **લાલદાસ** કાના પટેલને કહેવા લાગ્યા કે "ક્યું કાના! અબ તો રાતપડી તુમસબ ભોજન કરોગે કી નાંહી." ?

કાનોપટેલ—મહરાજ ! અમે તો ખેડુ એટલે મેનતુ લોક રહ્યા, માટે રાતે વાળુ કર્યા વના ચીમ સાલે ?

લાલદાસ—હાં ! તુમારે સબકે કોઠે મે તો આગ જલતી હોગી, ઇસસેં તુમ સબ બાલુ કરોગે ઔ હમ એકીલા તુમકું જાદે પડતાહે

કર્યું? ફીર ઐસા નહિ ચલે. મેંભી ખીચડી પકાકે ઠાકુરજીકું ભોગ ધરુંગા. જા જા માણેકબાઇકું બોલ કે હમકું પક્કા પોણાસેર ખીચડી ઔર પકા સવા પાવસેર ઘી દેદેવે.

કાનો પટેલ—મહારાજ! શાસતરમાં તો ઇમ કીધું સે કે, શાધુઓએ તો એકજ વાર જમવું જોવે.

લાલદાસ—ચલ સસુર નુગરે! તું કયા સમજે? હમારે પાસજો રાજાધિરાજ ઠાકુરજી મહારાજ હૈ સો તેરે બાસ્તે કર્યો ભુકા રહેવે? ઐસા નહિ બને. ઔ પાડીવહુકું બોલદે કે હમકું પક્કાસેર ભર દુધ દેદેવે.

કાનોપટેલ—(મનમાં વિચાર કરેછે કે, આ બાવાનાં લછ્યણ તો ભુંડાં સે, ને તે કોઇને ઘેર હતાય એમ નથી; પણ હવે તો રહેતે રહેતે એને અલગ કરાય તો ઠીક નહિ તો આતો એક લપ વળગી.] અરે કોઇ ઘરમાં સોકે?

માણેકબાઇ—આ રીયાં. શું છે? કો જે કેવું હોય તે.

કાનો પટેલ—આ મહરાજને માગે એ આપી, ઇમને ધવા શેંધવાની જોગવાઇ કરી દેજો.

માણેકબાઈ—ઇમાં શું બધું એ તીઆર સે. મોટીવહુ ભેંશ દોવા જાયસે તે સ્સોખા કળશીઆમાં બશેર દૂધ રાખવાનું કહુંસું.

લાલદાસ—માણેકબાઇ?

માણેકબાઇ—હાં બાપજી.

લાલદાસ—અબ તો દીવાબત્તિકા સમય હો ગયા હે, હમકું પાવભર ઘી ઔર બત્તિકે બાસ્તે રૂઇ લાદે.

માણેકબાઇ—લ્યો, લાવીદઉં બાપજી. એમ કહી વાડકીમાં ઘી અને થોડું રૂ લાવી લાલદાસને આપ્યું.

લાલદાસ—ચૂલે ખીચડી મૂકી. ને બોલ્યા કે અબે પાડી-બહુ કીધર ગઈ દૂધ કયૌં નહિ લાતી?

આ "**પાડીવહુ**" એવો શબ્દ સાંભળી કાનાપટેલનો નાનો દિકરો કીશોર પોતાની મોટી ભાભી પાલીવહુને કહે છે કે ભાભુ! આ બાવો પાડીવહુ કેને કેસે?

પાલીવહુ—કિશોરભાઇ, એ રોયો સળીગયેલો બાવો મને પાડીવહુ કેસે. ને રોયો લાડકીને તો એની વહુ કહીને બોલેસે.

કિશોર—હેં ભાભુ! (મોટી ભોજાઇ) ઇમ જો હોય તો તો મને જરા ઇનાં હાડકાં ખોખરાં કરવાદ્યો, એટલે પાંસરો તીર જેવો થઇને બધુંએ ભૂલી જશે.

પાલીવહુ—ના, ના. કીશોરભાઇ! જો જો ઇમ કરતા ઈને તમે જરાએ કાંઇક કહેશો તો બાપા અને બા બેય તમને ધખશે ને પેટ ભરીને ધાને ખાવા નહિ દીએ.

બાપા ને બા બેય સમજે છે કે આ બાવાને જો વધુ દી રખાશે તો લાજ ને આબરૂ ટકાની થશે; ને આપણે પણ વહેલો વહેલો ભીખ માગવાનો વખત આવશે. એ રોયાનું તો રોજનું રૂપીઆ બે રૂપિયાનું ખરસ થાયસે. રોજ કાંઇ એમ પોસે? એવું ખરસ રખાય તો તો સાપરે એક નેવું પણ રહેવા ના પામે. એના ખાવાનો ને બોલવાનો જરા પણ ધડો નથી.

કીશોર—બાપા ને બા, બેય હવે તો ઘરઢાં થીયાં. ને ગરઢાંની તો બુદ્ધિ પણ માઠી પોસે, માંટે બાપાની આંખો મારા કીધા વના નહિ ઉઘડે; માટે બાપાને જરા હું કહીશ તો ખરો. પણ એવામાં જો મારો મોટો ભાઇ વણારશી જો જાણશે તો તો બાવાને મારતાં મારતાં ગામના શેમાડા બહાર મેલી આવશે.

પછી કીશોરે જઇ કાના પટેલને કીધું કે બાપા?

કાનો પટેલ—હાં, હાં. ભા કીશોર! બેટા શું સે કે.

કિશોર—તમને આવાં સીંથરે વીંટયાં રતન ક્યાંથી હાથ લાગે સે? કે હાળકડીનાને બોલતાંય નથી આવડતું. મારાં ભાભુ તો મારે મા બરોબર કહેવાય, તેને એ વેરાગો પાડીવહુ કેસે; તારે ન્યાં-કને હવે ટો બયડોજ ધોવરાવવો માગેસે કને? આ હવે હું તો હાસે હાસું કહુંસું કે બાવાનું જે થાવાનું હશે તી થાશે, પણ જો ઈ એક પણ અસ્શર વધુ પડતો બોલશે, તો હું તો એનાં ધડ ને માથું બેય જૂદાં કરી નાખીશ.

કાનોપટેલ—બેટા! જોજે કાંઈ કરતો. એ તો માત્યમા કેવાય. ધનભાયગ કે એવા પુરશ આપણે ઘરે પધારે. ઈ વધારે બોલા તો સે પણ હવે આજની રાતજ આપણે ઈયાં પડી રહેશે; ને વાણામાં તો હું આપણા ગામમાં વારા કરેલા સે તે વારે સડાવી આવીશ. પછી જીનો વારો હશે તી લોહુ ને લવાર કૂટશે; પણ આપણે ઘેરથી તો આ હાલ જશે. બેટા તું કેસ એ બધુંએ હું જાણુંસું. પણ અટાણે કાઢી મેલીએ તો ગામના લોક જાણે કે ઈના ઘરમાં ધાન ખૂટી ગીયું.

આ બધી વાત સાંભળી **પાલીવહુ**, **લાડકીવહુ** અને **કીશોર** તથા **માણેકબાઇ** સૌ ખુશી થયાં.

સવાર થયું એટલે **કાનાપટેલે** **લાલદાસજીને** કીધું કે,—મહરાજ! આજ તો હવે તમારે ખોડાપટેલને ત્યાં રશોઈ પાણી કરવાનાં સે. કેમ કે આ ગામમાં ત્રણસે ઘર કણબીનાં છે, તે તમારે બધેય વારા ફરતી જમવું પડશે. મારે ઘરે રહો તો તમથી કાંઈ વધારે નથી પણ ગામના લોક કહેશે કે,—મહરાજને કાનોપટેલ એકલો વહાલો સે; ને બીજા અળખામણા સે. ઇમ માની કોઈ તમારી કંડી ના બાંધે કે કથા સાંભળવા ના આવે, તો તમે જ્યારે કથા

વાંસી રેહા તારે પૂયણાવતી કરીઈ ને તમારે સારૂં કાંક પાંસ રૂપીઆનો ઉપકાર કરવા જઈઈ તો તેમાં કોઈ પાઇ આપે નહિ; માટે તમારે તો સૌને સરખે રહેવું જોવે.

લાલદાસ—હાં, હાં. કાના તું સચ બોલતા હે. સંત લોકકું તો સબહી સરખાહીં માનના. હમારે કોઇ ભી પ્યારા ઔ કોઇ નહિ પ્યારા ઐસા નહિ. હમારે સસુર કહાં કીસીકા સ્નાન સૂતક લગતા હે ? ઓ મરે તોભી અચ્છા, ઔ ઓ મરે તોભી અચ્છા. હમારે તો જહાં તહાં ચકાચકી ઉડાના, ઔર ઘેરામાલ જીમના, ફીર ઠાકુરજીકી ભેઠ લેના, ઔર દૂસરી કીસી બાતકા કામ નહીં. કાના તું હમકું જહાં લેજાવે તહાં હમ આવે. ચલ અબ દુસરે પટેલીયે કે વહાં.

કાનોપટેલ—હાલો, મહરાજ ! તમે તમારી દેવશેવા લઈ લ્યો હું તમારી પોટલી, ઝોળીને પાણીનું તુમડું લઇ લઉંસું.

પછી મહારાજ ખોડાપટેલને ત્યાં ગયા.

ખોડાપટેલ—આપલ્યા પધારો.

લાલદાસ—રામજીકે આસરે આયે તો સહી.

ખોડાપટેલ—બાપજી બોલો હવે શો હકમસે ?

લાલદાસ—સસુર, હુકમ કાયકા ? તુમ આપસેં નહીં સમજતા કી મહારાજકું પ્રથમ જલ ચહીએ. ઘરમે કુછ રંડીયાં બંડીયાં હૈ કી મર ગઇ હૈ ? ઓ તુમ હમારે સરિખે હો ગયે હૈ ? ઐસા હોવે તો ચલ મેરી સાથ, ચેલા બનાકર સાથમે લે ચલું.

કાનોપટેલ—મહરાજ ? જરા વશારીને બોલો વશારીને; ખોડાને તો પરમેશરના પરતાપે નવેનત સે. ને બઇરાં ને સોકરાં જીવતાં નહોતાં તે હમણેજ પાસું નવું બઇરુંય કર્યુંસે. પછી કાનો પટેલ ઘર સામું જોઇને બોલ્યા. જવલ ભાભુ ! દીવાળી ક્યાં જ્યાંસે ?

આ મહરાજને કાંઈ રશોઇ પાણી કરવા હારું પાણી ભરી લાવે કહો. અને તમે બેય જણું જરા દરશપરશ તો કરો.

એટલામાં ખોડા પટેલની નવી ને જૂની બેય વહુઓ જવલ ને દીવાળી ત્યાં આવી લાલદાસને પગે લાગી જેસીતારામ કહીને બેઠીઓ.

લાલદાસ—કાના ! યે દોનું ખોડાકી જોરુ હૈ ?

કાનોપટેલ—હા, બાપજી.

લાલદાસ—અચ્છા જબ યે દોનુંકા બાવા અમ્મી મર ગયા હૈ ?

કાનોપટેલ—ચીમ, ચીમ મહરાજ ઇમ ?

લાલદાસ—જિસ સ્ત્રીકા બાવા મર જાય ઓ સ્ત્રી કીતનેક દિન પર્યંત અપના મું કીસીકો નહિ બતાતી હૈ; કયોંકી શોકમેં રહનેસેં. ઇસકારણ મેં પૂછતા હું કી, યે દોનુંકા બાવા અમ્મી મર ગયા હૈ ?

કાનોપટેલ—ના, મહરાજ અમારા ગુજરાત કાઠિયાવાડની એવી રીત સે કે વહુમાણુહ કોઇને પોતાનું મોઢું નો બતાવે.

લાલદાસ—જબ લુગાઇ લોક હમકું અપના મુખ નહિ દીખલાવે તહાં તક હમ ઇસકે હાથકા પાની કીસ તરહસેં પીએ ?

આ સંવાદ સાંભળી ખોડા પટેલની સ્ત્રી જવલ મનમાં વિચાર કરવા લાગી કે, આ બાવો જાતે સારો નથી; પણ લંપટ છે. તે કામી પુરુષોની પેઠે ઇને પારકાં બઇરાંનાં મોઢાં જોવાની ઇચ્છા છે. તો જો તેના કેવા પ્રમાણે આપણે નહિ કરીઈ તો રોયો અહીં આવેલો રીહાઇને જશે, તો ગામમાં અમારા ઘરની લાજ જશે. વળી શાસતરમાં હાંભળ્યું સે કે, ઘરે આવેલો અભીયાગત નિરાશ થઈ પાછો જાય તો ઘરધણીનાં કરેલાં પુણ્ય લેતો જાય, ને પોતાનાં પાપ દેતો

જાય. માટે ઇને એની ધરમની દીકરીઉ થઇને મોઢાં બતાવવાં; પછી પાણી ભરી લાવવું. પછી ત્યાં જવલ બોલી કેઃ—

જવલ—ગરુ મહરાજ! આપનાથી શું વધુંસે? જુઓ આ અમારાં મૂઢાં. બીજાંનાં જેવાં સે, તેવાં અમારાંય પણ સે. અમારાં મૂઢાં પણ હાડ, સામ, લોહી ને માહ (માંસ) માટીનાં ભરેલાં સે, કાંઈ ઈમાં હોનું રૂપું કે હીરા માણેક નથી. વળી તમી તો હમારે બાપને ઠેકાણે સો. એટલે દીકરીયુંને બાપને મો બતાવવાં ઇમાં શો બાધ? કાંયે નહિ. બાપલા લ્યો અમારાં મોઢાં જોયાં? અમી કાંઇ ગંદાં ગોબરાં નથી. અમારા કટમમાં જે ધયદેરા હોય તીને મોઢું નો બતાવાય, આપનો જરાએ વાંધો નહીં. અને હવે અમી બેય બેનુ પાણી ભરવા જઇ સીઇ. તે રૂપાળાં ઉટકેલાં બેઢાંમાં મેહુ હાકર જેવું પાણી ભરી લાવીસીઇ. ને પછી આંપ કહો તે પરમાણે શીધું આપું તે રૂપાળી રહ જેવી રશોઇ કરી, ભગવતને થાળ ધરાવી, રૂડી રીતે જમી તમારું પેટ ઠારો ને અમને આશીશ ઘો. બાપલા મારે તો પાંસ દીસરા થઇ ને વળી ગીઆ અને સેવટ એક દીસરી હતી તે પણ સો મહિનાની થઇને વળી ગઇ. આ હવે વળી હારી આશા હારું તમારા પટેલે નવી કરી, તીને પણ વરહ વ'ટોળ થવા આવ્યું તોય હજું ખોળોગે ભરાણો નથી.

લાલદાસ—અચ્છા જવલબાઇ! મત ફીકર કરો. તુમારેકું ઔર દીવાળીબાઇકું હમ તીન તીન પુત્ર દેદેવે. અબ તુમ હમારે શરણુમે આઇ હો ઇસસેં રઘુનાથજી તુમારી સબ ઇચ્છા પૂરી કરેગા સહી. અબ તુમ દોનો જલ લેઆઓ મે અસ્નાન કરકે ઠાકોરજીકી સેવા કરકે સમાધીમે બેઠ જાઉં ઔર શ્રીબીષ્ણુજીકે પાસ તુમારી ફરીઆદ ધર દઉંગા.

જવલબાઈ—આપની મોટી કીરપા મહરાજ.

તે પછી ખોડાપટેલની બેય જૂની ને નવી સ્ત્રીયો **જવલ** ને **દીવાળી** પાણી ભરવા ગઇઓ. ને જોત જોતામાં તે પાણી ભરીને આવીઓ. પછી **લાલદાસ**ને ગાયનું છાણુ લાવી આપી અબોટ કરી આપી નવા ચૂલાની જોગવાઇ કરી આપી, રાંધવામાટે વાસણ તથા બળતણ, વગેરે આપ્યું. પછી **જવલે** કહ્યું કે બાપલા ! હવે શો હકમસે જે તમારી મોજ આવે તે રશોઇ બનાવો તમી કહો તે આપું ?

લાલદાસ—[મનમેં વિચાર કરતા હૈ કી ઇસ બખ્તમે મંગનેમે ભૂલ કી, તબ તો ભાગ ફૂટ ગયા. એહી બખ્ત હમકું ઈશ્વરને કોઠા ચીકણા કરનેકે અર્થ ભેજા હે. બહોત દિનસેં હમતો લૂખા પડ ગયાથા. યહ બખ્તમે જો મેં મુખસેં મંગે સો મીલે; બહોત ઘી સક્કર ઔર દૂધ ખીલાનેકે બાસ્તે હીં ઈશ્વરને મેરેકું ઇસ રાણીપુરમેં ભેજા હૈ.

લાલદાસ—જવલબાઇ ! સુન.

જવલ—કહો બાપજી ! શું કહોસો ?

લાલદાસ—ઇસ બખ્ત દૂધ મીલ સકે ?

જવલ—હોવે બાપજી ! રૂપાળાં તળાવના પાણીથી ઉટકેલાં બોઘયણાંમાં સ્યારે ભેંશુ દોહીને મે રાખી મેલ્યાં સે; હજુ ગોરહાંમાં નાખી મેળવ્યું નથી. મને આજ વાણામાંજ કાનોપટેલ કહી ગીઆતા કે આજ તમારે ત્યાં શંત જમવાના સે, તેથી મે કીધું કે ભલે તારે એવા શંતને મોઢે મારી ભેંશુંનું દૂધ જાય. મારે બાપજી દૂધતો આશરે મણ હવા મણ જેટલું સે. તમી કહો એટલું દૂધ લાવું, ને કહો એટલું શીધું લાવું, બાપલા હારી પેઠે રશોઇ કરી સ્યાર પેટ કરીને જમો. ને તમો જમે મારું કાંઇએ ખૂટી જાય એમ નથી. એક ઝુલતા પારણા વિના મારે ઘરે તો જે જોવે તે સે. પાંસ સાંતીના

જેટલો ઘરનો ગરાહ સે, દુઝેણાં સ્યાર સે, પાંચ પૈશા હાંસીએ જાણ્યાસે ને હોના રૂપાના પાંસ ઘાટે (દાગીના) પણ હંગરી જાણ્યાસે. માટે મહરાજ તમારે જમે મારું જરીએ ઓસું થઇ જાવાનું નથી. માટે બાપલા બોલો શી રશોઇ કરવીસે ?

લાલદાસ—જવલ ! ઐસા હોવે તબતો પક્કા દસશેર દૂધ લાદે, ઇસકા દુધપાક કરદેવે; ઔર દુસરા પક્કા દોશેર આટા, પક્કા દોશેર ઘી, ઔ દેડશેર સક્કર, કુછ થોરાસા બદામ, ચારોલી, એલકી, જાયફળ, ઇતના સુકા મેવા, દૂધપાકમે ડાલનેકે બાસ્તે સક્કર ઔર પક્કા પાવભર ઘી ઔર શેરભર બટાટેકા શાક ઔર થોરા લોન ઔ મીરચી ઇતના, હમકું દેદો. ફીર દાલ ઔ ચાવલકી અગત્ય નાંહિ.

જવલ—ભલે બાપલા. તમે એકલી કાળી રોટી (માલપુઆ) ઉતારીને બટાટાનું શાક તળી નાખો, ને દુધપાક તો હું પણ કરી દઇશ.

લાલદાસ—જબતો અચ્છા; દૂધપાકકી કઢાઇ તું ચઢાદેવે તો ભગવાનકું જલદીસેં ભોગ ધરાદેવે.

તે પછી **જવલબાઇએ** મહારાજના કહેવા પ્રમાણે શીધું સામાન આપ્યું; ને પોતે દૂધપાક કરવા બેઠી.

લાલદાસજી મહારાજ તો રાજી થઇ ખૂબ તાનમાં આવી તુલસીકૃત રામાયણની ચોપાઇઓ લલકારવા મંડ્યા. ને રસોઇ થઇ ગયા પછી થાળી પીરસી, તેમાં તુલસી પત્ર મેલી ઠાકોરજીને નૈવેદ્ય ધરાવી ને બોલ્યા કે,—

જવલબાઈ ! ક્યા હોતા હૈ ?

જવલબાઇ—બાપલા! આ રહી. તમી ઠાકોરજીને ભોગ ધરાવ્યો?

લાલદાસ—સાલી ! નહિ જાનતી કે હમારા ઠાકુરજી તો જબ મીઠા ભોજન મીલે તબતો જલદી સેં ભોગ મંગ લેતાહૈ ? ઔર જલદીસે પાજાતા હૈ ?

જવલબાઈ—ભલે, ત્યારે બાપલા હવે તમી પણ નીરાંતે જમો.

લાલદાસ—ઐસા ક્યું? તુમ ઔર દીબાલી દોનું હી ચલી આઓ, તુમકું ભી ટુકડા ટુકડા રોટી દે દઉં. ઇસકા સ્વાદ તો દેખો, કૈસી રોટી હુઇહૈ?

જવલ—નહી મહરાજ! અમારે ઘરેથી જરા સોરે પંસ ભેગું થીચુંસે તે તાં ગીઆસે અબઘડી આવશે એટલે તમને જમતાં વધેલી પરશાદી અમી પણ બધાં વેંચી લેશું. હમણાં તમે સુખેથી નેસા હાહે જમીલ્યો.

લાલદાસ—સાલી! હમ કહાંસે જીમે? તુમ ઔ દીબાલી દોનો હમારી સામને આવી બૈઠો; જબ કુછ બાતબિનોદ ચલે જબ પાવેંગે. હમ કદાપિ મૌન ભોજન નહિ કરતે હૈ.

જવલ—લ્યો હાલો, બાપલા હું આ આવી. ને દીવાળી પણ આવેસે.

જવલ—દીવાળી હાલ બે પંખા લઇને. બાપજી પરશાદ પાયસે, તે આપણે પાંહે બેશીને બાપલાને જરા વાહર (પવન) ઢોળીએ. ભલા મહાપુરશસે, આપણોય ઓધાર થાય.

લાલદાસે તો પોતાની થાળીમાં એક હાથભર (**એક હાથ જેટલો** ઉંચો) માલપુવાનો ખડકલો ગોઠવી, એક વાડકામાં બધુ શાક લીધું; ને એક તપેલીમાં બધો દૂધપાક લઇ, જે સીતારામ બોલીને પોતાના પેટરૂપી અગ્નિકુંડમાં રહેલા જાઠરાગ્નિમાં માલપુવાનું હુતદ્રવ્ય અને જમણા હાથરૂપી સ્રુવાથી દૂધપાકરૂપી ઘીનો હોમ કરવા લાગ્યા. ને જમતાં જમતાં જવલ તથા દીવાળી સાથે વાતો કરવા લાગ્યા કેઃ—

લાલદાસ—જવલ બાઇ! ઔ દીવાળી બાઇ! તુમ દોનો

ખોડા પટેલકી જોરુ સચ્ચી નહિ હે. ઔર જો તુમારા સ્વામી ખોડા પટેલ હૈ સો ભી સચ્ચા તુમારા સ્વામી નહિ હૈ. ક્યોં કી ખોડનામ લંગડેકા હૈ, ફીર ખોડા પટેલકા શરીરમેં એક ભી ખોડ હમને દેખી નહિ. ઇસકે લીયે ઇનકા નામભી જૂઠા હૈ, ઔર તુમ દોનું ખોડાપટેલકી જોરૂ હોનેસેં લંગડેકી લુગાઇ ભી લંગડી ચાહીએ; ઇસકે લીયે હમારે મનમે ઐસા બિચારહૈ કી, તુમ તીનોકા યહ સંસારમે જૂઠા કુટુંબ હૈ. ઇસકારણ તુમારે કુટુંબકું સચ્ચા કુટુંબ કરના ચાહીએ. તુમારા કુટુંબમે જો કોઇ પાપ ઔ દોષ હોવે ઇસકું નિકાલના ઓ સંતજનોંકા કામ હૈ. ઇતને બાસ્તે મેં ભોજન કરકે તુમ દોનું જોરુંઓ કે ઔ તુમારે ધની ખોડાકે એક એક પાઉમે હમારી પાસમે જો લાલીઆ ધોકા હૈ ઇસકે દો દો તીન તીન પ્રહારસે તુમારે તીનો કે એક એક પૈર (પગ) તોડ નાખકર તુમ તીનોકું લંગડા કરના ચાહીએ. જીસસેં તુમારા બચ્ચા મર જાતાહે ઓ પાપ સબ ખલાસ હો જાયગા. પીછે તુમ ખોડેકી દોનુ જોરુંઓંકું જો જો લડકા લડકી હોવે સો સબ જીતા રહેવે, ઐસા સમાચાર હમકું શ્રીકૃષ્ણજીને આજકી સમાધીમે કહાહે. તો બાઇ **જવલ**! તુમ ઔર **દીવાલી** દોનો હમ ભોજન કર લેવે તહાં તલક ઇધર બૈઠો. ફીર ખોડાભી આવેગા. હમ ભોજન કર રહેવે પીછે તુમારે એક પાઉમે અમારા લાલીઆ લકુ તીન તીન દફે લગાદેવે. જીસસેં તુમ સચ્ચી હીં ખોડેકી બહુ લંગડી બહુ હો જાઓ. ઔ ખોડાભી ઇસપ્રકારસે લંગડા પટેલ હો જાવે જબ યહ ગાંવમે લાલદાસકા નામ અચલ હો જાય.

દીવાળી—જવલ બેન! આ તે બાવાજી મહરાજની ડાગળી સટકી હશે કે ચીમ હશે? ઉઠો ઉઠો ઘરમાં, આવા નવલોયાનો ભરૂંસો રાખીએ તો પગ ભાગી નાખે તો લુલાં લશ થઇને રહીએ. પછી કોણ આપણી હારહંભાર લે? ને ઘરના માણહનો પગ ભાગે

તોય આપણે તો ભીખ માંગીએ. પારકા મીઠા માલ ખાઇ ખાઇને બાવો તો રોચો વકરી ગીઓસે।

જવલ—દીવાળી! તું તો હજુ અણહમજણી સું. મોટા પુરશ તો એવા હોય, ઇમને આપણી કાંઇ તમા સે? તે હવાહલાં કરે? એ તો બોલે, એમ કાંઇ આપણને મારી નાંખેસે?

લાલદાસ—દીવાલી સાલી ઐસા કયું બોલતી હૈ? તેરા તો દોનું પાઉમે લાલીયા ધોકા લગાઉંગા, ખડી રહે? હમારી આગ્યાં વિના જો ચલી જાવે તો તેરા તો શિરભી તોડ ડાલે.

દીવાળી—ઓય બાપલિયા! આતે બાવો કે જમ? જવલબેન! તમે એકલાં તાં રીયાં રીયાં શંતની શેવા કરો મારે તો આ બાવા હારે નહીં ફાવે. સોકરાં થવાનાં હશે તો થશે ને જીવવાનાં હશે તો જીવશે. માથું ફોડી નાખે એવા મોટા પુરુશને મારે શું કરવાસે ગુડવાસે? મારે સોકરાં નથી જોતાં તમારે સોકરાં જોતાં હોય ને બેહવું હોય તો બેહો. હું તો આ હાલી.

એવામાં ખોડાપટેલને ચોરામાંથી પોતાના ઘરભણી આવતા જોયા. અને લાલદાસજી જમી રહી હાથ મો ધોતા હતા તે જોવામાં આવ્યા; એટલે દીવાળી ખોડાપટેલ ભણી ઘુંઘટો તાણીને બોલી કે હાંભળોસો કે, જરા ન્યાંકને આવી જાજો. ખોડાપટેલ કહે શું સે? આવુંસું.

દીવાળી—ન્યાંકને એતો ખરું; પણ ન્યાંકને નથી તમારા બાપે લાડવો દાટચો. એક વાર અહીં ઓરા આવો ઓરા. પછી જાવું હોય તો જાજો. નહિ તો હું સ્યાંક ભીખ માગતો થઇને રહીશ.

ખોડાપટેલ—(દીવાળી પાસે આવીને) લે, બરક શું સે? કે જી કેવાનું હોય તી?

દીવાળી—શું કહું તમારૂં ને મારૂં કરમ? આ ધરમ પુન્ય કરવામાટે તમને સીંથરે વેંટયું રતન સ્યાંથી હાથ લાગ્યું?

ખોડાપટેલ—આ ન્યાંકને તું નોતી કેતીકે કાનાપટેલને ત્યાં અગમનીગમ ભાંખનારા મહરાજ પધાર્યાસે તે તીમને જંબાનું કહી આવો. તે હું આજ વાણામાં કાનાપટેલને તાં જઇને નોતરૂં દેઇ આવ્યો હતો; તે પછી કાનોપટેલ ન્યાંકને આવીને મેલી ગોઆ.

દીવાળી—અરે ! હાળકડીના મૂવા એ મહરાજ. એતો જીવનાજ તરસ્યાસે. ઇમને જમાડયા કરતાં કૂતરાં ખાય ઈ શું ખોટું?

ખોડાપટેલ—પણ થીયું શું ? એતો કહે.

દીવાળી—એ તો મારો રોયો કેસે કે જમીને તમારા ત્રણે માણહનો અકેકો ટાંટીયો લાલીયા ધોકાથી ભાગી નાંસીશ. એતો રોયા અણ વેંખ્યા આખલા, મોને ગમે તે ખાય, ને મનમાં આવે એમ બોલે. એ રોયો મફતીઆ માલ ખાઇ ખાઇને વકરી ગીઓસે. તે રોયો કદાપિ એનો ધોકો લઇને પગમાં ઝાપટે તો લૂલાંલશ થઇને રહીએ. એનું રોયાનું ઇમાં શું જાય ? માટે તમી ઇને વેળાહર આપડે ધરેથી કાઢો.

ખોડાપટેલ—ઇને હમેશ જ્યાં જમેસે તીઆં કથા કરવાનો નેમસે. તે હવે થોડી વાર જમીને પોઢી જશે પછી ઉઠી કથા વાંસશે, તાણે બધાં માણહ આપડે ધરે ભેગાં થશે તારે હું બધા આદમીઓને વાત કરીશ. નવી ! તું જરા એ મુઝઇશ નહિ. કાલે ઇનો વારો પોપટને ધરેસે, તે તાં લપ કાઢીશું. એટલે ઇ તો લોઢું ને લવાર બેય કુટશે. આપણે તો આજનો દી હાસવવાનોસે, તે હાસવી લેજે. તું ઈની પાંહે જઈશ નહીં જુની ઇની મેળે ઇને હાસવશે.

તે પછી મહારાજ તો જમીને પરવાર્યા. ને બે કોડી માલપૂવા ને દસશેરનો દૂધપાક પોતાની પેટરૂપી પેટીમાં ધરવાથી તે પેટ તડાતુમ થયું, ને આંખો ઉંધે ઘેરાઈ ગઇ. પછી તે જવલને કહેવા લાગ્યા કે,–

લાલદાસ—જવલ ! થોરીસી રોટી હૈ, સો હમ સામકી વખ્ત ઠાકુરજીકું ભોગ ધરાના પડતા હૈ, ઇસકે બાસ્તે ઇધરહીં ધરરખેંગે. ઔ લાલીયા લઠ્ઠુ લેકર ઈધરહીં સોજાતાહું.

જવલ—ભલે બાપજી એકવાર શુખાળા થાઓ, પસેં ભુખ લાગે એટલે ઇ ઢાંકી મેલેલી રોટી આરોગી જાજ્યે. પછી હાંજની વાત હાંજે ઠાકારજીને હાંજે નવી રશોઇ ધરાવજ્યે.

લાલદાસ—હાં, હાં. જવલ તું સચ કહતી હૈ. ઇસબક્ત મે થોરાસા ભૂખા રહાહું.

એ પ્રમાણે વાત થતાંમાં મહારાજને વધારે ઘી જમવામાં આવ્યું તેનો ભીણો ચઢયો, એટલે કામળો પાથરી ત્યાં સુઇ ગયા, ને નિદ્રાદેવીએ તેમને પોતાનું વાહન કરી લીધું.

સાંજ પડી લાલદાસ ઉઠયા, છાનું માનું મો આંખો ધોઇ વધેલો માલ જે ઢાંકી મેલેલો હતો તે તેમણે ગુપચુપ પેટરૂપ પોટલીમાં નાખી દીધો. ને હાથ મો ધોઇ બોલ્યા,—

અબે ખોડાપટેલ ! કહાં ગયા ? તુમ સબ ચલો અબ કથાકા સમય હો ગયા. સબ હરિજનકું બોલા લાઓ.

ખોડાપટેલ—મહરાજ બોલાવુંસું.

પછી જવલે પોતાના આંગણામાં બીછાનું પાથરી લાલદાસ માટે ગાદલુ પાથરી આગળ બાજેઠ મેલ્યો. એટલે લાલદાસે ત્યાં જઇ રામકથાનું પુસ્તક બાજેઠપર મૂકી દીધું.

ખોડાપટેલને આંગણે બધાં સ્ત્રી પુરુષો ભેગાં થયાં એટલે મહારાજે વળી તુલસીકૃત રામાયણની બે ચાર ચોપાઇઓ લલકારીને કથા વાંચવા મંડયા કેઃ—

દેખો તુમ સબ પટેલીઆઓ નુગરાહો. હમારે જૈસા સંત ઇસ ગામમે દો તીન રોજસે આયા હેં, ફીર કોઇ દરસ પરસ કરનેકું

ભી આતે જાતે નહિ. કલકે રોજ મૈંને કહાથા કી, હમારે રહનેકે બાસ્તે નયા મકાન બનાના ચાહીએ, તોભી ઇસબાતપર તુમ લોક કુછ ધ્યાન નહી દેતેહો. તો હમભી ઇધરસેં તુમારા ગામકા સબ સુખ–સંપત્તિ લેકર ચલે જાયગા. ફીર તુમ સબ બહોત દુષ્કાલ પડનેસેં, વર્ષાદ નહિ હોનેસેં, તમારા બાલ–બચ્ચા, ઔર ગાય–ભેંસ, સબ મર જાયેંગે. ઔ તુમારા સારા ગામ જંગલકી માફીક ઉજડ હોજાયગા. દેખો સસુર ! સંત પુરુષોકી કુચ્છ કમતી સત્તા નહિહૈ.

અબ એ ખોડાકે વહાં કથા બાંચનેકે બાસ્તે હમને રામકથાકા પુસ્તક છોડા, ફીર કુછ ભેઠ ધરા નહિહૈ, તો ક્યા હમ કુચ્છ રૂપયા સવારૂપયા ભેઠ નહીં લઉંગા. સવાપચીસ રૂપયા હમારા ઠાકુરજીકા, ઔ સવા પચીસ યે પુસ્તકકી ભેઠકા ધરદેવે જબ ઇધરસેં પોથી બંધ કરુંગા. હમારે ઇધરહીં ભંડારા કરના હૈ, જિસસેં બહોત પૈસાકા ઉપયોગ હૈ. હમેરકું સમાધિમે બાલમુકુંદજી આકે બોલતાહૈ કી યે સબ પટેલીયાકા ઘરબાર, તન, મન, ધન, બાલ–બચ્ચે, ઔર સબ સ્ત્રીયેં તુમારી હીં હૈ. તુમારે યહ ગામકા સબ તુમારાહીં જાનના, ઔ પટેલીયાકા અચ્છા કરણા. ફીર મેં ક્યા કરું?

જવલ દીવાળી અને ખોડોપટેલ પોતાના ઘરમાં જઇને વિચાર કરેછે કે,–બાવાએ તો ભર્યામાંણહમાં આપણી એન લીધા જેવું કર્યું; હવે શું કરવું ? જવલ કહેકે હશે, ઇતો આપણા ઘરમાં પરહુનો પરતાપસે. બાવાના દેવની પાંહે ને પોથી પાંહે જઇને હવાપસીહ હવા પસીહ મેલી દ્યો.

ખોડાપટેલ—પણ પેલો હાગકડીનો મૂળચંદ વાણીગો કપાહ વેચ્યોસે તીના પૈશા આપી ગીઓ નહીને. હમણાં તો રૂપીઓ એકે મારી પાંહે નથી.

જવલ—મારી પાંહે પસાહ રૂપીઆ કાંધુ ભરવાના પઆસે, તે લ્યો; આપું. કાંધુ બે દી મોડું ભરાંશે.

ખોડાપટેલ—તારે તું ને નવી બેય પસીહ પસીહ મેલી દીઓને, ઈટલે તમારું ને મારું મણાંયનું હારૂં દીહશે.

દીવાળી—તાણે મને પસીહ આપો તે હું તો ઠાકર મહરાજ પાંહે મેલીશ, એ રોયા બાવાની પોથીએ મેલવા નહીં જાઉં; વખતસે એ રોયો લાલીઓ ઘોકો ઝાપટે તો મારો ટાંટીગો ભાંગા નાંખે.

જવલ—લે ઠીક, તાણે પોથીએ હું પસીહ રૂપીઆ મેલીશ. તું લે ઠાકર પાહે મેલ.

પછી ખોડાપટેલને ઘેરથી પચીસ જવલે ને પચીસ રૂપીઆ દીવાળીએ મૂકયા તે જોઇ લાલદાસના મનમાં થયું કે,—

સાલા ગામતો અચ્છાહે, લોક બી અચ્છાહે, રૂપયા ભી મીલતાહે, ઔર ચકાચકી ભી ચલતી હૈ. અબતો મરજાવે તો બી ઇસગામકું નહિ છોરે.

પછી બાવાજી મહારાજ તો તે દિવસે રાતે તે ઓશરીમાં પડી રહ્યા ને વાણામાં **કાનોપટેલ** આવ્યા તે બોલ્યા કે મહરાજ! હવે તમારા ધામા ઉપાડો અહીંથી.

લાલદાસ—કહાં જાવે તેરે ઘરકું ?

કાનોપટેલ—રોજ રોજ મારે ઘેર શું હોય ?

લાલદાસ—તબતો ઇધરહીં રહને દે. ઇધર જવલ ઓર દીવાલી એ દોનો બાઇ લોક અચ્છી હે, ઔ મેરી સેવા બરદાશ બહોત અચ્છી કરતી હૈ.

કાનોપટેલ—પણ ખોડાપટેલ મને મારવા લે તો !

લાલદાસ—જબ મેં ખોડાકા શિર નહિ તોડ ડાલું ?

ખોડાપટેલ—કાનાપટેલ ! જીમ લાયાસો તીમ લઇ જાઓ હવે બહુ થીયું વરાણુ.

કાનોપટેલ—હા ભાઇ, હા. લઇ જઉસું.

હાલો હાલો મહરાજ! પોપટપટેલને તાં તમારે આજનું નુતરૂં સે.

લાલદાસ—કાના તબ તહાંભી ચકાચકી તો હોગી કી નહિ? હમારે તો તાંભી મીઠા માલ તો ચહીએ.

કાનોપટેલ—મહરાજ પોપટને તો બસારાને જવાન પાઠ જેવા દીકરા બે હતા, એક પસીહ વરહનો ને એક વીહ વરહનો હતો તે બેય દીસરા પલેગમાં પાસા થીઆસે. તે ઇનું તો બસારાનું ઘર ઉઠીગીયુંસે. ને વળી અધુરામાં પુરું એક દીસરી હતી તે બે મહીના થીયાંજ રાંડીસે. તે તીને ઘરે તો હોગસે. માટે જરા હવે જીભનો રહ ઉતાર્યા વના વસાર કરીને બોલવાનું રાખજો. વધુ પડતુ બોલ બોલ કરોસો તે વસાર કરજો. ને જે શીધુ આપે તે દાળ રોટલો કરી ઠાકરને ધરાવી હંતોક રાખજો. આતો શું કરીઇ કે ગામનો ધારો તે વારાવાળાએ અભીઆગતને ખવરાવવુંજ જોવે, માટે મેલવાય આવુંસું.

લાલદાસ—અચ્છા, કાના ! તુમ આજ હમારા ગુરુ બના હે ? હમકું ઉપદેશ દેતા હે ? રામજીકા આસરે વહાં ભી જો હોવે સો હોવે.

કાનોપટેલ—લાલદાસને લઇ પોપટપટેલને ત્યાં ગયા. પોપટ જાતે ઠરેલ ને ધર્મપર પ્રીતિવાળો હતો; ને બહુ ગંભીર હતો. તેથી તેણે લાલદાસને આવતા જોઇને કહ્યું કે પધારો મહરાજ !

લાલદાસ—હાં ! આયે તો સહી.

પોપટ—બોલો મહરાજ ! શું શું જોવે ?

લાલદાસ—ક્યોં સસુર! તુમ પોપટ તો મૈંને દેખા, ફીર મૈનાં કહાં હે? પોપટ ઔર મૈના દોનુ તો સાથમેંહી ચાહિએ. મૈનાં નહિ તો પોપટ કૈસા? મૈના ઔ પોપટકા તો જોડા બોલા જાતા હૈ. પોપટ કે સ્થાનમે હમ જીમનેકું આયા જબ મૈના જલ ભરલાવે.

પોપટપટેલ—બાપજી! મારે ઘરે બૈરાં હોગમાંસે; બહાર નિકળતાં નથી. અટાણે અમારા ઉપર પરહુનો કોપ થીઓ સે. સાંતી હાંકે એવા બે જવાન દીસરા પાસા થીઆસે. ને હમણાં એક દીસરી હતી તે પણ રાંડીસે. મહરાજ! લોકલાજ પણ વેંઢારવી પડેસે માટે મારે ઘરે સાથી (ખેતીના કામનો ભાગીઓ) સે, તીની વહુ પાણી ભરી આવશે. ને બૈરાં તમને ઘરમાંથી બધું શીધુ શેમાન આપ કહેશો તી દેશે. આપ સુખેથી રશોઇ પાણી કરી ઠાકર મહરાજને થાળ ધરાવીને બાપલા નીરાંતે જમો. મારે જરા શીમમાં સાંતી ફરેસે તે જવુંસે, આપ જમીને બેઘડી વાર શુખાળા થાઓ ત્યાં હોરો હું આવીશ.

લાલદાસ—ચલ સસુર! ભાગજા. હમતો જમે તો જમે નહિ તો ભૂખા મરેંગે. એ બાત હમારી મૌજકી હે, તુમારે બોલનેસેં કુછ ભી નહિ કરુંગા.

પછી પોપટપટેલ શીમમાં ગયા.

લાલદાસે તો પોતાનું કામ ચાલતું રાખ્યું ને પોપટપટેલની સ્ત્રી સાથે વાતો ચલાવી. એવામાં સાથીની વહુ પાણી ભરી લાવી. ને પોપટની વહુએ સાથીની વહુ મારફત છાણ, માટી, બળતણ, ચૂલો, વાસણ વગેરે બધું **લાલદાસને** આપ્યું. પછી **લાલદાસ** બોલ્યા કે:—

લાલદાસ—મેનાબાઇ! અબ તો લડકા લડકીકા શોક તેરે હૈ. કુચ્છ **લાલદાસજીકું** શોક ફોક નહિ લગતા હૈ. ઔર હમારા ઠાકુરજી મહારાજ ભી કુછ દાલ રોટીકા ભોગ નહિં આરોગતા હૈ.

ખીર કુચ્છ લડુ, લપસી, સીરાપુરી, કાલીરોટી ઔર દૂધપાકપુરી જૈસા પક્કા માલ ઉડાતા હૈ. ઇસકે લીએ કુચ્છ ચકાચકી કરાના પડેગા.

જીવીબાઈ—(પોપટપટેલની વહુ જે સમજણમાં તથા વ્યવહાર જ્ઞાનમાં કુશળ અને ધર્મ પુણ્યપર પ્રીતિવાળી અને નીતિમાં પણ નિપુણ હતી તેણે મનમાં વિચાર કર્યો કે) શોક તો મારે ને મારા ધણીને છે, આ બિચારા અભ્યાગતને શું ? માટે આ સાધુને કાંઇ પણ આપણું દુઃખ નહી જણાવતાં તૃપ્તિપૂર્વક જમાડી પ્રસન્ન કરવો. એમ સમજી ઘરમાં રહીને બોલી કે) બાપજી ! મનમાં જરાયે આપ સંકોચાશો નહીં. ને જે જોવે તે શીધુ માગી લ્યો ને રૂડી રીતે રશોઇ પાણી કરી ઠાકર મહારાજને ધરાવી, નેસા હાહે બાપલા જમો.

લાલદાસ—ઐસાહી કરાના ચાહીએ. બાવાકું કીસીકા સ્નાન સૂતક થોરા લગતા હૈ? ઔર હમારે કીસીકા બાવાકી થોરી પરવા હૈ હમ કાયકું નહિ પાવે ? તુમારા લડકા ઔર જમાઇ મરગયા, તો સારે દિન ઔર રાત ખૂલા મુખસેં રોયા કરો. ઔર છતિયાં કૂટો હમતો પક્કી રસોઇ કરકે પાવે.

જીવીબાઈ—[આ બાવો કોઇ ન શરમો, સંસારની રીત-ભાત નહિ સમજનારો અને બહુ બોલોસે. પણ મારે ઇના બોલ્યા સામું શું કામ જોવું પડે ? ગમે તેવો પણ શાધુસે માટે ખુશીથી ભલે સ્યાર પેટ કરીને જમે. એ જમશે તો કાંઇક મરનારાં પામશે.] એમ કહીને **લાલદાસ**ના માગ્યા પ્રમાણે શીધું આપ્યું અને પેટભરા **લાલદાસે** ત્યાં કાંઇ પણ ઘટિત અઘટિત નહિ વિચારતાં સીરાપુરીની મીજબાની ઉડાવી. પણ તે પર તે પોપટપટેલના ઘરનાંએ કાંઇ પણ મનમાં ધોખો આણ્યો નહિ. મહારાજ તો જમી રહ્યા પછી ત્યાંને ત્યાં થોડી વાર સૂઇ રહ્યા ને પછી પોપટપટેલને કહ્યું કે કયું ? હવે કયા કીર્તન કહાં ચલે ?

પોપટપટેલ—બાપજી મારે ઘરે તો ખીમા (ક્ષમા) કરો અહીં કથા વંસાય એવુ નથી, ગામનાં લોક મારી નંદ્યા કરે. માટે અમથું ભજન કરવું હોય તો કરો. ઠાકર મહરાજના બે કાલાવાલા કરવા હોય તો કરો ને બાકી માળાયું ફેરવો.

લાલદાસજી--ઓતો સબ ઠીક, પણ મેરી સવાપચીકી ભેઠ ઠાકુરજીકી ઔર સવાપચીસ પોથીકી ભેઠ કોન દેગા ?

પોપટપટેલ--બાપજી ! એ તો હું કાંઇ જાણુતો નથી.

લાલદાસ--ઐસા થા, જબ હમકું સસુર કાયકું ખીલાયા ? પહીલેસેં બોલનાથા કી હમ ભેઠ નહિ ધરે, તબ સબુ પક્કી રસોઇ તેરે તેકું ફેંક દેત.

પોપટપટેલ—બાપજી મને એવી કાંઇ ખબર નહોતી.

લાલદાસ--સસુર પોપટ ! હમકું તું પીછાનતા હૈ. તુમ હમકું જીમા કે હમારી સવાપચીસ સવાપચીસ રૂપયેકી ભેઠ જહાં તલક નહિ દેવે તહાં તલક તુમકું બડા ગદ્ધા ઔ જીવીબાઇકું બડી ગદ્ધીયાં બના દઉંગા; ઔર બૂરેમે બૂરે કુમ્મારકે વહાં લે જાકે બેચુગા. જિસસેં કુમ્મારભી બહોત મટ્ટીકી ગુણો તુમારી પીઠપર ધરકે યે હમારા લાલીયા ઘોકાસેં બહોત માર મારકે તુમારી પીઠ, ગરદન, કટીયાં ઔર દો પાઉં કે સબ હડ્ડીકા ટુકડા ટુકડા કર દેગા. સસુર ! કયા તુમ તુમેરે મનમે જાનતા હૈ ? એ લાલદાસ કુછ જૈસે તૈસે નહિ, જો તુમકું જાનેદે.

લાલદાસનો મીજાજ ગયો ને બોલવાની મરજાદ ભંગ થઇ જાણી, આ રોયો લગામ વનાનું બોલી ગામમાં આપણી ફજેતી કરી લોક હસાવશે, એમ પોતાના મનમાં સમજી **પોપટપટેલ**ની વહુ **જીવીબાઈ** એ **પોપટ પટેલ**ને ઘરમાં બોલાવીને કહ્યું કે, બાવાને કથા વાંસવી હશે તો ગામની ભાગોળે જઇને વાંસશે કે બેશી રહેશે;

પણ ઇનું કાંઇ દાપું હોય કે ભેઠ દેવાતી હોય તો પસાહે રૂપીઆ દઇને અહીંથી ઝટ વદ્યા કરો. આપણેય હવે જે સે તે બધુંય વધારાનું સે. ને આય પણ ભલા ભેખતો સે, માટે ઇને પરશન કરી ઝટ વદ્યા કરો. આ મૂવે માણહે આપણે આંગણે લોક ભવાઈ જુએ એ ઠીક નહિ. આપણે કયાં આ રોજનું લાગ્યું સે? **પોપટપટેલે જીવીઆઇનું** કહેવું સાચું માની બાવાને ભેઠના પચાસે રૂપીઆ આપ્યા. ને કહ્યું કે કથા તમારે ગમે તો વાંસો, પણ તમારી ભેઠ આ લઇ લ્યો.

લાલદાસ—હાં બચ્ચા પોપટ? અબતો સહી. અબતો સચ્ચી બાત બોલા. કથાકી કુછ ફીકર નહિ. કથા ચલે જાય બી અચ્છા, નહિ ચલે જાય બી અચ્છા. રૂપયા મીલે જાયતો કથાકી કુછ પરવા મે નહિ રખતાહું. પોપટ! અબ તો તેરાભી અચ્છા હોગા.

તે પછી વળી ચોથા દિવસે **કાનાપટેલે લાલદાસજીને** ચોથું ઘર દેખાડયું. ત્યાં પણ મહારાજે તો કાંઇક શ્રદ્ધા ને કાંઇ જોરાવરીપણે મીષ્ટાન ઝાપટયાં. તે પછી અનુક્રમે પાંચમું, છઠ્ઠું અને સાતમુ, જેમ જેમ **કાનોપટેલ** ગામમાં વારાનાં ઘર બતાવે છે, ત્યાં ત્યાંથી **લાલદાસજી** પણ સામ, દામ, ભેદ અને દંડ રૂપ શિક્ષાઓથી લોકો પાસેથી મીઠાં ભોજન અને ઠાકોરજીની ભેઠ પૂજા લેતા જાય છે; ને ગામમાં કંઠીઓ પણ બાંધતા જાય છે. એમ કરતાં કરતાં આશરે નવ દસ મહિના તો લાગ લાગટ **લાલદાસજીને** ઘેરા માલ મળવાથી ખુબને ખુબ મજા પડી. તેથી જાડાપણ ગેંડી જેવા બન્યા. પણ પછી તો ગામમાં તમામ વારાનાં ઘર પતી ગયાં. પણ હવેથી તો **લાલદાસજી** બધે ફરી વળેલા હોવાથી તેમજ **લાલદાસે** બધે ઠેકાણે પોતાના સ્વભાવનો પરચો હાજરા હજુર બતાવી દીધેલો હતો તેથી તથા ભેઠ પૂજાની રકમ, એ બધું શ્રદ્ધા મૂકાવી દે એવું હતું

તેથી બધા પટેલીઆએ ભેગા થઇને ઠરાવ કર્યો કે "હાળકડીના આ લાલીઆ મહરાજનું તો કાંક થાય તો ઠીક" આપણા રાણીપરામાં તો જેટલાં માણહ ધરતી પર પગ મેલીને સાલેસે તી બધાં કેસેકે આ બાવાને હવે ગામમાંથી વદાગરી ઝટ અપાય તો ઠીક. કોઇનું ઘર વસારતો નથી; બોલવા ન બોલવાનું પણ વસારતો નથી; ને જવાન બૈરાંનીએ થેકડી કરેસે. આ તે મારા દીસરાનું કીમ ખમાય? ખાવામાં ને ભેઠ લેવામાં લોકનાં ઘર બેહારી દેસે. શાધુ જાણીને કોક ખવરાવે તારે દીનો ઉઠેલ બધુએ સપાટી જાય સે; બટકું ઘરનાં સોકરાં પામે એટલુંય રાખતો નથી. જ્યારે અહીં આવ્યો તાણે તો મો પરથી માંસે ઉડતી નોતી; ને હવે તો મફતીઆ માલ ઉડાવી ને થીઓ મતીરા જેવો જાડો બમ. આગળ પાસળ ફાલી ફુલીને કોઠી જેવો થીઓ જાણે પસાહે વાઘ ઘરાઇ રહે એવો બીજા પટેલીઆઓ બોલ્યા કે ઠીક હવે ખાધું તેતો લેખે લાગ્યું; ભલા શાધુસે. પણ મારો દીસરો જીભનો બહુ સુટો સે, નહિ તો શાધુ કાંઇનો કાંઇ હતો. વધામાં તો પુરો. ભજન પણ હારૂં કરે ને કથા તો ઇનાજ બાપની. ન્યાંકને જે રૂપાળી વાતુ કરેસે ને કે નાણહ હશી હશી ને લોટજ થઇ જાય. એવી રૂપાળી વાતું ઇને કરતાં આવડેસે કે રહ રહના ઘુંટડા જાણે પીધાજ કરીઇ.

તારે તેમાં એક દેવો પટેલ હતો તે બોલ્યો કે તમી ગમે તી કહો પણ હાળકડીનો શાધુ તો હપાતરસે. હમેશ મારો દીસરો શમાધી કરી ઠાકર મહરાજની પાંહેથી વેકુંઠથી હંધેહા લાવેસે. આપણા ગામના હખદખની વાતુ બધી શરીકરશન ભગવાનની પાંહે ને લખમી માતા પાહે કેસે. તો તે કોક દીપણ કાળે દકાળે આપણે એ લાલો બાવો તો કામનો સે. માટે જોજો ભાઇ, એને હાવ કાઢી નો મેલતા. આપણા ગામમાં રોગસાળો ચાલે કે વરહાદ નો આવે તો આપણે

લાલાને કહીઇ કે એ વેણુ અમારા વતીનાં તું ભગવતને કે તો તી કહે ને આપણુને હખનો વારો આવે.

બધું પટેલ પંચ—દેવા ! તું પણ હાસું બોલસ. આ બધા ભાયુને પણ કાઢી મેલવાની મરજી તો નથી; પણ કાંક તીને કબજે રખાય તો ઠીક. ભલા શાધુનો દીકરો સે તે ગામમાં માગી ખાશે. વળી હવે જીમ જીમ વરહો જશે તીમ તીમ ઠરશે. જરા બઇરાં હાથે વાતો કરવાની ઇને ટેવસે, બાકી તો બાવો ભલોસે. આપણા ગામના ભાગે આવી મળ્યોસે તે ભલે રીઓ. ઇને ખાધે શું ખૂટી જાવાનું સે ! બૈરાં હારે વાતુ કરેસે પણ શાધુ નાડે એડે હબવોસે. ભાઇ એ તો હૌમાં એક એક અવગણુ તો હોય. પણ હવે ઇને આપણા ગામને પાધર ધનુ- માતા (ધનુ નામે નદી છે) ને હાંમી પાર જે થેકડીઆ હનમાનની જાયગા સે તીમાં રાખો. હમણાંજ આપણે બધે પંસે મળીને બે ઓ- રડીયું સણાવીસે, તે એકમાં હનમાનજી મહરાજ સે, ને બીજી પૂજા- રીને રેવાની સે તે જૂનો પૂજારી તો જાયગા મેલીને જતો રીઓસે. હનમાનજી હમેશ અપૂજ્ય રેસે તે લાલદાજી તાં રેશે ને પૂજા કરશે. આપડું ગામસે તી હાથીનો પગસે. આપણે નજર રાખશું. એટલે બાવો ખાશે-પીશે ને મજા કરશે. ગામમાં બાવાને રાખીઇ તો કોઇ હારૂં કે ને કોઇ નડતુંય કે. માટે બાવાજીને ઇ એકાંત ભલીસે. પાહે કુઇ પણ સે તે મહરાજ નહાય ધૂવે પૂજા શેવા કરે ને રશોઇ પાણી કરીને જમે. એ પ્રમાણે ઠરાવ કરીને કાનાપટેલને કહ્યું કે, **કાના- પટેલ** તમી હવે આ પંસનો ઠરાવ **લાલદાસજીને** કહી ઘો ને આજ બધો ઇમનો જે શરશેમાન હોય તે તઆં પોસાડો.

લાલદાસજી—સસુર તુમ બધે કાયકું ઇકઠે થયે હો ?

પટેલ પંચ—તમારે રહેવાનો ઠરાવ કરવા માટે.

લાલદાસજી—હાં નયે મકાન ઉઠાતે હો ?

પટેલપંચ—મહરાજ! મકાન તો સે.

લાલદાસજી—કહાં ?

પટેલપંચ—થેકડીઆ હનમાનની જાયગા બાપજી ! તમારે જોયે એવી બહુ હારી સે !

લાલદાસજી—કયા જંગલમે ?

પટેલપંચ—હા ! મહરાજ ! તમારે તો જંગલમાં મંગળ જોવે.

લાલદાસજી—તહાં હમકું પક્કા સીધા કોન દેવે ?

પટેલપંચ—પાકું સીધું તો રોજ ના પોસે.

લાલદાસ—સસુર ! ના પોસે જંબ હમ મરજાવે ?

પટેલપંચ—ગામમાં વટલોઇ ફેરવીને માગી ખાજો.

લાલદાસજી—તહાં હમકું જલ કોન લા દેવે.

પટેલપંચ—ઇ તો મહરાજ ! **લાલદાસજી**ના હાથ ભરી લાવશે.

લાલદાસજી—સસુર ઓતો ઠીક, પણ લકડી કોન દેવે ?

પટેલપંચ—મહરાજ ! જંગલ મોટુંસે તાં જોઇઇ એવાં હુકાં એંધણાં સાણાં મળેસે.

લાલદાસ—ફીર કથા સુનાને કે બાસ્તે તો હમ ચોરેમે દીનભરમે એક વખ્ત આઉંગા.

પટેલપંચ—હા મહરાજ ! પરશાદ પાણી પરવારીને ઘડી ઘડી આવજો.

લાલદાસ—ઓ સબ બાત તો ઠીક હે, પણ હમારી સવાપચીસ સવાપચીસ રૂપૈયેકી ભેઠ પૂજા કોન દેગા ?

પટેલપંચ—મહરાજ ! એતો હનમાનજી મહરાજ દેશે, ઇમની પાંહે ખૂબ અખૂટ ભંડારસે.

[આ વચનો ઉપરથી લાલદાસજી એમ સમજ્યા કે હનુમાનજીની તળે ખૂબ ધન દાટેલું હોવું જોઇએ.]

તે પછી લાલદાસજીના ખડીઆ પોટલીઆ ઉપાડીને કાનો પટેલ થેકડીઆ હનુમાનજીના સ્થાનકમાં લાલદાસને મેલી આવ્યા.

આ સ્થળ લાલદાસને એક રીતે બરાબર યોગ્ય લાગ્યું; કે હવે મારી પાસે જે જે દ્રવ્યનો સંગ્રહ થશે તે હું આવી એકાંતમાં કોઈ એક ઠેકાણે ભૂમિમાં દાટીશ, કે જે મારા વિના કોઈ પણ જાણશે નહિ. તેથી લાલદાસે કાનાપટેલને કહ્યું કે,

કાના ! હમકું સ્થાન તો અચ્છા મીલા. હમારે ત્યાગી લોકોકું તો સદા જંગલમે હી મંગલ માનના. ફીર મેં પૂછતા હું કી ઇધર કોઈ લૂચ્ચે, લબાડ ઔ કોઇ ચોર, ચખાડ આતાહે? ઔર કોઈ હમકું પીડા કરને વાલા પાસમે રહતાહે ?

કાનોપટેલ—મહરાજ ! એવું તો આપડી શીમમાં કોઇ સે તો નહિ; પણ આપણા રખોપી (શીમની ચોકીવાળા) સે, તીમને કેશું કે મહરાજની જરા રાત વરત હંભાળ લેજો. તીમ છતાં પણ મહરાજ આપનો લાલીઓ ઘોડો આપની પાંહેસે; પછી આપને શી ફકરસે ?

લાલદાસ—હાં, હાં, ઓતો સસુર હમારી પાસ સદાહી રહતા હે. કોઇ ભી હમારા અસ્થાનપર રાતકી બખ્ત આવે ઇસકું હમ જીતા ભી નહિ જાના દઉંગા. સાલેકા સિર તોડકર ટુકડા ટુકડા કર દઉગા.

કાનોપટેલ—લ્યો, બાપજી ! તારે આ બેય ઓરડીયુનાં તાળાં

અને કુંસીયું. તમારે ત્યાંક જવું આવવું પડે તો તાળું હાસવજો.

લાલદાસ—હાં, ઓબી ચાહીએ.

તે પછી લાલદાસજી તો સવારમાં રાણીપુરની વસ્તીને જગાવવા આવ્યા કરતા; ને પોતાને જોઇતી ખાવા પીવાની સામગ્રી મોદે માગીને લેઈ જતા; ને જંગલમાંજ મજા કરતા. એવામાં એક દિવસ ભોજનથી પરવારી રાણીપુરના ચોરે આવીને બેઠા. અને કથા વાંચવા લાગ્યા તેમાં તે દહાડે વળી બોલ્યું "**શીલવ્રત પાલના હીં બહુત કઠીન હૈ**" એ વચન યાદ આવ્યું. તેથી બધી પટેલીઆઓની સભાના સાંભળતાં બડબડવા લાગ્યા કે—"ઉસકું કોન મહાત્મા કહેવે? ઔર ઇસકું બીદ્બાન ભી કૌન કહેવે? કૈસી બડી ભૂલ કી ગઇ હૈ? સબ લોક કેતેંહે કી ઈસકે જૈસે કોઇ બડે સંત નહિ હુવેહૈ? ફીર કયું લાલદાસ યે બાત કુબી પસંદ કરે? બેશક નહિ કરે. કયૌં કી હમારા અનુભવકી બાતહૈ."

લાલદાસ આ પ્રમાણે જેમ કોઇ ત્રિદોષ થયેલો રોગી લવારો કરે તેમ પોતે પોતાની મેળે બોલ બોલ કરતા હતા. તે સાંભળી પટેલોએ પૂછયું કે મહરાજ આજ કીનું પાનું હાથ આવ્યુંસે?

લાલદાસ—દેખો સબ હરિજનો! હમારે ગુરુ **શ્રીબળરામદાસજી** અયોધ્યાકે બડેમે બડેપ્રસિદ્ધ સંતહૈ. ઇનોને હમકું સબ વિદ્યા પઢાઇહૈ. એક વખ્ત ઓ હમકું શીલ મહિમાકા ગ્રંથ પઢાતેથે. જો ગ્રંથ મહાત્મા શ્રી તુલસીદાસજીને બનાયા હૈ. ફીર ઈસમે પઢનેમે ઐસા આયા કી "**શીલવ્રત પાલના હીં બહુત કઠીન હૈ**" ઓ બચન બોલ કર જબ હમારે ગુરુને હમકું ઇસકા માયના દીખલાયા કી, શીલ જો બ્રહ્મચર્યવ્રત હૈ, સો પાલને મે બહોત કઠીન હૈ. ઔ મેરેકું ઇસ બખ્ત ચોવીશ યા પચીશ વર્ષ હુવેહૈં. ફીર હમકું સુપનેમે ભી ઔરત સુખકી ઇચ્છા ભી હોતી નહી હે. જન્મ-

ભરસે આજ તલક કીસી ભી સ્ત્રી કોં મૈને દુષ્ટ ભાવસે સ્પર્શ ભી કીયા નહિ હૈ. ફીર સુખપૂર્વક સુગમતાસેં હમ બ્રહ્મચર્યવ્રત પાલ સકતાહું. ઔ ઇસમેં કુછભી મુસ્કેલી હમકું માલુમ પડતી નહિ હૈ. ઇસકે લીયે મે તુલસીદાસજીકી ઇસ ઠીકાણેપર ભૂલ માનતાહું. કયોંકી તુલસીદાસજીને તો લગ્ન કીઆથા ઔર ઉનકું તો પરિણિત (પરણેલી) સ્ત્રી થી; ઇસકે લીયે ઇનોકું બ્રહ્મચર્ય પાલનેમે મુસ્કેલી માલુમ પડી હોગી. ફીર મેરે જૈસે બાલબ્રહ્મચારી, કી જીન્ને લગ્ન હીં નહિ કીયાહૈ, ઐસે મેરે જૈસે સંતકું બ્રહ્મચર્ય પાલનેમે કુછ ભી કષ્ટ અનુભવમે નહિ આતા હૈ. ઇસ કારણ મે તુલસીદાસકું પૂર્ણ અનુભવી મહાત્મા, વિદ્વાન ઔ બુદ્ધિમાન નહિ માનતા હું. કીસ કારણ કી ઉન્નોને ઇધર બિના સમજણુસે લિખાહૈ. અબ તુમ સબકું મે આજ્ઞાં કરતાહું કી કલકે રોજ ઇસ બખ્ત તુમ જબ કથા સુન્નેકે અર્થ આઓ જબ હલદી કે ગઠ્ઠે લે આના. જિસસેં મેં યે પુસ્તકમે તુલસીદાસકી ભૂલપર હલદી લગાઉંગા. ઔર ઇસ ઠીકાણે પર મેરેકું જો અનુભવ હુવાહૈ, સો લિખ દઉંગા. કયાકી "**શીલવ્રત પાલના હીં બહુત સુગમ હૈ**"

કયોં બે કાના? કયો બે ખોડા? કયોં બે પોપટ? કયો બે દેવા? ઔ કયોં સબ હરિજનો? મેરે શ્રોતાઓ? હમ જો બાત કહતે હૈ સો તુમ સબકું અછી લગતી હૈનાં? જો કુછ નયા ઠરાવ કરે ઔર નયા નિયમ ઠરાવે ઔ જબ કોઇ ન્યાય કરેં તબ સબ સભા મેં બૈઠને વાલે સભાસદોકા મત લેકર કરના ચાહીએ. ઇસકે લીયે હમ તુમ સબકોં પૂછતે હૈં.

પટેલપંચ—મહરાજ! એ તો તમી જાણો, હમી ચે દી પાટી ઉપર ધૂડય નાંસીસે! કે એકે અછર ભણ્યા સીઇ? તે તમને મત દઇએ. પણ બાપજી! વશાર કરીને કામ કરજો તમારૂં પુશતક બગડે

નહીં. હવે આજના સમામાં એવા મોતીના દાણા જેવા અછર કાઢીને કોઇ એવું લશી હકે એમ નથી: માટે બાપજી અમી તો તમને કાંઈઇ હાંકે ના કહી હકીઇ નહીં.

લાલદાસ—સસુર જબ ના કહો ?

પટેલપચ—અમી શુકરવા ના કહીંઇ ?

લાલદાસ—તબ સસુર હા કહો સબ ?

પટેલપંચ—અમી શું કામ હા કહીઇ?

લાલદાસ—એકી બાત અછી નહિ લગતી તો તુમ સબ મરજાઓ. હમતો નયા બચન લિખે ગા.

એવામાં એક જીવોપટેલ હતો તે બોલ્યો કે " મહરાજ જરા ખમો, ખમો. મારી વાત જરા હાંભળો.

લાલદાસ—બોલના હોય તો બોલદે સસુર ?

જીવોપટેલ—બાપજી દખ લાગે તો ખમા કરજો. પણ તળશીદાહજી જેવા માતમા ભૂલ કરે એવું માનવામાં આવતું નથી. ચીમકે ઇમને તો હાજરાહજુર હનમાનજીદાદો પરશન હતા. તેથી ઈમને પરતશ શરી રામસંદરજીનાં દરશન થીઆંતાં. શું ઇ તલશીદાહજી તે વળી ધરતીનું પડ ફરે તોય જૂઠું લખે ? નોજ લખે. માટી બાપજી તમે જરા વશારો વશારો. ઈમાં કાંક ગુઠારથ હશે. બાપજી ! હાસે હાસો તો ઇનો ભેદ મારા હમજ્યામાં આયોસે. પણ તી તમને કેતાં મારી જીભ ઉપડતી નથી; કીમકે તમને હટ દખ લાગે.

પોપટપટેલ—ના, ના. જીવાપટેલ ! જો તમથી તીનો ગુઠારથ હમઝાણો હોય તો તો બસારા લાલદાજીને કહી દેજો; ભલા પુનનું કામસે. લાલદાજી તો ડાહ્યાસે ને જાંણુસે; ઇમ કાંઇ હટ દખ લગાડે એવા નથી. પોતે બધી રજે રજ વધા તો ભણેલાસે પણ વરહાં વધુથીઆં ઇટલે ભૂલી જવાય. વળી કીધુસે કે " ભણ્યો ભૂલે

ને તારો બૂડે. " કપાળે કપાળે જૂદી મત હોય. માટે ભઇ ! જો તમારા હમજ્યામાં ઇનો મેમા આયો હોય તો તો હટ કહી નાંખો. દખ લાગે કે હખ લાગે હાસુ કેવું એમાં શું ? આપણે ઇમાં શો હવારથસે ? ધરમને બાંને કેવું એ કેવું.

જીવોપટેલ—મહરાજ કહું સું.

લાલદાસ—બોલદે સસુર ! બોલના હોવે તો ફીર કુછ એસા તેસા બોલેગા તો ખોપ્ફરી તોડ ડાલુંગા.

જીવોપટેલ—બાપજી ! ઇક ઉખાણો સે કે *અસમર્થો ભવેત્સાધુ, કરૂપા અસ્ત્રી પતિવ્રતા. આપજે મહા મોટામાં મોટા તપરુપ ભરમસરજ (બ્રહ્મચર્યવ્રત) ને હેલું માનોસો, તે જોજો હાસું માનતા. ઇમ નથી; ઇતો મહા વહમું ને કઠણમાં કઠણુસે. બાપજી જરા હાસું બોલીશ, ઇટલે આપને જરા દખ તો લાગશે; પણ બધા આદમી કેસે એટલે કહી દઉસું. કે, મહરાજ ! આપને ભરમસરજ હેલું લાગે, કારણ જે આપનું શરૂપ જોઇઇ તો જાણે તેલ સોપડેલો શીશવનો કટકો કે મશ (કાજળ) નોજ ડુંગરો. ને ઈમાં વળા કપાળમાં ઝાઝા ગોપીસંદનથી સીતરેલું તરાજવા જેવું ટીલું, કોટમાં મોટા મોટા પારાની માળા, અને પાવડા જેવ જેવડા દાંત ને રાતી હેગળોક જેવી આંસ્યું, તે જે અસતરી તમને નીહાળે તે તો જાણે કે ભેરવનાથે ભરખવાજ લીધી ! ! બાપજી ! દખ નો લગાડશો, આપને જોઇને તો ભલભલા જમના દૈત પણ જીવ લઇને ભાગી જાય તો બઇર તે સીયું એવું અભાગીયું હોય તે તમને જોઇને મોહી જાય ? બાપજી! આપને જોઇને તો બઇરાંનાં હાથ હાથ કાળજાં ખશી જાય. તે સીઈ રાંડ એવી નવરી હોય તે આપ જેવા

---

* असमर्थो भवेत्साधु कुरूपास्त्री पातिव्रता ॥

કાળ પાંહે આવીને ઉભી રહે ? માટે આપની પાંહિ ભૂલે સૂકે પણ કોઇ વંઠેલી કે વેશ્યા હોય તે પણ નો આવે તો હારાં હમજુ બધ-રાંની તો વાતજ શી ? માટે મહરાજ ! આપને હજુ હુધી એવો કોઇ પરશંગજ આવેલો નહિ હોય કે જેમાં તમારા ખરા ટેકની પરક્ષા થઇ હોય. માટે આપ જરા પણ મનમાં ફૂલાઇ જશો નહિ. ને ઈ તળશીદાહજીના વસનમાં જરા પણ અવગણુ જોશો નહિ. બાપજી ! તમે તો શું પણ ઓલ્યા વસ્વામંતર રૂખી કે જે મોટા તપેશરી હતા તી ઇકલ્લાં હુકાં પાંદડાં સાવીને તથા ફકત વા ભરખીને રહેતા હતા. તે પણ ઇક મેનકા મોહની પરીને જોતાંજ તીની કોટે બાઝી પડ્યાતા. તથા બાપજી! અઢાર પુરાણના બનાવનાર વાહજી મહરાજના બાપ પરાશરરૂખી હતા તે ગંગાજીની હામી પાર જવા એક હોડીમાં બેઠાતા. ને તે હોડી એક રૂપાળી ભોયણ હાંકતીતી. તે ભોયણને જો-તાંજ એવા મોહી ગયા કે તે તપેશરી પવિતર અને ભણેલ ગણેલ હતા તોય નો રાત કે દી જોયો ને તરતજ આંધળા થઈ હોડીમાં ને હોડીમાંજ ઇ મશગંધા ભોયણની હારે ઇમનું કરમ કર્યું. વળી મહરાજ ! ભરમાના પુતર મોટા નારદજી જેવા હતા તોય વિશવમોહની (વિ-શ્વમોહિની) ને વરવા માટે શરીકરશન ભગવાન્ પાંહે વિશનુભગવા-નનું રૂપ માંગવા ગીઆ. તારે ભગવાને બીજું બધુ શરૂપતો આપ્યું પણ મૂઢું વાંદરાના જેવું કર્યું, ઇટલે વિશવમોહિની તો નો પરણી પણ પોતે ભુંઠા પડ્યા. માટે બાપજી! તમે તો શું પણ મોટા મોટા તપેશરી હરખાયે ભૂલી ભૂલીને તપ ખોઈ ભરશટ થઇ ગીઆસે. માટે બાપજી! ભરમસરજ તો કાંઇ હેલું નથી. પણ તમારે હજુ ઇવો પર-શંગ આવ્યો નથી તેથી તમને ઇમ લાગેસે. બાપજી જુઓ હું ત-મને ઇક વાત કહુંસું કે જાણે કોઇ એક બઈરું હોય તે જાણે ત-મારાજ જેવું કાળું કસકડા જેવું હોય, તીમાં નાક ખુસું હોય, મા-

થાના વાળ વાંકા કે કળીજગમાં જીમ બાયડીયું વાળ કપાવીને માંથે ગુસા રાખેસે ઇવાં શંધની હફ્શણ્યું જેવાં વાંકાં બાબરાં હોય, ભુંડની ડાઢ્યું જેવા મોટા મોટા બહાર નીકળેલા દાંત હોય, ને કપાળમાં શેંદુરનું ટીલુ તાણ્યું હોય તીમાં વળી મોપર ઉનાળાના દીમાં નીકળેસે ઇવાં તાપોડીઆં નિકળ્યાં હોય, ને જોતાંજ કોઇ ઇના હાથનાં એ બોર નો લે તથા જીનું મુઢું જોતાંજ સઠ્ઠીનું ધાવણ નીકળી જાય. એવી અસતરી હોય તો ઇમ બોલે કે હું પતિવરતાસું તો મહારાજ! પતિવંતાજ હોય તો? એવો તે સીયો દીનો ઉઠેલ હોય કે ઇની હારે ઘર માંડે. ઇતો જીને માંથે રતન ભાગ્યું હોય તે પોતે પોતાની મેળે લાગ્યું ભોગવે. બાપજી આ થોડામાં બધું હમજી લેજો આપ તો મોટા પુરશ સો.

લાલદાસ—(જીવાપટેલનું બોલવું સાભળી લાલદાસને તો હાડોહાડ મરચાં લાગ્યાં. તેથી અત્યંત ગુસામાં આવીને બોલ્યા કે,)

અબે કાના, ખોડા, પોપટ ઔ સબહીં પટેલીયે તુમ સબ હમારા કહેના સુનકે ખ્યાલ કરો. એ જીવાપટેલ અબ જીનેકા નહિ ચહાતાહે, સસુર અબહીં મરજાવેગા. યે હમારા લાઠીયા લકે ઇનકે કપાલમે તીન દફે મારકર ઇનકી સબ ખોપરી તોડ ડાલુંગા.

કાનોપટેલ—શું કરવા? કાંઇ વાંક ગનો જોશો કે ઇમને ઇમ મારવા ફોડવાની વાતજ આવડેસે?

લાલદાસ—સસુર તેરી બી યે દશા કરુંગા.

કાનોપટેલ—બાપજી પણ કો તો ખરા શા હારું?

લાલદાસ—યે જીવા હમારી હાંસી કરતાહે, ઔ હમારા સ્વરૂપકી નિંદા કરતા હે. કયૌં હમ કામદેવકે સમાન રૂપવાલા નહિ હૈ?

દેવોપટેલ—અલ્યા જીવા? કહેને હા. તારા બાપનું શું જાયસે? આ હમણાં ઉઠીને લમણામાં દેશે તો લબાસું ભાગી નાં-

ખશે. એતો ભેખસે ઇટલે આપણુથી ઇના હાંમો કાંઇ હાથ ઉપાડશે નહિ. તું શું કામ આટલું બધુ બોલીને ડાહ્યલો થયો ? બાવો તને ક્યાંક લગાડી બેહશે તો પટેલીઓ કોઇ તારે પડખે રહીને બોલનાર નથી.

જીવોપટેલ—લાલદાજી મહરાજ ! બાપજી હું તો ભૂલી ગીઓ. મારો ગનો માફ કરજો. ને આપને હળદી લગાડવી હોય તો સુખેથી લગાડી દેજો. આપ કોસો તે બધું હાસું સે. મેંતો તમારી પરક્ષા કરી! કે મહરાજનો ટેક કેવો સે ?

લાલદાસ—જીવા મૈતો જો વાત પકડી સો મરજાઉંગા ફીર છોડું નહીં.

જીવોપટેલ—આપ તો મોટા પુરશ સો. જે ધારો તે કરો.

લાલદાસ—હાં અબ તું સચ બોલા. ઐસાહી બોલના ચાહીએ.

લાલદાસ—અબ હમ સબ પટેલીયેકું પૂછતા હું કી હમકું તુમ હલદી કબ લાદોગે ?

પટેલપંચ—મહારાજ કાલે, ઇમાં તે શું.

લાલદાસ—અચ્છા, જબ કલ લગાદઉંગા. એક શાહીકા ખડીઆ ઔર કલમભી કલ લેતા આના.

પટેલ પંચ—બધુંય મળી રહેશે.

લાલદાસ—અચ્છા. અબ તુમ સબ બૈઠો. મે જાતા હું, કલ ઇસ બખ્ત આઉંગા.

પટેલપંચ—પધારજો બાપજી.

બીજે દિવસે લાલદાસજી તો કથા વાંચવાના સમયમાં આવી ચોરે હાજર થઇ ગયા. પછીથી ધીમે ધીમે શ્રોતામંડળ પણ એકે એકે ત્યાં ભરાવા લાગ્યું. જેમ જેમ પટેલીઆઓ આવ્યા તેમ લાલદાસજીએ હળદરના ગાંગડાની ઉઘરાણી કરવા માંડી.

લાલદાસ—ક્યોં, કાના હલદી લાયા ?

કાનોપટેલ—હા, બાપજી.

લાલદાસ—કહાં હૈ ?

કાનોપટેલ—આ મારા ખેહને શેડે બાંધી.

લાલદાસ—ધર! ઇધર પોથીકી પાસ. ઔર મોંસે બોલકે શ્રીકૃષ્ણાર્પણ.

કાનોપટેલ—બાપજી ઇમાં શું ? કાંઈ પુન હશે તી શરીકરશનાર્પણ બોલાવો સો. આ તો તમી કાલે કીધું તું કે હળદરના ગાંગડા લાવજો, તે સોરાભણી થઇને આવતાં ગાંધીની દોકાન આગળ થઈને નેકળ્યો. તે હાંભરી આવ્યું. તેથી ગાંધીને કીધું કે બશેર હળદર આખી જોશીઆપ્ય, તે તીણે આ કોથળીમાં બાંધીને આપી.

લાલદાસ—કાના ! હલદી કે દાનસે કીતના પુન્ય હૈ સો તું અબ સુન. જો હલદીકા વર્ણ (રંગ) પીલાહૈ, ઔ સોનાકા રંગ ભી પીલા હૈ. ઇસસેં જો કોઇ હલદીકાદાન કરતા હે, ઇનકે ખેતમે દાનસે હજાર ગુણા જાદા સોનાકાહી પાક હોતાહૈ.

કાનોપટેલ—તાણે બાપજી પહેલું આવું માતમ કીધું હોત તો બેમણની ગુણજ ઉપડાવી લાવત કને.

આ વાત સાંભળી, બીજા બધા પટેલીઆઓ હતા તે ઉઠી ઉઠીને ગાંધીની દોકાને ગયા; તે કોઇ મણ, કોઇ બે મણ, કોઇ અધમણ, કોઇ દસશેર, એમ આશરે સોયેક મણ આખી હળદરજ ઉચકીલાવી લાલદાસની પોથી પાસે એક હળદરનોજ મોટો ગંજ મારી દીધો. જેજે ત્યાં હળદર લાવ્યા તે તે બધાની પાસે ખરા પહોંચેલા ને મહાધૂર્ત દ્રવ્યના લોભી લાલદાસે શ્રીકૃષ્ણાર્પણ બોલાવી ત્યાં હળદરનો મોટો ઢગલો કરાવ્યો. ને પછી લાલદાસ મનમાં વિચાર કરવા લાગ્યા કે,

લાલદાસ—(મનમાં) વાહવાહ ! ઓબી અચ્છા પ્રસંગ મીલા.

પુસ્તકમે લગાનેકે નિમિત્ત હમેરેકું સો સવાસો મણ હલદી મીલગઇ. મૈનેભી સબ પટેલીએકી પાસ શ્રીકૃષ્ણાર્પણ બોલાકર ઇધર છોડાઇ હૈ, ફીર ઈસમેસે એક ગઠ્ઠા ભી કીસીકો લેનેકા અધિકાર નહિ રખ્ખાહે. અબ ઇસમેસે એક ગઠ્ઠા લેકર પથ્થરપર ઘીસકે યહ પુસ્તકમે લગાકે પીછે યે સબ હલદી બનિયાકું બોલાકર બેચ દઉંગા. તો હમેરેકું જો રૂપયેકી દસ શેરકા ભાવસે બેચુંગા તો સોમન હલદીકા ચારસો રૂપયા ઘડીભરમે મીલેગા. અબ તો એહી કરના ચાહીએ.

તે પછી ત્યાં લાલદાસજીએ એક ઓરસીઓ મંગાવી. તે પર પાણીમાં હળદરનો કાંકરો લઇ ઘસી, એક સળીવતે "શિવવ્રતપાલનાહીં બહુત કઠીન હૈ" ત્યાં 'કઠીણ' શબ્દપર હળદર લગાવી દીધી ને તે ઠેકાણે ખડીઓ કલમ મંગાવી એ હળદર લગાવેલા સ્થળે ઉપરના ભાગમાં "સુગમ" શબ્દ નવો લખ્યો એટલે આ પ્રમાણે વંચાય કે "શીલવ્રતના હી બહુત સુગમહે." એ વચન પાંચદસ વાર પટેલીઆઓને હરખમાં બોલી દેખાડી કહેવા લાગ્યા કે અબ ઇસકા સચ્ચા અર્થ બૈઠ ગયા દેખો તુમ સબ પટેલીઆઓ, હમ કેસે બડેમે બડે તુલસીદાસજીસેં બી અચ્છે વિદ્વાન હૈ.

કાનોપટેલ—હા બાપલા ! હા, તમી તો તળશીદાજીના કરતાંએ ભારેમાં ભારે વદ્વાન સો.

લાલદાસ—કાના ! અબ યે ગાંવમે સેં દો—ચાર બડે બડે વ્યાપાર કરને વાલે બનીયેકું બોલા લા.

કાનોપટેલ—બોલાવું સું, બાપજી. એમ કહીને કાનોપટેલ વેપારી વાણીઆઓને બોલાવી લાવ્યા. તેમને જોઇ લાલદાસજી બોલ્યા કે,

લાલદાસજી—ભાઇ ! એ સબ હલદીકા ઢીગલા બેચના હૈ બોલો? તુમ કયા ભાવસેં હલદી લેસકો ?

વાણીઆ—પરસ્પરમાં વિચાર કરી સૌએ સરખે ભાગે લેવી એવો વિચાર કરી બોલ્યા કે મહારાજ ! હળદરનો ભાવ તો એક રૂપીએ મણ ગઇ કાલે સાંજે થઇ ગઇ છે. હળદરનો બજાર હમણાં બહુ મંદીમાં ચાલે છે. માટે એક રૂપીએ મણ ખપશે.

લાલદાસ—ક્યા સસુર! હમારી ગરજ દેખકર બોલતે હો ?

વાણીઆ—નહિ મહારાજ ! ભાવે લેવું દેવું તેમાં ગરજ શાની?

લાલદાસ—જબ સચ બોલો?

વાણીઆ—મહારાજ ! અમે તો સાચુંજ બોલ્યા છીએ.

લાલદાસ—સસુર ! દો રૂપયેકી મણ લેનાની હો, તો લેજાઓ. નહિ તો ચલે જાઓ.

કાનોપટેલ—બાપજી! ઇમ તો પાણીના મૂલે હળદર નો દેવાય?

લાલદાસ—ક્યૌં ન દેવાય ? સસુર ! હલદી કુછ તેરા બાવાકી હે ? હમ તો દે દેંગે.

ખોડાપટેલ—અમી, એ વાણીઆઓને ઘરેથી છો છો રૂપીઆની મણ લેખે લાયા સીઇ ? તે મણના પાંસ તો વાણીઆ દે કે ના દે?

લાલદાસ—સસુર! હમ તો મુફ્તમે દેંગે. તેરા બાવાકી હલદી હૈ?

પોપટપટેલ—લ્યો તારે મહરાજ અમને તમે સ્યાર રૂપીઆની મણ લેખે જોખી આપો ને તમારા સ્યારસેં રૂપીઆ થાય તે ગણી લ્યો.

લાલદાસ—સસુર ! તેરેકું હલદી નહિ દેણી હે; હમતો દોસેં રૂપયા લેકર બનીયેકું દે દેંગે.

પોપટપટેલ—ઈમ તો નો થાય.

લાલદાસ—કયૌં સસુર ! નાથાય, હમતો એસાહિ કરેંગે.

પોપટપટેલ—શા હારું પણ બસેં રૂપીઆ ઓછા લેવા જોવે !

લાલદાસ—સાલે હમારી મોજ, સબ હલદી હમારી હૈ; હમ ચાહે સો કરેંગે; તેરેકું કયા?

કાનોપટેલ—પણ ધરમાદાના કામમાં ઇમ નથી કરવુ?

લાલદાસ—ઐસા નહિ કરના દેના હોવે તો આ, સસુર? ઇધર દેખ એ લાલીઆ અભી લગા દઉંગા. તો ખોપરી સબ ફૂટ જાવે, ઔ માણેકબાઇ હાથસેં ચૂરીયાં નીકાલકર ફૂટને લગે. સસુર! હમારા કયા જાવે? તેરા શિર ફૂટે, ઔ માણેકબાઇ છતીયાં ફૂટે. આના હો તો આ ઇધર, નહિ તો બનિયેકું હલદી લેનેદે.

પોપટપટેલ—કાનોપટેલ! હવે જાવા દ્યો હમણાં જકમાં વાત ભરાણીસે, તે નહિ માને. તમારે કે મારે ઇમાં કાંઇ ખાવું લેવુંસે? ઇ જાણે ને ઇનું નશીબ જાણે. હાલો હાલો હવે હૌએ ઘરે; અમથું શું માથું ફૂટવું?

લાલદાસ—હાં સસુર! ચલે જાઓ સબ ઈધરસે.

લાલદાસ—કયૌં બનીયા કહાં ગયા?

વાણીઆ—આ રહ્યા મહારાજ!

લાલદાસ—સસુર! રૂપયા કહાં હૈ.

વાણીઆ—રૂપીઆ તો આ રહ્યા.

લાલદાસ—ગીન ગીન કે ઇધર ધરદો,ફીર સબ હલદી જોખલો.

વાણીઆ—જુઓ મહારાજ! આ બસેં રૂપીઆ ગણીને મેલ્યા.

લાલદાસ—હાં, રૂપયા હમકું મીલગયા. જાઓ તુમ સબ હલદી લેજાઓ.

વાણીઆ સો મણ હળદર જોખીને લેઇ ગયા ને લાલદાસ બસોં રૂપીઆ લઇને પોતાના મુકામપર આવ્યા.

લાલદાસજી પોતાના મુકામપર આવી, હનુમાનજીના મંદિરની જોડની ઓરડીમાં બે પાટીયાંના ત્રાપાની એક પાટ છે, તેપર

કામળો પાથરી રાતે સુતા હતા. ત્યાં તેમને ઉંઘ ન આવતાં આ પ્રમાણે વિચાર આવ્યો કેઃ—

રાણીપુરમે હમકું અચ્છા પડ્યા થા. જિસ બખ્તમે હમ આયા ઇસ બખ્તમે તો તીન ચાર ઘરોંસેંહી પચાસ પચાસ રૂપયાકી ભેઠ મીલી. ફીર તો કોઇ રૂપયા, ઔર કોઇ આધા રૂપયા ધરતાથા, ઇસસેં અબ તો હમારી પાસ તીનસો રૂપયા યે, ઔર દોસો રૂપયા હલદીકા મીલકે પાંચસો રૂપયા ઇકઠા હુવાહે. ઇનકા અબ હજાર કીસ તરહસેં હોવે ? જિસસે હજારકી સંખ્યા હોજાવે ઐસા ઉપાય અબ કરના ચાહીએ. તો ઐસા ઉપાય ક્યા? (મનમે વિચાર કરકે બોલ્યા) હાં હમકું યાદ આયા "જિસ સમય મે હનુમાનજીકે પાસ આતે રહતેથે ઇસ વખતમેં મૈંને પટેલીયેકું પૂછા કી હમારી ભેઠ પૂજા અબ કોન દેગા, તિસ વખ્તમે એક પટેલીયા બોલગયાથા કી હનુમાનજી દેગા; ઇનકી પાસ બહુત પૈસાહે." તો ઓ બાત સચ્ચી હોગી. અબ તો એ મારૂતિમંદિરમે સબ ઠીકાણે ગાડગાડકે (ખોદી ખોદીને) દેખના ચાહીએ.

પછી લાલદાસજીએ તો તીકમ કોદાળો ને પાવડો પહેલેથીજ લાવી મૂકયો હતો; તે રાતમાંને રાતમાં હનુમાનજીનું મંદિર પડતાળી નાખ્યું; પણ કોઇ ઠેકાણે કાંઇએ ધન નિકળ્યું નહિ. ત્યારે વિચાર કરવા લાગ્યા કે,

યે હનુમાનકી મૂર્તિકી તલેહી પૈસા ધરા હોગા. ઇસ કારણ સબ મૂર્તિ તહાંસે દૂર કરકે તલેકાભાગ ગાડના (ખોદવું) ચાહીએ.

પછી હનુમાનજીની બેઠક સુદ્ધાં ખોદી નાંખી. હનુમાનજીની પ્રતિમા પણ કાઢીને દૂર મૂકી. એટલામાં પ્રાતઃકાળ થઇ ગયો, ને મંદિર આગળ થઇને લોકોની અવર જવર ચાલુ થઇ. તેથી લાલદાસ તો મનમાં બહુ પસ્તાવા લાગ્યા.

લાલદાસ—[મનમેં વિચાર કરને લગેકી] યહ કામ બૂરા કીઆ, કયા કરે સસુર સબેર હોગઇ. ઔ આજ તો શનિવાર બી હે, ઈસકે લીયે બહુત લોક હનુમાનકા દર્શન કરનેકું ઔર તેલ ચઢાને કે બાસ્તે આવેગા. જબ એ મંદિર ખોલ કર દેખે તો મૈંને તો હનુમાનજીકી પ્રતિમા ભી આસનસે નિકાલકર દૂર ધરી રખ્ખીહે. હમકું લોક સબ પૂછેગા કી “ કયોં લાલદાસ! યે કયા ગજબ હો ગયા? હનુમાનજી કહાં ગયા ? ઔર યહ મંદિર કીન્ને ગાડા ? (ખોદ્યું) જબ મે કયા જવાબ દઉંગા ? અચ્છા, અબ અફશોચ કરનેસેં કયા ? હુવા સો હુવા; હૃદયમે હીમ્મત રખકે સબ લોકોકું મેં યહ લાલીયા દેખાદેવે જીસ્સે જાદા બોલના નહિ પડે.

એમ કરતાં કરતાં દિવસ દોઢ પહોર ચઢયો, એટલે કેટલાક ગાયો ચરાવનારા ગોવાળો ત્યાં આવ્યા, તો હનુમાનજીનું મંદિર બંધ જોઇને બોલ્યા કેઃ—

લાલદાહજી મહરાજ! આજ હનમાનદાદાનું મંઘર ચમ બંધ સે? લગાર મંઘર ખોલો તો દર્શન કરીઇ.

લાલદાસ—સસુર! આજ તો હનુમાનજી શ્રીરામચંદ્રજીકે ધ્યાનમે બેઠ ગયેહે. ઈસકે લીયે આજતો સારે દીનભરમેં મંદિર બંધ રખેંગે. દર્શન નહિ હોગા.

ગોવાળો—હશે બાપલા જરા મંઘર તો ખોલો, દર્શન કરીને હાલ્યા જઈશું.

લાલદાસ—સાલા એક બાર કહા ફીર નહિ માનતા ? ચલજા સસુર ચલજા. મંદિર નહિ ખોલેંગે.

ગોવાળો—હશે બાપજી જરા કીરપા કરોને?

લાલદાસ હાથમાં લાલીઓ ધોકો લઇ ઉગામી ગોવાળો સામા દોડયા કે તુરત ગોવાળો જીવ લઇને નાશી ગયા.

તે પછી લાલદાસજીએ આસપાસ વગડામાં ફરવા માંડયું. ત્યાં એક પથ્થરના પાળીયાનું માથુ રખડતું હતું તે જોઇને ઉચકી લાવ્યા; ને તે હનુમાનજીને ઠેકાણે મેલ્યું. એને થોડું તેલ તથા સિંદુર ચઢાવ્યું. અને લોકોને હવે શો જવાબ દેવો તે મનમાં ગોઠવી રાખ્યો.

થોડીકવાર પછી રાણીપુરમાંથી કાનોપટેલ, ખોડોપટેલ, પોપટપટેલ, દેવોપટેલ અને જીવોપટેલ, તથા બીજા પણ કેટલાક પટેલીઆ શનિવાર હોવાથી મૂઠીમાં અડદ અને વાડકીઓમાં તેલ લઇ તે હનુમાનજીના મંદિર આગળ આવ્યા. તો મંદિરે તો લાલદાસજીએ તાળું દીધું હતું. તે જોઇ ને બોલ્યા કે લાલદાસજી મહરાજ !

લાલદાસજી—[બીજી ઓરડીમાં સુતા હતા તે આંખો ચોળતા ઉઠયા.] ને બહાર જોઇ ને બોલ્યા કે આઇએ સબ.

પટેલીઆઓ—મહરાજ ! ચીમ આજ કાંઇ તબીયત તો ઠીકસે ને ?

લાલદાસજી—નહિ, નહિ. આજકે રોજ મેરે શરીર મે બુખાર (તાવ) આ ગઇહૈ.

પટેલીઆઓ—શાથી મહરાજ ?

લાલદાસ—આજ સારી રાતમે નિંદ નહિ લીહૈ. ઔર બહોત કષ્ટ પાયા.

પટેલીઆઓ—શા હારું મહરાજ ?

લાલદાસ—આજે તો કાકેબલીયેને બહુત હનુમાનજી કી સાથ જુદ્ધ મચાયા. સવાલાખ ફોજકી સાથ કાકેબલિયેને હનુમાનકી પર હલ્લા ચલાયા. ઔર બહોત શોર મચા જબ મેરેકું હનુમાનજીને કહા કી અબે લાલદાસ ! તું યે લાલીઆ લેકર કાકેબલિયેકા

સૈન્યકું હઠાદે. અબ મે એકીલાહું કયા કરૂં. ફીર મૈને સબ સૈન્યકું તો એ લાલીઆકે મારસેં હઠા દિયા; તોભી કાકેબલિયને સબ મંદિર ગાડકર હનુમાનજીકું નિકાલ કર દૂર બેઠાયા. ઓ અપના શિર હનુમાનજીકે આસનપર ધર રખાહે. ઔર હમકું ઇતના કહાહૈ કી જો કોઇ ભી પટેલીયા હમકું હાથ લગાવે ઇનકા બાલ, બચ્ચા, ગાયો, ભેંશો ઓર બેલ સબ મરજાયેંગે. દેખો તુમારે હનુમાનજી-કી ઓ કાકેબલિયેને કૈસી દશા કી હૈ?

પછી લાલદાસે હનુમાનજીની ઓરડીનું તાળુ ઉઘાડી, મંદી-રનાં બારણાં ઉઘાડી એક ખૂણામાં હનુમાનજીની પ્રતિમા મેલેલી હતી, તે બતાવી ને હનુમાનજીની બેઠક ઉપર પાળીયાનું માથું તેલ–સિંદુર ચઢાવીને મૂકયું હતું તે પણ બાતાવીને કહ્યું કે,

"દેખો યે કાકાબલિયા, કૈસી ઇસકી ક્રૂર નજર હૈ, દેખો ઇને ભી ઇધર ઇન કાકેબલિયેંકો હાથ નહિ લગાના. બડા ભ-યંકર દૈવહે.

કાનોપટેલ—હનુમાનજીને પગે લાગીને બોલ્યા કે બાપલા! તમારે દેવદેવમાંય આવો ધવેખ ને અદેખઇયું હોય, તો માણહમાં હોય ઇમાં શી નવાઇ?

હનમાનદાદા! તમ જેવાને આવું દખ તો માણહને હોય ઇમાં શી નવાઇ. બાપલા! હવે તો કીરપા કરી આપ આપના આ-શનપર બિરાજીઆઓ ને ગામને હેમ ખેમ રાખી હખી કરો.

કાનોપટેલ—કાકાબળિયાને પગે લાગીને બોલ્યા કે બાપ-લા! હનમાનદાદાએ તમારું શું બગાડયું તું કે તીમને ખોદી કાઢી દૂર મેલ્યા; ને તમારે ચ્યાં બેહવાની જાયગાની ખોટ હતી કે હ-નુમાનજીની જાયગા ડબાવી બેઠા. આવી રીતે દેવ થઇને દેવદેવમાં

વઢી મરો એ ઠીક કેવાય? બાપલા! હવે તમી તમારે થાનકે પધારો, ને હનમાનદાદાને ઇમની જાગગા પર બેહવા દ્યો. અમી તો તમારાંય સોકરાં સીઇ, ને હનમાન દાદાનાંય સોકરાં સીઇ. અમે તો તમારાં બેય દેવતાનાં સોકરાં કેવાઇ, માટે અમારા વાંક ગના હાંમુ ન જોતાં અમારા કટમ ઉપર, અમારા ગામ ઉપર, અમીની નજરે બાગજો; તમારે જે જોવે દીવો દેવતા તી માગી લેજો; અમી ભાવે કભાવે જે તમારી શેવા ભક્તિ કરીઇ તી થોડે ઘણું માની લેજો.

પટેલીઆઓ—લાલદાજી મહરાજ! લ્યો, આ તેલ હનમાનદાદાને સડાવીદ્યો ને થોડું કાકાબળિયાને પણ સડાવજો. પછી લાલદાસજી બોલ્યા કે હાં, એ બાત અચ્છી, યે દોનું દેવોકું થોરા થોરા તેલ ઔ ઉડદ બાંટદેવે.

પછી લાલદાસે હનમાનજીના અને કાકાબળિયાના ઉપર થોડું થોડું તેલ ચઢાવી, બીજું પોતાની તપેલીમાં બધું લઇ લીધું ને પછી લાલદાસજીએ વિચાર કર્યો કે હનુમાનજી નિમિત્ત પૈસા કઢાવવાનો વખત આવ્યો છે, માટે લાવો લાગ સાધી લઉં.

લાલદાસજી--અબ કાના, ખોડા, પોપટ, દેવા, ઔ જીવા, તુમ કુછ જાનતે હો?

પટેલીઆ—ના મહરાજ! અમે તો કાંઇઈ જાણુતા નથી.

લાલદાસ—એ તો ઠીક, પણ હનુમાનદાદા કે બાસ્તે તુમને ક્યા વિચાર કીયા?

પટેલીઆ—મહરાજ! કાકાબળિયો હનમાનજીને જીતિને મંદરમાં બેશી ગીઆ તે હવે અમી શું કરીએ?

લાલદાસ—નહિ નહિ સસુર, ઐસા નહિ હોના દેના ચાહિએ. હનુમાનજીકું તો પુનઃપ્રતિષ્ઠા કરા કે ઇસ સ્થોન મે બૈઠા દેના ચાહીએ. ફીર પ્રતિષ્ઠા કરની પડેગી.

પટેલીઆ—મહરાજ! ઇમાં સ્યેટલુંક ખરસ થાતું હશે?

લાલદાસ—થોરાસા ખરચ કરેંગે, જાદા નહિ કરે.

પટેલીઆ—થોડા તે સ્યેટલા?

લાલદાસ—પાંચ હજાર રૂપયા ખર્ચ હોવેગા.

પટેલીઆ—એટલા બધા તો થઇ હકે નહિ.

લાલદાસ—તીન હજારમેં કરેંગે.

કાનોપટેલ—તારે સોરે આવીને કરો ટીપ. થાશે ઇટલા ખરા; ને ખૂટશે તીનું થઇ પડશે.

જીવોપટેલ—રૂપીઆ તો થાશે પણ કાકાબળિયાને કુણ અહીંથી ખશેડશે.

લાલદાસજી—અરે તુમ સબ રૂપયા તો દેદો, કાકેબલિયેકું તો હમ યહ બાંયે હાથસેં પકરકર ફેંક દેંગે.

પટેલીઆ—બાપજી! ઇમાં હારૂ ના નેપજે, બધા કરતાં કાકાબળિયાનું કૂડુ પડે તે હોથી ભૂંડું.

લાલદાસજી—કયા કરેગા.

પટેલીઆ—અરે ઇતો ખેદાન મેદાન કરી નાખે.

લાલદાસ—તબ કાકાબલીયાને હમારા જો કરના હોવે સો કરે. બાવાકું કહાં લડકા-લડકી કી ગૈવાં-ભેશાં હૈ, કી બલિયાકાકા માર દેવે? ઔ હમેરેકું ખાજાના હોવે તો ખા જાય. કહાં હમ ના કહેતે હૈ.

પટેલીઆ—તારે મહરાજ તમી જાણો. રૂપીઆ તમને કાલે દેશું.

બીજે દીવસે લાલદાસજી મહારાજ રાણીપુરમાં ગયા, અને ટીપ કરી કોઇના સો, કોઇ કોઇના બસે, કોઇના પચાસ કોઇના પચીસ એમ કરતાં કરતાં રૂપીઆ પચીસેં થયા. પછી કાનાપટેલે કહ્યું

કે, પાંચસે રૂપીઆ ગામાતની શિલકમાંથી દેશું; એ ત્રણે હજાર તમારે થઇ ગયા. જાઓ, હવે સારી રીતે પરતીશઠા વિધિ કરી હનમાનજીને બેહારી દ્યો.

લાલદાસ—ઐસાહિ કરેંગે.

તે પછી લાલદાસ રૂપીઆ લઇને મુકામપર આવ્યા. તેમાં પાંચસે પોતાની પાસેં છે, ને પચીસેં લઇને આવ્યા છે; તેથી ચિત્ત ચગડોળે ચઢયું. રાતે પોતાની ઓરડીમાં દીવો બળે છે, પાટપર સૂતા છે, રૂપીઆની ગાંસડી ઓશીકે મેલી છે, ને મનમાં તર્ક વિતર્ક કરેછે.

હાય મેં ક્યા કરું ? મેરેકું સસુર કીન્ને સાધુ કીયા હોગા ? સાધુપનેમે ક્યા સુખ હૈ ? દેખો ગૃહસ્થાશ્રમમે ગૃહસ્થોકું જોરૂઓ સેં કૈસા સુખ મીલતાહે ! ઔર જોરૂહે સો જલ ભરલાવે, અચ્છી તરહસેં રસોઇ પકાકર અપને પુરુષકો ખીલાવે, ઔ સારી રાતભર અપને ધનીકા પાઉં ચાંપે, ઓર કામસુખસે પતિકા મગજ તર કરદેવે, જિસકું સ્ત્રી નહિ ઉનકા ગૃહસ્થાશ્રમ વિકટ વન જૈસા પંડિત લોક બોલતેં હૈ. દેખો યે સબ ઇશ્વર કોટીકે દેવહે સોભી સ્ત્રીવિના નહિ રહતાહે, તો મનુષ્યકી ક્યા બાત ? દેખો સબ લોકપાલ દેવોકું ભી સ્ત્રીયોહૈ, તો ઔરનકી ક્યાબાત ? જો જગતકે પતિ પાલન કરને હારે ઔ મોચ્છકો દેનેવાલે જો બીષ્ણુ હૈ, સોભી વૈકુંઠમે અપની પાસ હીં કમલાદેવી (લક્ષ્મીજી)કું અખંડ રખકર સિંહાસનપેં બિરાજતે હૈ.

જો આદિ નારાયણ ભગવાન્ સો બી શેષનાગ કે અંગરૂપ શય્યામે પોઢ રહતે હૈ. વહાંભી પાસમે લક્ષ્મીજી બેઠકર અપને સ્વામીકા ચરણકમળકી સેવા કરતીહૈ.

બ્રહ્માજીહૈ સોભી અપની શક્તિ સાવિત્રીકો સદા પાસમેંહી રખતે હૈ. ઔર મહાદેવ ભોલાશંકર ત્રિપુરારિ જો જગતકે સંહાર કરને

વાલે ઔ મહા યોગીરાજ, કાલકેકાલ, સ્મશાન વાસી કહે જાતે હૈ, વ નિર્લેપ નિરંજન નિરવયવ માને જાતેહેં, વો ભી સદા પાર્વતીજીકો સદાહિ અપને અર્ધે અંગપર રખકે સદાહિ લીપટ રહતે હૈ; જો ક્ષણભર ભી અલગ નહિ કરતે હૈ. ઇસકે લીયે માના જાતા હૈ કી ગૃહસ્થાશ્રમહી સબસે શ્રેષ્ઠ હૈ. જીને મેરેકું સાધુ કીયા હોવે ઇસકા સસુરકા નિર્વંશ હો જાઓ. હાય! મૈને ઇતના બર્ષ પશુકી સમાન નિકાલા. સબકું સ્ત્રી હે ઔ હમ લાલદાસકું ઔરત નહિ? કયા દુનિયામે સાધુ લોકકું ઔરત કડવી ઝહર લગતી હૈ? અબ મેરી અખિયાં રૂપાલી સ્ત્રીયોંકે મુખ દેખનેમેંહી તલપ રહતીહૈ, ઔર મેરા નાક અચ્છે અચ્છે પુષ્પોકી ઔર અત્તરોકે સુગંધી આને વાલી દિશાપર હમકું આકર્ષણ કરતા હૈ. ઔ હમારા કાનભી ઔરતલોકકે ગાના બજાના હોતાહૈ તહાં હમકું ખેંચ પકરકર લેજાનેંકો ચહાતા હૈ. હમારી ત્વચા સુંદર સુકોમલ સ્પર્શકું નિરંતર ચહારહતી હૈ. ઔર હમારી જો જીભ હૈ સો માલી રોટી ઔર દાલ નહિ ખાસકતીહૈ. ખીર સીરા, પુરી, લડ્ડુ, કાલીરોટી ઔર પકવાન્ન, ઐસા ઐસા નિરંતર ખાનેકું ચહાતીહૈ. અબ તો સબ ઇંદ્રિયોમે બડી ધામધૂમ મચ રહી હૈ; ઔર આપ આપકે વિષયોકું ચહાતી હૈ. અબ કયા કરે? ઇસ બખ્તમે હમકું જો કોઇ ભી જાતકી સ્ત્રી મીલે તો યે તીન હજાર રૂપયા ભી ઉનકું દે દેઉંગા; ઔર સંસારસુખકા ભોગ કર લઉંગા. કયા સસુર બાવા સંસારમે આયા બી ન આયા? સબ લોક સુખભોગ કર લેતા હૈ, તો હમ કાયકું નહિ ભોગે? હમકું એ લૂખા બેરાગ ઔ સાધુપના નહિ ઠીક લગતા હૈ. અબ જો ગુરુને મેરેકું કંઠી બાંધી હોગી સો ગુરુકી કંઠી બહાર ફેંક દેતાહું. ઔર જીને હમકું ભજન કરનેકી માલા દી હે ઇસકું ભી બહાર પટકતા હું. યે તુંબા હૈ ઇસકું ભી ફોડ ડાલતા હું. એ મૃગચર્મ

હે, ઇસકું ભી બહાર નિકાલ દેતાહું. અબ હમસેં યે ઇંદ્રિયગણ રોકે નહિ જાવે. કલ ફીજરમે યે સબ રૂપયા લેકર ભાગ જાઉંગા. ઓર જહાં તહાંસે જેસી તેસી જાતકી ભી કોઇ લુગાઇસેં ગૃહસ્થાશ્રમ કર જીંદગી ભરમે સુખ પાઉંગા. ક્યા કુચ લાલદાસજી કમહે? ઇનકું પૈસા કમાનેકા ક્યોં નહિ આતા હૈ? કલકે રોજસે એ મંગખાનેકા ધંધા છોડ દેગા. આ પ્રમાણે જ્યાં પોતાના મનમાં વિચાર ગોઠવે છે, ત્યાં એક એવો બનાવ બન્યો કેઃ—

રાત ઘડી બે ઘડી ગઇ છે, આકાશમાં મેઘાડંબર છવાઇ ગયું છે, ને મોટે મોટે ફોરે વર્ષાદ પણ પડવા લાગ્યો છે, એવામાં લાલદાસજીના કમાડપાસે આવીને એક સ્ત્રીએ કહ્યું કે, મહરાજ! ઓ મહરાજ!

લાલદાસજી—[સાદ સાંભળી મનમાં વિચાર કરેછે કે હાં કોઇ ઔરત આઇ. મેરી અરજ સુનકર પરમેશ્વરને મેરે હી બાસ્તે ભેજી હોગી. ઇસસેં. અબ ઇનકું મકાનમે લાના ચાહીએ.]

એમ વિચારી પોતાની પાટપરથી ઉઠયા ને બારણાં ઉઘાડયાં. એટલે ત્યાં આવેલી બાઇ બોલી કે કેમ મહરાજ! મને ઓળખી?

લાલદાસ—માઇ તું કહાં રહતી હે?

બાઇ—મહરાજ! રાણીપરમાં પોપટપટલના ઘર પાંહે નહી તાં તમી જમવા પધાર્યાતા ને મેં કળશીઆમાં આપને જંબા માટે ભેંશનું દૂધ દોહી દીધું તું?

લાલદાસ—હાં, હાં, તબ તું રામાપટલકી બહૂ ડાહી?

બાઇ—હા એજ મહરાજ.

લાલદાસ—બહુત અચ્છા, જબ તું બહાર કાયકું ખડી હે? આ ઘરમે.

ડાહી લાલદાસજીની ઓરડીમાં આવી.

લાલદાસ—અબ દો કમાડ બંધ કરકે ઇસકી સાંકલી ચઢા દે.

ડાહી—મહરાજ! હાંકળ સઢાવીને શું કામ સે? મર રહ્યાં અટકાવેલાં ખાલી.

લાલદાસ—અચ્છા, અબે ડાહી તું ઇસ બખ્ત ઇધર કહાંસે આઇ?

ડાહી—મહરાજ! પરમ દી મારા પીરથી એક ખેપીઓ કાગળ લઇને આવ્યો હતો. તીમાં મારા ભાઇએ લસ્યુંતું કે ડાહીને માલમ થાય કે આપણાં માને માતાનું થઇ ગીયું સે. તી તું મોઢું જોવું હોય તો અબ ઘડી આવજે; તે મને તો ફકર થવા લાગી એટલે ઘરવાળાંને કીધું કે તમી એટદી નભવી લેજો, ને ડોબાં જી- વીભાભુને કેજો કે ઇમના હાથીની વહુ પાંહે દોવરાવી આપશે. તે તમી ગોરહામાં બધું નાંખી દેજો. હું આવીને વલોણું કરીશ. તી મહારાજ! મને તો ઇમણે કીધું કે જાજા ઇતો બધું થઇ પડશે, પછી હું તો તરતજ ખેપીઆ હારે હાલી. તો મારી માને જરા સુવાણુ થતી આવતી હતી, ને હાંજે તો સાવ બધું મટી ગીયું. ને કાલનો દી ભેગી રહી, ને આજ તો હવે કાલે વલોણા વારસે તે ત્યાંથી ઘેર આવતી હતી. મારા ભાઇએ તો કીધું કે બેન તારી હારે માણહ મોકલું, પણ અટાણે ખેતીની મોશમમાં શું કામ કોઈ માણહને ખોટી કરીઇ? ને મારી પાંહે કાંઈ જોખમ નોતું. એ હાડલાના ગા- ભાસે, તે લઇને હાલી જઈશ. મહરાજ! તાંથી નેકળી તાણે તો એ તણ ઘડી દી હતો, પણ પાંસ ગાઉની વાટ તે અહુરું થઈ ગીયું. તેમાં સોમાહાના દી તેથી વાદળાં સઢી આવ્યાં ને વરહાદ થવા લાગ્યો તોય કીધું હમણાં ઘરભેગી થઇ જાઉસું. પણ ધનુમાતાપર ગઇ તાણે તાં થઇને એક ગોવાળ ગાયુ લઇને જાતો તો તીણે કીધું કે બાઈ નદીએ તો પાણી આવ્યું સે. તી ભા? જાઓ હનમાનદાદાની ઓઇ- ડીઇ જઇ બેઘડી વીહાંમો કરી પાણી ઉતરે તી પછી જાજો. પછી

મહરાજ હું અહીં આવી. માટે મહરાજ આપ હવે જો મારી હારે આવીને મારે ઘરે પોસાડો તો જાણે જીવતી રહી. હું તમારો ગણ નહિ ભૂલું.

લાલદાસ—અચ્છા, મત ફીકર કરો એ તુમારાહીં ઘરહે. ડાહી અબ થોડી ડેરમેં નદીમેંસે પાણી ખલ્લાસ હો જાય પીછે મેં તેરે સાથ આકર તેરે ઘરતલ્લ પહોંચા દેઉગા.

ડાહી—હાં બાપજી, આપ તો માવતર જેવા સો.

ડાહી સ્વરૂપે જરા દેખવડી ને ભર જુવાન હતી, તેથી લાલદાસજીના શરીરમાં તો કામપીશાચે પ્રવેશ કરી પાંચે બાણોથી વિંધી ઘાયલ કરી નાંખ્યા. ને આંખોમાં પણ અંધત્વ આવી ગયું. ગળામાં કફ ભરાઇ ગયો. આંખો મંદદૃષ્ટિવાળી થઇ, ઝીણી ઝીણી દેખાવા લાગી. શરીરમાં રોમાંચ થયાં ને ડાહીના શરીરના સ્પર્શનો વિલંબ હૃદય સહન ના કરવા લાગ્યું. છાતીમાં દાહ થવા લાગ્યો. ગળે સોષ પડવા લાગ્યો. એવી મહા દુઃખી અવસ્થાવાળા લાલદાસે ડાહી પ્રત્યે પોતાનો પ્રયત્ન ચાલુ કર્યો. તેમાં લાલદાસ બોલ્યા કે,

લાલદાસ—તેરેકું ભૂક લગી હોગી?

ડાહી—બાપજી હું તો મારા પીરથી વાળુ કરીને નેહરીસું.

લાલદાસ—઼ઓ તો ઠીક, ફીર પાંચ ગાઉ તલક તું ચલકે આઇ, ઇનને લીયે તેરા વાળુ ફાલુ સબ સફા હોગયા હોગા.

ડાહી—બાપજી! મારી પાંહે ખૂબ ઢેબરાં બાંધેલાં સે.

લાલદાસ—ક્યા લાલદાસજી કે ઘરમે કુછ કમી હે? કી ઇધર મે તેરેકું ઢેબરા કરડને દઉં? ઐસા કબી નહિ બને.

ડાહી—મહરાજ પણ મને જરીઇ ભૂખ નથી.

લાલદાસ--કાયકુ ભૂક નહિ હે? તેરે બાસ્તે મૈને લડુ કર રખાહે. એમ કહી દિવસે લાડુ કર્યા હશે ને તેમાંથી વધેલા ત્રણ

ઢાંકી મૂકયા હશે, તે લાવીને એક થાળીમાં ડાહી પાસે મૂકયા.

[જે અંતર્યામી લાલદાસજીના હૃદયમાં છે; તેજ ડાહીના અંતર્માં પણ છે. માટે લાલદાસજીનો મનોગત ભાવ બધોય ડાહી સમજી ગઇ. ને જાણ્યું કે આ કરતાં હું નદી ઉતરતાં તણાઇ ગઇ હોત તો બહુ સારું થાત. આ જીવના જોખમમાં આવવું ના પડત. પણ હવે હું જોઉંછું કે જ્યાં સુધી મારા જીવમાં જીવ સે, ત્યાં હુધી તો આ રોયા લંગોટાની આંખોમાં ધૂળ નાંખી ને હાલી ના જાઉં તો મારા ડાહી નામને ધીક્કારસે. મોહની ઉંઘતો એ લંગોટાને આવીસે, ને હું તો જાગતીસું. જ્યારે મારામાં ભૂલ આવે તો મને જણનારી લાજે. જ્યાં હુધી મારા શરીરમાં જીવસે, ત્યાં હુધી મારુ શરીર બાવાનો જરાપણ સપરશ ન કરે. પછી તે પ્રાર્થના કરવા લાગી. કે હે મહાહતી પારવતી! હે દેવી લશમીજી! હે જગદંબા! શાવિતરી! હે શીતાજી! હે અનશૂયામા! હે અરુંધતી માતા! તમે બધીએ હતીઓ આ તમારી રાંક દીકરીની વ્હારે સડજો. હે ભવાની મા, અંબામા, કાળકા મા, અત્યાર હુધી જો હું ખરેખરી પતિવરતા અને શીયલવતી હોઉં તો મારું પતિવરતપણું તમે હૌ મળીને હસવાવજો.

હે શારદા દેવી, અટાણે મારી જીભપર આવોને બેહજો હે કાળકામા, તરીશુળ, ભાલો, સકર, બરસી અને તરવાર લઇ અટાણે મારી સહાય કરજો. એ પ્રમાણે મનમાં ઇષ્ટ સ્તુતિ કરે છે, તેવામાં

લાલદાસ બોલ્યા કે-- કયોં ડાહી! કયોં ખાને નહિ લગતી હૈં? લડુ અચ્છા હૈ, સક્કરકા હૈ, ઔર સેર આટામેં સેરભર ઘી ડાલ દીયા હૈ. ઔ ખાને યોગ્ય હૈ.

ડાહી—મહરાજ! જો હું ખાઉં તો મને તમારા હમસે.

લાલદાસ--અબતો ખાલે, હમ મરજાવે તો કુછ ભી ફીકર નહિ. તું એ લડુ સબ ખાજા.

ડાહી—મહરાજ આપ જેવા મોટા પુરશનું પાપ લઇને હું તો મરી જાઉ તોપણ નો ખાઉં. અહીં શું કામ થાળી મેલીસે? લઇ ને તમારું હતું તીમ ઢાંકી દ્યો. નકામું અભડાશે તો તમારા કામમાંથી એ જશે. હું તો નથી ખાવાની.

પછી લાલદાસજીએ થાળી હતી તેમ ઢાંકી દીધી. ને પછી ઓરડીનાં કમાડને સાંકળ અટકાવી પાટપર બેઠા. દીવો બળે છે, ને ડાહીના સામું જોઇ બોલ્યા કેઃ—

ડાહી અભી તુ નીચે કાયકું બેઠી હૈ? ઇધર પાટપર આજા. ઇધર બેઠ.

ડાહી—મહરાજ! આપ જેવા શંતના આશનપર મારાથી તે બેહાય?

લાલદાસ—હાં, હાં, ક્યોં નહિ બેસાય? આજા ઇધર બૈઠ.

ડાહી—મહરાજ મારાથી નો બેહાય.

લાલદાસ—ક્યૌં સંતકી આગ્યાં નહિ માનતી?

ડાહી—મહરાજ! શંતની આગના તો માનવી, પણ તે રીતની હોય તો મનાય. ને કરોતની હોય તો નોય મનાય.

લાલદાસ—સંતકી સેવા ક્યૌં નહિ કરણી?

ડાહી—મહરાજ! શંતની શેવા કરવી, ને શંતને અન્ન આપવું, વસ્તર મળે તો આપવું, જળ આપવું. અથવા ઇમને જે જોઇતું કરતું હોય તે આપણી પાંહે હોય તો આપવું

લાલદાસ—હમ ઐસાહિ મંગતા હું; કે જો તેરી પાસ હોવે ઇસસેંહી સેવા કરણી હૈ.

[ડાહી સમજી ગઇ તેથી બોલીકે]

મહરાજ હું તો તમારી દીકરી સું; ને તમે મારે તો બાપસો. માટે મારે માટે તો તમથી આડું અવળું કાંઇએ નો બોલાય.

લાલદાસ—ઐસા ગડબડ સડબડ કાયકું કરતી હૈ? મે કહાં તેરેકું કુછ કહેતા હું?

સંત પુરુષોકા બોધ સુના એનો સચહૈ કી નાંહી?

ડાહી—મહરાજ! શંતનો બોધ હાંભળવો પણ તેમાંતી ફક્ત હાર હાર ને પોતાના ખપનો બોધ હોય તે લેવો. જેમ દૂધને પાણી ભેગાં થાયેલાં હોય તીમાંથી હંશ જ્યમ દૂધ સૂશી લઇ પાણી પડયું મેલે છે. ઇમ શંતના બોધમાંથી પણ જે પવિતર ધર્મનો બોધ થાય ઇવાં ગનાન, ભક્તિ, નીતિ ને વેરાગનાં વસનો હોય તે લેવાં; ને અધરમ, અનીતિ, પાપ ભરેલાં ને વકારવાળાં વસનો હોય તેનો તો નરકની પેઠે તાગ કરવો.

લાલદાસ—ડાહી! જો યે તેરા જો દેહ હે, ઓ પંચમહાભૂતન (આકાશ, વાયુ, અગ્નિ, જળ ને પૃથ્વી.) કા હે. સબમેં હાડ, ચામ, માંસ, લોહી જૈસા બડા ખરાબ પદાર્થ ભરા હૈં. ઔ કાચકી હંડી માફક ક્ષણને નાશ પામને વાલા હૈ. ઈસી કારણ શરીરસેં સંતકી સેવા કરકે દેહકા સાર્થક કરનાં. નહિ તો એકદિન મર જાયગા જબ કૂતા બી નહિ ખાયગા. ઇતને બાસ્તે તન, મન ઔ ધનસેં હરિજનો ઔ સંતપુરુષોંકી સેવા કરણી ચાહીએ.

ડાહી—મહરાજ! અસ્રીયોનો પોતાના શરીર પર જરા જેટલો પણ હક નથી, કેમકે જ્યારે મા બાપ દીકરીઓનો હાથ કંકુએ પીળી જે વરના હાથમાં આપી કન્યાદાન કરેસે, તે દાન લેનાર પુરુષનોજ અસ્રીના શરીરપર માલકી પણાનો હકસે. માટે જો કોઇ પણ અસ્રી પોતાના શરીરથી બીજા પર પુરુષની સરણ સેવા કે મોજ શોખ કરેસે તે ઘોર નરકમાં પડેસે. માટે આપ જે કાંઇ ધારતા હશો તીમાંનું કાંઈ પણ બનવાનું નથી. માટે તમી તમારે માપે રેજો.

લાલદાસ—ડાહી! યહ સંસાર મે પાપ ઔ પુણ્ય કુછ બી

નહિ હૈ. ઔ નરક તથા સ્વર્ગ બી નહિ હૈ. જો મનુષ્યકા અવતાર મીલા તો ખાનાપીના, એશ આરામ કરના ઔ અપને જીવાત્માકો સદા હી આનંદ મે રખના. તેરેકું યહ નરક સરગ કા માર્ગ કીન્ને બતાયા ?

ડાહી--મહરાજ તમારી આંખોએ અંધાપો આયોસે ને કાળજું પથ્થર કે વજ્જર જેવું કઠણ થીયું સે. તેથી તમને પાપ-પુણ્ય તથા સરગ-નરક નથી હુજતાં. પણ હું તો મારી નજર આગળ જ હો દેખું સું.

લાલદાસ--જબ હમકું દીખલાદે ? સરગ નરક ઔ પાપ પુણ્ય કહાં ઔર કૈસા હૈ ?

ડાહી—મહરાજ ! હૈયું ને આંખો ફુટેલી હોય ત્યારે તે ન હુજે. પણ ધરમરાજાના જમડા બધુંય તમને રજેરજ બતાવશે.

લાલદાસ--નહિ, નહિ, ડાહી ! કુછ નહિ હૈ. યહ શરીર મેં એક હી સચ્ચિદાનંદ પરમાત્મા હૈ, સો સદા શુદ્ધ, અજર, અમર, નિર્લેપ શુદ્ધ હીં રહતે હૈ. ઉનકું કુચ્છભી સારે બૂરે કર્મકા લેપ નહિ હોતા હૈ.

ડાહી--મહરાજ ! એવું જો સત્ ચિત્ ને આનંદ રૂપ આ- આત્માનું જ્ઞાન થીયું હોય તેને આવાં તુચ્છ હાડ, માંહ, માટી સુંથ- વાની ઇસ્સા પણ ન થાય. આત્મા અજર, અમર, તેમજ તે પૂર્ણ- કામ, નિરિહ અને અક્રિયસે તેવા તે ચેતન સ્વરૂપને વિષય સુખની સ્પૃહા ત્રણ કાળમાં પણ હોય નહિ. જીણે પોતાના આત્મ સ્વરૂપનું દર્શન કર્યું સે, જીને સ્વરૂપનું સાચું ભાન થીયું સે, જીણે અપરોક્ષ આત્મજ્ઞાનનો અનુભવ કર્યો સે. તીને તો સર્વમાં આત્મભાવ થવાથી, તે જ્ઞાની પુરુષને સ્ત્રી સુખની ને જ્ઞાની સ્ત્રીને પુરુષ સુખની ઇચ્છાજ થવી સંભવતી નથી. માટે મહરાજ તમી ગમે તીમ બોલી મને

ભોળવવા જશો પણ તીમાં તમારૂં કાંઇ પણ વળે ઇમ નથી.

લાલદાસ—ડાહી! તું તો બડી બિદ્વાન, ગ્યાંની ઔ ઇશ્વરકી બેટી જેસી બનગઇ હે, કી ઇશ્વરકે સ્વરૂપ કી ભી બાત કરતી હે.

ડાહી—જે કહેવું હોય તે કહો.

લાલદાસ—ડાહી અબે તું એકવાર એ હમારી પાટપર આ. દેખ જો? તેરા ધની રામા હે સો તો બડા ગંવાર ઔ હલ હાંકને વાલા જડ હે, હમારી જો ચતુરાઇ હે ઔ જો જો ઔરતોકો ખુશી કરને કી બિદ્યા હમ જાનતે હે, સો સાલા બેલજેસા રામા ક્યા જાન સકે? રામા કે ઘરમે અચ્છા ખાને પીનેકા ભી કહાં હે? તું તહાં ક્યા સુખ પાવેગી? રામા બહોત ગરીબ આદમી હે, ઇસકે પાસ કુછ પૈસા ભી નહિ હે. ઐસે નિર્ધનકે ઘરમે પડ રહને સેં તેરેકું ક્યા સુખં મીલેગા?

ડાહી—મહરાજ! બસ કરો; હદ થઇ. મને મારા ઘરના ધણીની જરા પણ નિંદા હંભળાવશો નહિ. હું તો તમારા જેવાનું લોહી પીનારી મહાકાળી સું. હું તમને આખાને આખા સુશી જનારી કાસા સાવીખાનારી સુડેલ સું તમને કરડા ખાનારી સંડિસું. રોયા લંગોટા સળી ગીયેલો સું. પણ યાદ રાખજે કે તારા શા શા બે હાલ થાય સે. એમ ખૂબ રોષે ભરાઇ ને બોલતાં બોલતાં ઉભી થઇ.

[લાલદાસ મનમાં વિચાર કરવા લાગ્યા કે આ બાઇ ખાવાની લાલચથી ન લોભાઇ, બોધથી પણ ના સમજી, બીજી મોહની વાતોથી પણ ન લોભાઇ, અને એનો માનજ ગયો. માટે રૂપીઆ દેખાડીશ તો તુરત ટાઢી પડી જશે ને મારો સ્વાર્થ થઇ જશે. એમ ધારી શાંત થઇ બોલ્યા કે]

લાલદાસ—બેઠ બેઠ ડાહી. તેરેકું દુઃખ લગા જબ એક ભી અક્ષર અબ નહિ બોલુંગા. ફીર એક વાત મે જો બોલતા હું સોસુન.

ખાસ તેરે વિચાર કરણેકા હે કી જો તું મેરી પાસ આકર મેરી સબ જીંદગી સફલ કરનેકે બાસ્તે તેરા શરીરકી જો ભેટ દેદે તો યહ તીન હજાર રૂપયા તેરેકું અભી દે દેઉંગા.

ડાહી—હત તું ફાટી મરે રોયા ! તારી જીભ વઢાય ! તોય લખ્યણ તો લખ લખાયા વના નો રીયોને? તારા ત્રણ હજાર રૂપીઆમાં મેલ પૂળો, દીના ઉઠેલ ! રોયા કૂતરા, હું તો હારાં આબરૂદાર માબાપની દીકરી સું. કણબીની દીકરી સું. કાંઈ નારૂં કારૂં નથી. તે રોયા એવા રૂપીયા લઇ જાત વેસવાનું વેસ્યાનું કામ કરૂં? અરે હું તો ભોગ લાગ્યા તે અહીં આવી. હવે તો ગળે કાંટા પડ્યા તોય પીવા પાણી હરખુંય નો મળ્યું.

લાલદાસે રૂપીઆ પાછા બાંધી ઓશીકે મેલ્યા. તે ડાહીએ જોઈ લીધું.

[પછી લાલદાસ બોલ્યા કે ક્યો ડાહી તેરેકું પ્યાસ લગીહે]

ડાહી—સ્યારનીએ લાગીસે, પણ શું કરૂં તમી ખોટું ઝાકળીયું ઝુડો તાં મારી વાત કોણ હાંભળે? [ડાહીએ વિચાર કર્યો કે આ રોવાને હવે સ્ત્રી ચરિત્ર કરી જાણી એના પંજામાં આવીછું તે છૂટી નભોઇ થઇ જાઉં એમ ધારી તરસના બાને એ પ્રમાણે બોલી.]

[લાલદાસે વિચાર કર્યો કે ડાહી હવે મને અનુકૂળ થઈ મારી ઇચ્છા પૂરી કરશે માટે પાણી લાવીને પાવું.]

લાલદાસ—તેરેકું પ્યાસ લગીહે, જબ પાની લેઆઉં?

ડાહી—તમી જાણો લાવવું હોય તો લાવો.

લાલદાસ—અબ ક્યા કરે? આજ તુંબાતો ફોડ ડાલા હૈ. ફીર મટ્ટીકા ઘડા હૈ, ઓ ભર લાઉંગા.

એમ ધારી એક નાનો માટીનો ઘડો ને જાડી સૂતરની દોરી હતી તે લઇને કમાડ ઉઘાડી બહાર નિકળી કૂઇ પર પાણી ભરવા

ગયા. લાલદાસ બરાબર કૂઈ પાસે ગયા તે ડાહીએ જાળીએ રહીને જોયું. ને કૂવામાં જ્યાં ઘડો ફાંસ્યો કે તુરત ડાહીએ એ મકાનનાં બારણાં બંધ કરી, અંદરની બે સાંકળો તથા ભુંગળ હતી તે વાસી દીધી. તથા હનુમાનજીના મંદિરનાં બારણાં પણ બરાબર બંધ છે કે નહિ, તે જોઇ આવી. નિરાંતથી ડાહીબાઇ ઓરડીમાં બેઠાં, એવામાં લાલદાસજી આવ્યા. ને બોલ્યા કે અબે ડાહ્યાબાઈ ડાહી બાઇ! યે પાની લ્યો પીકે તુમારી પ્યાસ બૂઝાદો. તુમને કીંવાડ કાયકું બંધ કીયે હેં, ઝટ ખોલો.

ડાહી—મહરાજ! કમાડ તો દહાડો દોઢ પહોર સઢશે તારે ઉઘડશે.

લાલદાસ—અબે ડાહી! ઐસા નહિ હોના ચાહીએ, તાકીદસેં કીંવાડ ખોલ દે.

ડાહી—મહરાજ! એતો માથું પટકીને મરો તોય નો બને!

લાલદાસ—હાયમે મારા ગયા, હાય મેરેકું લુગાઇને ઠગા, ઐસા બોલ બોલ કર બાંયે ઔ દાહિને હાથકી મૂઠીયોં વાલકર છાતી કુટને લગા.

(તે પછી ડાહી હનમાનજીના મંદિરમાં જે કાકાબળિયાનું માથું હતું તે ઉપાડી લાવી. તેતે લાલદાસજીની રહેવાની ઓરડીના બારણા પાસે રાખ્યું. ને બોલી કે હનમાનજીના મંદિરનું બારણું ઉઘાડું સું. એટલે લાલદાસ ત્યાં જઇ બેહાથનું જોર દઈ ઉભા રહ્યા કે કમાડ ઉઘાડે કે તુરત હલ્લો કરીને માંહી પેસી જાઉં, કે તે ફરી વાસે નહિ. એવામાં તો ડાહીએ બીજી ઓરડીનું બારણું જરા ખુલ્લુ કરીને કાકાબળિયાનું માથુ બહાર નાંખી, કમાડ બંધ કરી દીધાં.

લાલદાસ—અબે ડાહી તુને કીયાથા કે કીંવાડ ખોલતી હું ફીર ક્યું નહિ ખોલા?

ડાહી—કમાડ ખોલવાં ક્યાં હાંમા કરી મેલ્યાંસે કમાડને બદલે એ પથરો નાખ્યો તમારે હારૂં.

લાલદાસ--કાયકે બારતે?

ડાહી—તમારે માથું ફોડવા. છાતી કૂટો સો તી ભેગા ભેગું માથુય કૂટો.

લાલદાસ—ડાહી! હવે બહુત થયા, અબ કીંવાડ ખોલદે.

ડાહી—મહરાજ! હજુ તો પહેલમાં પૂણીસે. હજુ તમારે માંથે બરાબર નથી થઇ, પણ જુઓ હવે પાપનો ઘડો ભરાણો સે. ભેખ લીધો શાધુ થયા ઇટલે મનમાં આવે તીમ બોલવું, મફતીયો માલ ખાવો, ને ધરમને બાને હરામના પૈસા ભેગા કરી લોકોનાં બઇરાંની લાજ લેવી, એવાં શાધુનાં કામ કની? જૂઓ જૂઓ પરહુ ઇનાં સ્યેવાં ફળ સખાડશે?

(જેમ કોઇ સિંહણ તાડુકા કરે તેમ ઘરમાં રહી રહી ડાહી બોલતી હતી.)

[લાલદાસે વિચાર કર્યો કે હવે તો કમાડ તોડી નાખું ને રાંડને પકડીને ખૂબ માર મારું. એમ ધારી કમાડને ખૂબને ખૂબ લાતો મારી પણ એ ઓરડીયો બેય નવી હતી, તેથી કમાડ પણ મજબૂત પાટીયાંનાં ને લોઢાની પાટી તથા જબરી વેણીઓ ઘ્રાંગવા જડી તેમાં મોટા મોટા અણિદાર માથાવાળા ખીલા જડેલા હતા. તેથી લાલદાસે જેમ જેમ લાતો મારી તેમ તેમ તેમની પાની તથા પગની એડીઓમાં ખૂબ વાગ્યું. જ્યારે લાતો મારતાં થાકયા ત્યારે બેય ઓરડીઓની પ્રદક્ષિણા ફરી બેય બારણાંનાં કમાડોને બબે પાટુ મારતા જાય ને બોલે **સાલી ડાહી ઉઘાડ સાલી ડાહી ઉઘાડ,** અબ તો મરગયા. એમ કરતાં કરતાં ખૂબ કમાડને લાતો મારી; પણ કમાડને જરા પણ કાંઇ અસર થઈ નહિ. ત્યારે નિરાશ થઇને બોલ્યા

કે ડાહી? તેરેકુ અબહું મેરી મા, બહીન ઔર બેટી બરાબર માનતા હું અબ કીંવાડ ખોલ.

ડાહી—મહારાજ! એ બધુંય ખરૂં પણ મારૂં નામ સે તેવો તીમાં ગુણ ના હોય તંઈ ખોલુંકની?

ડાહી—મહારાજ! મે નોતું કીધું કે હુંતો પરતશ સંડી, ભેરવી તથા કાળકાસું તમ જેવાને ભરખનારી જાગણીસું તોય માન્યું તું? મહારાજ! હવે હું મારા દખને નથી ગણુતી, મન તો કાંઇ દખજ નથી, કીમકે જીની દાનત સોખી સે, તીને તો મારો દિનાનાથ વહાર કરેસે. પણ બીજી બસારી કોક કાસી પોસી હોત તો તો તમી તીને માથે કુણ જાણે શુંયે વિતાડત. તમારા કરમમાંથી કોક બસારીનો જીવ જાત. જુઓ તો ખરા! રાણીપરમાંથી કાંઈ સપટી નોદે, એવું કરું. હવે તમારું ભાગ્ય ફૂટી ગીયું. ઇમ હમજજો. તમી તો ફાટી ને ફઠ ગીયાસો મહારાજ! જો મારી પાંહે તરવાર હોત તો ઓરડીમાંને ઓરડીમાંજ ધડ માંથુ જૂદાં કરી નાંખત.

લાલદાસ—માઇ! મે તેરા લડકા હું, મેં તેરા ગુલામ હું, અબી બહોત દુઃખપાતા હું તું મેરેકું જીવિતદાન દે તેરા અચ્છા હોગા.

ડાહી—મહારાજ મર મારૂં ભુંડુજ નો થાય, પણ કમાડ તો નહિજ ઉઘાડું. તમ જેવાને કીધે કોઇનું ભલું કે ભૂંડુ થતું નથી.

તે પછી લાલદાસ તો નિરાશ થઇ લમણે હાથ દઇ હારીને હેઠે બેઠા.

[તે પછી લાલદાસ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે]

અબ જો હોના સો હો ચૂકા; ડાહી કભી કીંવાડ નહિ ખોલે. ઔર ઇસ વખ્ત જો ડાહી ચલી જાયગી, તો યે લાલદાસકા સબ જીવન નિરર્થક હો જાયગા. ઔર ફીર જીંદગી ભરમેં લાલદાસ એસી સુખ ભોગનેકો ભાગ્યશાલી કભી નહિ બને. ઐસા બખ્ત કભી મી-

લને વાલા નહિ. એ ડાહી ખૂબસુરતહૈ, રૂપમેં અચ્છી હૈ, જુવાન હૈ ઔર સબ બાતસેં ગૃહસ્થાશ્રમકે લાયક હૈ. એક બાત જો હમારા શરીરકું ઇનકા સ્પર્શ હો જાવે, ફીર એ કભી હમારા ત્યાગ નહિ કરે. અબ જો હોના સો હોવે, ફીર યહ બખત નહિ ગુમાના. કરના સો ડરના નહિ, જબ ડરના તબ કરનેકા કયા? એ સાલી રંડિયાં કયા કરેગી? કીવાડ નહિ ખોલે તો યે છાપરેમેસે ગીર પડકે ઇસકી સાથ મેરા જીવાત્માકો સંતુષ્ટ કરેંગે. ફીર એક વખ્ત પૂછે સહી. ડાહી? કીવાડ ખોલનેમેં કયા કહતી હૈ!

ડાહી કાંઇ પણ બોલી નહિ.

લાલદાસ—ડાહી ડાહી કયાં મરગઇ કયા?

ડાહી—મહારાજ! તમો મરોને ઝટ, આ ધરતી પરથી ભાર ઓસો થાય!

લાલદાસ—હાં, અબ દીખલાતા હું કે હમ મરતે હૈ કી તું મરતી હૈ. દેખ અબ કીવાડ નહિ ખોલતી તબ એ છાપરા તોડ કર અંદર આકે તેરા નાક કાટ દઉંગા. ઔર જાનસે ભી માર દઉંગા.

ડાહી—હવે માર્યા માર્યા. હું તો કોઇને મારનાર દેખતી નથી.

લાલદાસ—હમ મારેંગે.

ડાહી—તમેજ મરી ગયેલા સો ને બીજાંને સ્યાં મારતા હતા.

લાલદાસ—દેખલે તબતો.

(એ પ્રમાણે બોલી લાલદાસ ભીંતે જે જે ખીંટીઓ હતી તે ઝાલી, તે પર પગ રાખી મોતીયું ઝાલી, ધીમે રહીને છાપરે ચઢયા. ને નેવાં ઉઘાડી નાંખ્યાં. એટલામાં ડાહીએ જઇને મહારાજની પાટપર ઓશીકા ભણી ત્રણ હજાર રૂપીઆનું પોટકું હતું, તે લઇને

પોતાના સાલ્લાના પોટકામાં બાંધી લીધું. ને જાળીએ રહીને લોકોની અવરજવર થવાની વાટ જોવા લાગી.

એવામાં તો **લાલદાસજીએ** છાપરા ઉપર જે વાંસનું સૈઢણુ હતું તે પોતાના હાથ વતે ભાગીને પોતાનું શરીર માંહી પેસે એટલો માગ કર્યો. પણ તે વાંસનાં ખપાટીઆં તો હાથ વતે ભાગ્યાં, પણ પછી તો મોભ ઉપર જડેલી વળીઓનો માળ આવ્યો, તે પણ પોતાના કાંડાના બળથી ભાગવા માંડી તેમાં હારબંધ ચાર પાંચ વળીઓને ભાગીને માંહી શરીર જાય એટલું બાખું છાપરે પાડયું; પણ પછી વિચાર થયો કે બાખામાં પહેલા તે પગ ઘલાતા હશે કે માથું? એ વાતનો વિચાર મનમાં ગોળાવા લાગ્યો પણ તેમણે ભીલ કે કીરાત કુળમાં રહિને કોઈ દિવસ તસ્કર વિદ્યાનો પાઠ લીધેલો નહિ, તેથી અને ડાહીના ઉપર શ્રીઇશ્વરની પ્રસન્નતા છે તેથી **લાલદાસજી**ને તો એવોજ વિચાર સુઝયો કે જો પગ ઘાલીશ તો ડાહી કયાં છે? તે સુઝશે નહિ; માટે પહેલું માથુંજ માંહી ઘાલવું. એમ ધારી પોતાના મસ્તકનો તેમાં પ્રવેશ કર્યો. ને પણે પણ તૈયાર થઇ રહેલી ડાહીએ બારણાં ઉઘાડી દીધાં. મહારાજનું માથુ માંહી લટકયું પણ કોઇ ઝલાશે નહિ તો માથું ભાગી જશે એમ ધારી **લાલદાસજીએ** પોતાના બે હાથ પણ માથા સાથે માંહીલી પાસ ઉતારી લીધા. પણ દૈવયોગે એમ બન્યું કે પોતે જે માળેલી વળીઓ ભાગી તે હાથે ભાગવાની માટે એક વળીનો છેડો જરા આગળ પડતો રહી ગયો, તેથી **લાલદાસજીની** કેડે જે લંગોટી રાખવાનો આડબંધ (જાડા મૂજના દોરડાનો કંદોરો ખાખી લોકો રાખે છે તે) હતો; તેમાં તે વળીનો છેડો પેસી ગયો. ને ત વળીનો દાંડો મજબૂત હતો તેથી લાલદાસના શરીરનો ભાર જીલી શકે તેમ હતું. તેથી જાણેકે લાલદાસને કેડે દોરડું બાંધીને કોઇએ ખીંટીએ ટીંગાળ્યા હોય એવું થયું.

પણ પોતાનું જોર ડાહી નાશી જશે એવા વિચારથી જમીન ઉપર ધસવા માટે કર્યું, એટલે તે વળીનો છેડો બરાબર માંહી જરા આઘો ઉતર્યો, તેથી માથુ ને બે હાથ નીચે ટટળ્યા ને બે પગ છાપરા ઉપર જાણે ધજાગરો રોપ્યો હોય તેમ દેખાવા લાગ્યા. તે બેય પગે જાણે આકાશરૂપી મારગે ઉંધે માથે ચાલતા હોય તેમ તે ડાબો ને જમણો પગ આઘા પાછા થવા લાગ્યા. ડાહીએ આ તમાસો જોયો કે હવે રોયો લપટાયો, નહિ નીચેય અવાય કે નહિ ઉપરે ચઢાય; કારણ કે બે હાથ તળેના ભાગમાં આવી ગયા ને હાથને ઝાલવા માટે કાંઇ પણ અવલંબન આધાર હાથ આવ્યું નહિ. આ વખતે ઘાટ એવોજ બન્યો કે જાણે વસિષ્ઠ ગુરુના વચનનું ઉલંઘન કરવાથી ત્રિશંકુને ઉંધે માથે લટકવું પડયું હતું તેમજ લાલદાસને પણ બળરામદાસ જેવા પવિત્ર સંતરૂપ ગુરુના વચનનું ઉલંઘન થવાથી થયું. તુળસીદાસજી જેવા મહાસંતના વચનનો લોપ કરવા જાય તેને ઇશ્વર આવી શિક્ષા કરેજ !!!

એવામાં ડાહીએ પણ જાણ્યું કે હવે રોયો છાપરા ઉપર જઇને ધ્રુબકો મારીને મારી પાછળ દોડે તેમ પણ બને એવું નથી. ને ઓરડીમાં આવી મને પણ કનડગત કરી શકે તેવું પણ નથી. તો પણ હવે મારે અહિંથી ઝટ નિકળી જવું જોઇએ. એમ વિચારી ડાહી પણ તુરત ૪ હનુમાનજી વાળી ઓરડીનાં કમાડ ઉઘાડી બહાર નિકળી મુઠીઓ વાળીને રાણીપુરને માર્ગે હાલી. એવામાં પાંચ દશેક ભરવાડણો રાણીપુરમાં જવા માટે છાણાંના ટોપલા લઇને પાછળ આવતી જોઇને ડાહીના મનમાં થયું કે હાલો મારે જોઇતો હાથ પણ મળી આવ્યો, હવે જખ મારે છે રોયો લાલીઓ. ડાહી તો મોટા પરોઢીઆમાં ખગઅગુ થતાં ઘર ભેગી થઇ ગઇ. ને આવીને તુરત પોતાના ધણીને ઉઠાડી વલોણાવાર હતો માટે પોતાના વલોણાનું

કામ કરવા લાગી.

એમ કરતાં કરતાં વાણું વાયું ત્યારે તે ગામમાં બે ભાઇઓએ મજીઆરો વહેંચ્યો હતો તે તેમને ખેતરો વેંચવાનાં હતાં માટે તે માણસો **કાનોપટેલ, ખોડાપટેલ, પોપટપટેલ, જીવોપટેલ** અને બીજા પણ કેટલાક ઘરડેરા આદમીનું પંચ લઇને પોતાનાં ખેતરે જતા હતા તે ત્યાં હનમાનજીનાં મકાનો પાસેં આવ્યા. ત્યારે તો છાપરા પર બે પગ ઉંચા ને આધા પાછા થતા હતા તે જોઇને **કાનોપટેલ** બોલ્યા કેઃ—

વાહરે વાહ! કાંઇ ગાંમને પાધર તપેશરી શંત પધાર્યા સે? **ખોડાપટેલ**! જુઓ બોલ્યા **લાલદાજી** મહરાજે ઉંધે માથે તપ આદર્યુંસે તે જુઓ ઇમના ટાંટીયા ચેવા જાણે હરગમાં હાલતા હોય ઇમ થાયમે.

ખોડાપટેલ એ તો ન્યાંકને જાણોજ સોને, હરગ તે સ્યાં મારગમાં પડયું સે? પણ લાલદાહજીતો ભારે તપેશરી ને પવિતર શાધુ તો ખરા. ભલભલા શાધુ શંત જોયા પણ ઇ કે આ લાલદાજીની તો તોલે નો આવે, આવું તપ કરી હકે એવો તો ઇકે નો દીઠો.

કાનોપટેલ—ભલે બાપલા ભલે, બાપજી! હવે તમારે આવું કાયા કશટી તપ કરીને સીયું અંદર મહરાજનું અંદગશન લેવુંસે? બાપજી! સેક આમ થતું હશે? અમને જરા હંભળાવ્યું હોત તો તમને આભલામાં ઉભુ રહેવાય એવો ઝોળો બાંધી દેત કની? તમારે આટલું બધું મહુ નો થવું પડત? વાહરે વાહ! શાં રાણીપરનાં ભાયગ. કે આવા તપેશરી શંત ગામને પાધર રહીને તપ કરેસે. ધન ઘડી ધન દહાડો ઇમના પેટમાં આપણા ઘરનો કણકો જાય એવું ભાયગ સ્યાથી? બાપલા! જે જે શીતારામ, એમ બોલી કાનોપટેલ આગળ હાલ્યા. તે જોઇ બીજા બધા પટેલીઆ પણ બાપજી જે જે સીતા-

રોમ બોલી એ મકાનોના બારણા આગળ થઇ ને ચાલ્યા ગયા: પાછળથી બીજા પટેલીઆ આવતા હતા તેમાંનો એક કાળોપટેલ બોલ્યો. અલ્યા તરીકમા જોજો બોલ્યું શું દેખાય સે ? જોને જાણે કે કોઇ ઉંધે માથે આભલામાં સાલતું હોય એમ જણાયસે.

ત્રીકમ પટેલ—હા, અલ્યા. કાળા ? આતો નહિ મારો હિસરો એક બાવો આયોસે થેકડીઆ હરમાનમાં, તે આપણા ગામના પંસે મળીનેથેકડીઆની જાયગા હોંપીસે. તે બાવો આપણા રાણીપરમાં માગી ખાયસે ને અહીં રહીને તપ કરેસે. જોને હાળકડીના બેય ટાંટીયા વારા ફરતી જાણે મોટી ફલંગો ભરતો હોય તીમ તપના જોરે હરગમાં જવા બાયશકલ સલાવેસે. કાંઈ બાવો તપ કરેસે ? ભલે, ભલે, બાવા તારી મા ન મરે બાવા ? બસારો બહુ દખી થાયસે. પણ આપણ શું કરીઇ હંને તપથી વખૂટો પડાવઇ તો આપણને પરહુ પૂસે કે તમો શું કામ વસમાં પડયાતા ?

હવે આપણે હાલો હાલો, આગળ બોલ્યા તો મહોર વધી ગીઆ. ને આપણે બે પાસળ પડારીઇ.

પછી બધા પટેલીઆ બે ભાઇઓની વેંચણીનો ખુલાસો કરીને જ્યાં થેકડીઆ હનુમાન પાસે આવ્યા ત્યાં તો લાલદાસજીનો આડબંધ ખસતો ખસતો વળીના છેવટના ભાગ ઉપર આવ્યો, ને ત્યાંથી જાણે કે હમણાં નિકળી જશે તો નીચે પડતાની સાથેજ પ્રાણ જતો રહેશે; તેથી બુમેબુમો પાડી રોવા લાગ્યા.

હાય મેં મર ગયા ! કોઇ મેરેકું ઇધરસેં ઉતારો ! હાય હાય મર જાતાહું ! અબ રહા નહિ જાતાહે ! કોઇભી રસ્તામે જાને વાલે દયાલુ ઇશ્વર આકે મેરેકા છૂટકા કરો ! મેં મર જાતાહું ! હાય મેરી બૂરી હાલત હો ગઇ હૈ ! અબી પડ જાઉંગા ! હમારા શિર તુટ જા-

ચગા! આઇયે, ભાઇ! આઇયે! એ લાલદાસ તુમારે લડકેકે સમાન હૈ. ઇનકું કોઇ છૂડાઓ!

એ પ્રમાણે લાલદાસ તો પોકાર કરવા લાગ્યા. એવામાં આખું બધું પટેલપાંચ આવ્યું

કાનોપટેલ—અલ્યા સાંભળો, સાંભળો. આ કુણ બરકા પાડેસે?

એકો—માનો ના માનો પણ સાદ તો લાલદાજી જેવોસે.

કાનોપટેલ—ન હોય, હવે એવા તપેશરીને શું દુખ હોય કે રોવે?

પોપટ—ગમે ઇમ હોય પણ સે તો લાલદાજી

કાનોપટેલ—ભઇ! તારે તમી બધા જુઓને! બવાગા કાંઇ બાંદા પડયા કે શું? કાંઇ શરીરમાં તાવબાવ ભરાણાસે? પણ આપણે બરકા પાડેસે?

પછી બધા પટેલીઆઓ ઓરડી પાસે આવ્યા ને ઉપરની સાંકળ ઉઘાડી કમાડ ઉઘાડી માંહી જોયું તો બાવાનો આડબંધ વ-ળીના ગેદમાં ભરાઇ રહ્યો છે, તેથી લાલદાજી લટકી રહ્યા છે. એમ જાણી બેચાર પટેલીઆ છાપરાપર ચઢયા ને લાલદાસજીને ઝાલી રાખી, આડબંધ વળીના ખાંપામાંથી કાઢી ઉંચે માથે ઉચકીને છાપ-રાપર લઇ લીધા.

પછી લાલદાસજી ધીમે રહી નીચે ઉતર્યા ને પછી પોતાની પાટના ઓશીકે જોયું તો રૂપીઆની પોટકી જોતાં ના મળી એટલે ઓરડીના ઉમરા ઉપર જઇને ઉમંગ સાથે; ધડીમ ધડીમ માથું કૂ-ટવા લાગ્યા. તે જોઇ કાનોપટેલ કહે અલ્યા, ઝાલો, ઝાલો મહ-રાજને, આ શું થઇ ગીયું? પછી પટેલીઆઓએ માંથુ ઝાલી રા-ખ્યું ત્યારે બેય હાથની મૂઠીઓ વાળી છાતીમાં ધડીમ, ધડીમ, ધ-ડીમ મારવા માંડી.

પટેલ પંચ—બાપજી!બાપજી! આવું થાય શું કામ આમ કરોસો?

લાલદાસ—તુમ સબ હઠજાઓ, હમ મરજાયેંગે. હમારે મરના હૈ. ચલેજાઓ સસુર હમકું અબ મરને દો.

કાનો—પણ શા હાતર? કાંઇ વાંક ગનો તો કહેશો કે આમ માથુ કુટીને મરી જશો? તમને શું થીયું તે તો કહો?

લાલદાસ—કયા કહેવે સસુર, મેતો મર ગયા, અબ લાલદાસ જીનેકા નહિ હૈ. જો લાલદાસ થા ઓ અબ નહિ હૈ.

પટેલપંચ—બાપજી આમશું કરોસો? અમને કીધા વના અમને શી ખબર પડે.

લાલદાસ—દેખો સબ તુમ ગામવાલે પટેલીઆઓ તુમ જો હમારા શરીરકા કાટ કાટકે ટુકડા કરો તોભી લાલદાસ યે થેકડીએકી જગ્ગામે રહના નહિ મંગતે હૈ. તુમારે ચહાય તહાં હમકું મકાન બંધાદો ફીર હનુમાનકી જગ્ગામે હમ નહિ રહેવે.

જીવોપટેલ—બાપજી! પણ તમે શાથી મુંઝાણા? તમને થીયું શું? તેતો કહો?

લાલદાસ—કયા કહે દેખો, અબ થોરે દિનસે ઇધિર કાકાબલિયા આતા રહતાહૈ. દેખો સબ મંદિર ખોદ નાંખકે હનમાનજીકું જહાં તહાં ફેંકદિયા હે. કલકે રોજ પીછા આકે મેરેકું, કહા કે લાલદાસ તેરે પાસ તીન હજાર રૂપયા હૈ સો હમકું દેદે. હમારે બારતે દૂસરે ગામમેં મકાન બંધાના હૈ. હનુમાનકું અબ મેં જાકે ધનુ નદીમે ફેંક દેગા. તુમ ઇધરસેં ચલે જાઓ ઇસ પ્રકાર જબ કાકાબલીયા બોલા. તબ મે યે લાલિયા લેકર સામને મચ્ચા, ઔર ઇસકે કીતનેક સવારોકું ઔર ઘોડેકું માર માર કર ભગાદિયા. ફીર ઓ કાકાબલીયાને મેરા દોઉ પાઉ હાથમે પકડ રખકે મેરી સબ જો ઘુંટીકા ભાગહે, સો કચ્ચરઘાણ કરી નાખા. ઓર મેરેકુ કટીમેંસે બાં-

થકર છાપરેમેં લટકા દિયા. ઔર મેરી પાસ જો તુમને ઠાકુરજીકી ભેઠ પૂજાકા પાંચસે રૂપીયા કરદીયાથા ઔર તુમને હનુમાનજીકું બૈઠાનાકે વાસ્તે દોતીન રોજપર અઢી હજાર ટીપકા કરદીયાથા સો તીનો હજાર મેરેકું માર મારકર લે ગયા. એ પ્રમાણે વાત થાય છે ત્યાં તો હાથમાં કડીઆળી લાકડીઓ દોરડાં અને થોડી ઘણી બાઇડીઓને બધુ રાણીપુરનું ગામેળું ભેગું થઇને ત્યાં આવ્યું. ને સાથે ગામનો રાજા અને રાજાના શિપાઇઓ પણ ભેગા આવ્યા. આ બધું કટક ભેગું થઇને આવ્યું તે જોઇને લાલદાસને તો જેમ બકરૂં વાઘ દેખે ને ઊંદર બિલાડા દેખે ને જે સ્થિતિ થાય તેવીજ સ્થિતિ લાલદાસની થઇ, ને સથર વથર થઇ ધ્રુજવા લાગ્યા.

ડહાઇનું ડહાપણ.

હવે ડાહીએ તો ગામમાં જઇ પોતાના ઘર કામથી પરવારી પોતે જે લાલદાસજીને ત્યાંથી ત્રણ હજાર રૂપીઆનુ પોટકું લાવી હતી તે લઇને પોતાના ધણી રામાપટેલને સાથે રાખી પોતાના ગામને ચોરે ગઇ, ત્યારે તે દિવસે સોમવાર હતો માટે તે રાણીપુર ગામ ચંદ્રનગરના મોટા રાજા ચંદ્રસેનની રાણી સોનબાઇનાં જીવાઇનુ હતું, તેથી સોનબાઇના કારભારી ગામની ઉપજ તો ઉઘરાવી લેતા પણ તે ગામમાં બીજી તમામ રાજસત્તા તો તે ચંદ્રસેનનીજ હતી તેથી તે રાજા પ્રત્યેક સોમવારે રાણીપુર જઇ તે ગામની જે જે રાડ ફરીઆદ હોય તે ચૂકવવા નિયમ પ્રમાણે આવતા હતા. તેથી ડાહીબાઇએ વિચાર કર્યો કે જો હું આ રૂપીઆ પટેલીઆઓને આપીશ તો તેતો બધા ભોળીયા ને બુહુહમણે એવા અભણ અને અજ્ઞાન હોવાથી પાછા લાલા બાવાને આપી દેશે. ને હું મારી વીતેલી વાત જો તેમને કહીશ તો મારી હાંશી કરશે. ને બાવાને ભેખ જાણી કાંઇ પણ શિક્ષા ક-

રશે નહિ. એટલે બાવો તો પછી હતો એનો એ થઇ બેસશે. ને તેથી પછી જે જૂલમ મારા પર વિતવાનો હતો તેવોજ જૂલમ તે બાવો બીજી બીચારી અબળાઓ ઉપર ગુજારશે. માટે રીતસર યોગ્ય શાસન બાવાને તો થવુંજ જોઇએ સૃષ્ટિના રક્ષણ માટેજ પરમાત્માએ દંડનીતિનું સ્થાપન કર્યું છે ને યોગ્ય ન્યાય પ્રમાણે પ્રજા માત્રને અંકુશમાં રાખવી, એ મુખ્ય રાજ્ય કર્તવ્ય છે. માટે મારે તો આ બાબતની ફરીઆદજ મારા ગામના વૃદ્ધ રાજા પાસે કરવી એવો નિશ્ચય કરીને ને પોતાના ગામના ધણી રાજા ચંદ્રસેન કે જે વૃદ્ધ છે, તેમની પાસે જઇ ત્રણ હજારનું પોટકું મૂકી પગે લાગી રાજાનાં ઓવારણાં લઇને રોઇ પડી. એટલે તે ઉમ્મર વૃદ્ધ રાજા તે જૂવાન બાઇ જાણી રાજાએ તેને કહ્યું કે બેના! તું મારી દીકરી છું માટે તારે જે ફરીઆદ કરવી હોય તે ખુશીથી કર. જ્યારે શરણે આવેલી અબળાઓને યોગ્ય આશ્રય ના મળે તો તે રાજા ન કહેવાય. માટે બેન બોલ?

પછી રાજાએ બીજા પાસે બેઠેલાં માણસોને ઉઠાડી લાલદાસજીનાં તમામ લક્ષણો, તેમની પાસે પૈસા ભેગા થયેલા તે પ્રપંચોની રચના, રાતનું સમસ્ત વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યું. પછી રાજાએ ઢોલ વગડાવી ગામેળું ભેગું કરી, શીપાઇઓને સાથે લઇ ચેકડીઆ હનુમાનજીની જગ્યા પર ગયા. ને ત્યાં તો પેલું પટેલપંચ ભેગું થઇ બેઠું હતું, તે ને લાલદાસજી તથા ખોદી નાંખેલું મંદિર હનુમાનજીની નીચે પડેલી પ્રતિમા તોડેલું છાપરૂં અને ઢાંકી મેલેલા લાડવા બધું ડાહીના બતાવવા પ્રમાણે તપાસીને શિપાઇઓને કહ્યું કે આ બાવાને બાંધી લ્યો, ને ચાલો બધા ચોરે ત્યાં તો કાનોપટેલ, ખેડાપટેલ, પોપટપટેલ, જીવોપટેલ ને બીજા ગામના લોકો બધા મહિમાંહી અણસારા કરી પૂછાપૂછ કરવા લાગ્યા. કે ઓશીતાનું

આ શું થીયું? ગજબ થીઓ! ગજબ થીઓ! હાળકડીના આ તે સીયાએ રાજાને કેલી દીધું, લાલાઆબાવા! તુંએ હવે મરી ભિંડયો.

લાલદાસજીની મહાપૂજા.

તે પછી ચોગાનની પાસેના ચોકમાં એક મોટું મેદાન હતું ને તેના મધ્યમાં એક લીંબડાનું ઝાડ હતું તેણે હાથ બોડાવીને લાલદાસજીને બંધાવ્યા. પછી ગામમાં ઢોલ વગડાવી બધું ગામલોકને આદમી સૌ જોવા સારૂ ગામેળુ ભેગું કરાવ્યું. ને રાજાએ પોતાના એક હજુરીને હાથમાં ચાબુક આપી ઉભો રાખ્યો.

પછી ત્યાં બધા પટેલઆ ભેગા થયા ને એક બીજાને માંહો માંહી પુછવા લાગ્યા કે અલ્યા ગોવાપટલ! આ લહા કોણે હાળકડીનાએ હળગાવી?

ગોવોપટલ—આવાના કરમે; બીજું કોણ હળગાવે?

લાલોપટલ—થઇ રાયું હવે બાવો હાલ્યો ઇનાં ચયડાં પાંહે.

ગોવો—ઇતો ઠીક પણ હાળકડીનાએ ગામના દી ઉઠાડી મેલ્યો કને?

લાલો—ઇમાં ગામને શું? કરે ઇ ભોગવે.

ગોવો—ભાઇ! ઇમાં ફેરસે. હુકા ભેળું લીલુંય બળેસેને?

રાજા—બાવાજી મહારાજ! આ ગામમાં તમારો કોઈ જામીન થાય એમ હોય તો તેને બોલાવો?

લાલદાસ—હાં, યે સબ પટેલીયા હૈ. જિસકું કહો એ જામીન હોજાય.

રાજા—બોલાવો તમે મારી પાસે.

લાલદાસ જેનું જેનું નામ બોલે છે તે તે બધા ના કે છે કે અમી ના જાણીઇ બાવા, તમી જાણો ને તમારું કરમ જાણે.

રાજા—બાવાની જેણે જેણે કંઠીઓ બાંધી હોય તે બધા લોકો ઉભા થાઓ.

આ હુકમની સાથેજ **લાલદાસજી**ના ઉપર કંઠીઓનો વરસાદ વરસ્યો. એક પાસ પુરુષ મંડળમાંથી ને બીજી પાસ બૈરામાંથી કંઠીઓના વરસાદ લાલદાસ ઉપર પડયો. કંઠીઓ કોટમાં તૂટી તૂટી બાવા પાસેં પડવા લાગી. ને બાવા આ તમારી કંઠી એમ લોકો બોલવા લાગ્યા.

રાજા—લાલદાસજી! તમારા ઉપર મોટામાં મોટા અને માફ ના કરી શકાય એવા અપરાધની ફરીઆદ આવેલી છે, માટે તમે સાચે સાચી વાત કરશો કે જેમ અત્યાર સુધી વગડાના રોઝ જેવા આ કણબીઓને ઢોંગ ચલાવીને ફોસલાવી ખાધું, તેમ મને પણ ઠગશો ?

લાલદાસ—હાં, હાં, સચ કહેતે સંતકું કયા રાજાકા બાવાકી ભી તમા હે? કાયકું જૂઠ બોલે ?

રાજા—હજુરી ! વીશ ચાબુક જોરથી લગાઓ.

લાલદાસ—અરરર, અરરર, અરરર, મરગયા, મરગયા, મે મરગયા, ઓ મેરા બાવા, મરગયા. રખો રખો, અરરર, અરરર, જહાંન નિકલ ગયા, ઓય, ઓય બાપ, ઓય મા. કાના છૂડાઓ બોલ ! મરગયા. પોપટ જીવ નિકલ ગયા. અબ પટેલાઓ અબ છૂડાઓ, મર જાતાહું.

રાજા—કેમ મહારાજ ! રાજાકા બાવાકી તમા નહિ હે કે હે.

લાલદાસ—બાપજી! ભૂલ ગયા માફ કરો.

રાજા—કેમ પટેલીઆઓ તમે કોઇ એના જામીન થાઓ છો ? આ બાવો તમારો ગુરુ થયો છે ? ને તમે તેને સારી રીતે ઓળખો છો ? સાચું બોલજો. નહિ તો બાવાની વલે એજ તમારી વલે.

પટેલીઆઓ—ના બાપજી ના, અમી ચેદી બાવાનો નાળ વધેર્યોસે કે ઇના નાત જાત જાણીઇ સીઈ કે ઇના જામીન થાઇઇ. ઇ અમારો ગરુ નહિ, ઇ અમારો ગરુ નહિ, ઇ અમારો ગરુ નહિ.

રાજા—હજુરી ? બાવાને ત્રણ ચાબુક લગાવી પૂછો કે બાવા સમાધી આવડે છે કે ?

ત્રણ ચાબુક લગાવી હજુરીએ પૂછ્યું.

લાલદાસ—મહારાજ સમાધી બમાધી કુછ મે જાનતા નહિ હુ.

રાજા—તમે વૈકુંઠમાં વિષ્ણુ ભગવાન્ અને લક્ષ્મીજી સાથે વાતો કરો છો ને લોકોના સંદેશા પહોંચાડો છો કે ?

લાલદાસજી—બાપજી ! એ સબ જૂઠા. મેરે પેટકેહી કારણ મે સબ લોકોકું ઐસા બોલાથા.

રાજા—લાલદાસ! બૈરાંનાં મોઢાં જોવાં, બૈરાંની મશ્કરી કરવી, અને બૈરાંની થેકડીઓ કરવી એ તમને બહુ વહાલાં લાગે છે કે ?

રાજા—હજુરી ત્રણ ચાબુક લગાઓ.

લાલદાસ—મેને અકર્માને સબ કરા હોગા.

રાજા—વ્યાકરણશાસ્ત્ર ભણ્યા છો ? ને સાવર્ણ્ય કરતાં આવડે છે ?

લાલદાસ—નાહ મહારાજ ! મે કુછ પઢા નહિ હું.

રાજા—હજુરી ત્રણ ચાબુક લગાવીને કહો કે પાલીવહુને પાડીવહુ ને લાડકીવહુ ને મેરીવહુ કહીને બોલાવવી છે કે ?

લાલદાસ—બાપજી ! કભી ઐસા નહિ બોલુંગા. એ સબ હમારે મગજકા હી તૈર થા.

રાજા—હજુ મગજનો તોર છે કે ઉતરી ગયો ?

લાલદાસ—સબ તૈર ચલા ગયા.

બધું ગામેળું આ લાલદાસજીની મહાપૂજા જોવા ભેગું થયું

હતું, તેમાં કાનાપટેલના દીકરાની બે વહુઓ પાલીવહુ તથા લાડકીવહુ પણ ગૈરાંના ટોળામાં ઘુંઘટા તાણીને ઉભીઓ હતીઓ તે ઉપરના પ્રશ્ન—ઉત્તર સાંભળી બન્ને જણીઓ પરસ્પર બોલીઓ કે હાશ, હવે તે કોઠો ટાઢો હીમ જેવો થાયો. લે મારા રોયા કર્ય હવે હાવર ને હરણ. કીમ તારા બાપ પાંહે બોલી હકાણું નહિ ? વાહ રાજા વાહ! મારા ગામના ધણી રંગસે, તને કે રાણીપરનું દખ કાઢયું. હોનબાના સુડલે લાંબું એવાતણુ હજો કે જીના ધણીઈ આજ રાણીપરની બાઇડીયુંનું દખ કાઢયું.

પાલીવહુ—લાડકી ! જો રોયો આપણ બે પાણી ભરવા જાતાં તંઇ હાંમો મળે કે આંગળી કરીને મને કેતો કે એ પાડીવહુ ચલી, તને કેતો કે એ મેરીવહુ ચલી, શું દખ તે કાંઇ ઓસું હતું ? કોઇ આદમી હાંભળે તંઇ લાજી મરીઇ ને ઇમ થાય કે ર્યાંક જમીન માતા માગ દે તો ભુંઇમાં હમાઇ જાઇઇ. જોને બેન શાસતર માંય કીધું સે કે—આંગળીએ સીધાણા કરતાં મરવું ભલુંસે. આપણે પીર (પિયર) એક વરધ પંડિત આવતા તે એક શલોક કેતા ઇનો અરથ મને હાંભરેસે તી તને કહું સું.

धिग्जीवितं नहि जनस्य कुलाभिमानं
वंध्या तदेव जनिता न च गर्भपातः ।
कुष्मांडिका क्षितितले कलिकौतुकानि
प्राणान्त्यजन्ति सहसाङ्गुलिदर्शनेन ॥

જે માણહને પોતાના કુળનો કે જાતનો અભિમાન નથી, તેના જીવતરને ધિક્કારસે. તે જનમ્યો તીના કરતાં તેની મા વાંઝણીજ રહેવીતી? કે ગર્ભપાતજ થઇ જવો જોઇતો હતો? આ ભૂતળમાં કળ-

જગના કોતરરૂપે જોઇ તો કહોળીના વેલાને ફૂલ બેઠું હોય તાં જઇ કોઇ તીના હામી આંગળી કરે કે આ કોળીને ફૂલ બેઠું તો તરત તે ફૂલ ખરી પડે પણ પસી તેને કોળું થાય નહિ.

માટે એવાં એ રોયા બાવાનાં કઠણ વેણ કુણ હાંભળે ?

રાજા—મહારાજ! રાણીપુરમાં સવાપચીસ સવાપચાસની બેઠ-પૂજા ઉધરાવવી છે કે ?

લાલદાસ—મહારાજ! એક ઘડી ભી ઇસ ગાંવમે નહિ રહુંગા.

રાજા—જેને તેને લાલીઓ ધોકો બતાવવો છે કે ?

લાલદાસ—નહિ મહરાજ! એ સબ હમારી ફાટ ચલી ગઇ.

રાજા—હજુરી છ ચાબુક જોરથી મારો.

હજુરી—જી. કહીને પુર જોસથી છ દીધા.

લાલદાસ બૂમે બૂમો પાડી ઉઠ્યા મરગયા, મરગયા, મરગ-યારે બાપ. મહારાજ ! માફ કરો માફ કરો મરગયા.

રાજા—હાં, બળિયાકાકા લાખ માણસની સેના સાથે હલ્લો કરે છે, તેમાં તમે લાલીયા ધોકાથી હઠાવો છો કે ? તારે તો તે મારૂં રાજ્ય પણ લઇ લેશે કે તમે લેશો ? એવો ઢોંગ શું કામ કરતા હતા ને બકતા હતા ? મરવા ?

લાલદાસ—ઇસીકાહી ફુલ પાતાહુંજી.

રાજા—હનુમાનજીને તમે ખોદીને બહાર કાઢી નાંખ્યા કે કાકોબળિયે.

લાલદાસ—હજુરા મૈને મંદિર બી ખોદા, ઔર હનુમાનજીકું ભી કાઢ દાયા.

રાજા—તો કાકાબળિયાનું માથું કોણે લાવીને બેસાર્યું તું ?

લાલદાસજી—ઓ કાકાબલિયાકા શિર નહિ થા, એક પા-

લિઆકાથા ઔ મૈને હનુમાનજીકું નિકાલકર બેઠાયાથા. ઔર સબ હમ જૂઠ બોલેથે.

રાજા—મંદિર અને હનુમાનજી ખોદવાનું કારણ શું?

લાલદાસ—હનુમાનજીકે મંદિરમેંસે ઔ હનુમાજીકે આસનમેસે ધન કાઢલેનેકે બાસ્તે

રાજા—એમાંથી કેટલું ધન નિકળ્યું?

લાલદાસ—કુછ ભી ધન નહિ નિકલા.

રાજા—હજુરી ચાબુક તૈયાર રખો.

હજુરી—તૈયાર છે.

રાજા—લાલદાસજી? બોલો તમારા મકાન પર આ ડાહી આવી હતી.

લાલદાસ—જી આઈથી.

રાજા—શા માટે? તે સાચું બોલો.

લાલદાસ—મહારાજ! ડાહી ઇનકે પિયરસેં ચલી આતીથી, ફીર જિસ બખ્ત મનુનદીકી પર આઇ જબ નદીમેં પૂરથા, ઔ રાત્રિકા બખ્તથા, એહી સમયમે બહુત વર્ષા ભી હોને લગી, ઇસકે કારણ ઓ આકર હનુમાનજીકા મકાનકે ઓટલે પર ખડીથી; ઓ ઉન્ને જબ ઉધરસ ખાધી જબ મૈને કીંવાડ ખોલ ડાહીકું ઘરમે બુલાઇ, જબ આઇ.

રાજા—ડાહીએ તમારી પાસે ખાવાનું માગ્યું હતું.

લાલદાસ—કુછ ભી મંગા નહિથા.

રાજા—હજુરી બે ચાબુક લગાવ.

હજુરી—જી લગાવ્યા.

રાજા—ડાહીને લાડવા ખાવા આપ્યા હતા કે?

લાલદાસ—હા મહારાજ ! લડુ દીયાથા, ફીર ઇન્હે તો સ્પર્શ ભી કીયા નહિથા.

રાજા—હજુરી એ ચાબુક લગાવી પૂછ્ય, કે લાડુ તો તમારી ફાટમાં આપ્યા હતા કની ?

લાલદાસ—હાં, હાં, હમારી બુરી દાનતસેહી દીયાથા.

રાજા—હજુરી હવે ઉપરા ઉપરી દસ ચાબુક લગાવી દે.

લાલદાસ—બૂમે બૂમ પાડી ઉઠ્યા.

રાજા—કેમ બૂમો પડાય છે ? ડાહીને તો તમે પાટ ઉપર બોલાવતા હતા ને ?

લાલદાસ—હમ દુષ્ટ બુદ્ધિ વાલા બૂરા કર્મકે હી વાસ્તે પાટપર બૂલાતાથા, ફીર ડાહી પાટપર નહિ આઇથી, ઔર મૈને કુછભી દુરાચાર નહિ કીયા હૈ.

રાજા—એ તો ખરૂં. પણ જો ડાહી પાટપર આવી હોત તો તમે તો કુબુદ્ધિએ દોરાયા હતા ને ?

લાલદાસ—હાં મહારાજ ! ઓતો સચહે.

રાજા—ડાહીને તમે ઉપદેશ દેતા હતાને કે પાપ કે પુન્ય કાંઇ નથી. સ્વર્ગ કે નરક કાંઇ નથી. શરીર પંચભૂતનું છે ને આત્માને કાંઇ વળગતું નથી. એવો ઉપદેશ આપતા હતા ? બોલો એ ઉપદેશ સાચો છે કે ?

લાલદાસ—મેં કામકે વશ બનકર અંધા હો ગયા થા. મેરા હૃદય જડ બનગયા થા, ઇસ બખ્ત હમસેં કુછ અચ્છા બૂરા નહીં સમજાતા થા.

રાજા—ત્યારે તમે તો ડાહીની લાજ લૂંટવાનું નક્કીજ કર્યું હતું કની ?

લાલદાસ—ઓ દીન મેરી સબ બુદ્ધિ ગુમ હો ગઇથી.

રાજા—સાચે સાચું બોલો તમે ડાહીની લાજ લુંટી શક્યા હતા કે?

લાલદાસ—નહિ મહારાજ! ડહીકું હમસેં કુછભી સ્પર્શ નહિ હુઆ હૈ, જો હમારી પાસ ગીતાજી હે ઇસકા સોગાન ખાકે ગીતાજી કે પર ઔર રામકથાકે પર મે હાથ લગાઉંગા.

રાજા—ડાહી તો સાચીજ ડાહી છે. ને એની માએ એને એકજ જણી છે. ને એના પુન્યે વરસાદ વર્ષે છે, ને મારું રાજ તપે છે. એને તારા જેવાં કૂતરાં સ્પર્શ કરે તો બળીને ખાખ થાય. સીંહણનું દૂધ, મોટા સર્પનો મણી અને પતિવ્રતાસ્ત્રીનું શરીર તો મુવા પછીજ બીજાને હાથ જાય. ને એ જોગમાયાનો અપરાધ એજ તારા બરડામાં ચાબૂકનો માર જડાવે છે. અહીંની શિક્ષા તો થશે પણ જમપૂરીમાં જશો ત્યાં તો આના કરતાં હજારગણો બરડો ઝુડાશે.

લાલદાસ—ક્યા કરે મહારાજ! મેરે બૂરે કર્મસે બૂરા ફલ મીલતા હૈ, ઔર મીલેંગે; ફીર જરા પણ એ ડાહી અમારી કપટ જાલમેં નહિ ફસાઇ હૈ.

રાજા—તમે તો ડાહીને દુરાચારમાં ફસાવવા માટે ત્રણ હજાર રૂપીઆ આ આપવા તૈયાર થયા હતા કને?

લાલદાસ—જી હા.

રાજા—ને રૂપીઆ તમારા બાપના હતા?

લાલદાસ—નહિ જી, ઇસમે હમારી તો પાઇભી નહિ થી.

રાજા—તારે એટલા બધા રૂપીઆ તમારી પાસે કયાંથી?

લાલદાસ—તીનસો રૂપયા હમારી પાસ ઠાકુરજીકી ભેઠ પૂજાકા રહેહી ગયા હતા; ઔર દોસો રૂપયા હલદીકા મીલાથા; ઔર અઢી હજાર રૂપયા જબ મૈને હનુમાનકું નીકાલા તબ પટેલીયેને

ટીપ કરકે પુનઃપ્રતિષ્ઠા કરકે હનુમાનજીકું બૈઠાને કે બાસ્તે દીયા થા. ઓ તીન હજાર રૂપયા હમારી પાસ થા.

રાજા—હળદરના રૂપીઆ એટલે શું?

લાલદાસ—એ સબ પટેલીઆઓ મીલકે હમકું સો મન હલદી દીયા.

રાજા—કાનોપટેલ કયાં છે?

કાનોપટેલ—હથર વથર થઇને ધ્રુજતો ધ્રુજતો ઉભો થઇને બોલ્યો કે બાપલા આરીગો પણ ઇમાં મારો જરાએ વાંક કે ગનો નથી. ઇ બધું બાવો જાણે ને બાવાનું કરમ જાણે.

રાજા—બાવાને હળદર શા માટે આપી હતી?

કાનોપટેલ—બાપજી! મારે તો નાડાસોડ કરવાને કળશીએ હો જાવુંસે. બીજા બધાય પટેલીયા જાણેસે, પૂસો હોએ બેઠા સે.

રાજા—ઉભો રહે હમણાં નથી જાવું.

કાનોપટેલ—એ બાપલા! લૂગડાં હો બગડી હેંડયું હો.

રાજા—જા, જતોરે. બીજા જે કોઇ હળદરની વાત જાણતા હો, તે મારી પાસે આવીને મને કહી જાઓ. પછી બધા પટેલીઆઓએ મળીને જીવા પટેલને મોકલ્યો. ને તેણે જે શીલમહિમાના પુસ્તકમાં પોતાના તોરમાં હળદર લગાવી છે તથા સુધારો કર્યો છે તે બધી વાત રાજા પાસે કહી બતાવી.

રાજા—કેમ લાલદાસજી! શીલવ્રત તો બહુમાં બહુ સહેલું છે કે?

લાલદાસ—નહિ મહારાજ! મે દુષ્ટને યે સબ વિના વિચાર કામ કીયાહૈ.

રાજા—હવે તે તમારા ઘરનો સુધારો રાખશો કે કાંઇ બીજું કરશો?

લાલદાસ—નહિ જી, અબ તો જથારથ લિખેંગે.

રાજા—શું જથારથ સમજ્યા ? ને હવે એ પદમાં શું લખશો ?

લાલદાસ—"શીલવ્રત પાલનાહી કઠિણસેં કઠિણ, કઠિણમે કઠિણ, કઠિણસેં કઠિણ, કઠિણમે કઠિણ ઔા કઠિણ મે કઠિણ કઠિણમે કઠિણ હૈ."

રાજા—એ પદ કયા છંદનું છે ?

લાલદાસ—ઓ બાત તો મહારાજ ! મેરા ગુરુ જાણતા હૈ.

રાજા—હજુરી બીજા સાત ચાબુક લગાઓ.

હજુરી—લગાઉં છું.

રાજા—આ ધર્માદાના પૈસાનો આવો નિચામાં નિચો ઉપયોગ તમારે કરવો હતો કે ?

લાલદાસ—મહારાજ અબતો બહોત લગા સબ હમારી પીઠ ફૂલ ગઇ. મૈને સબ બૂરે મે બૂરે કર્મ કરેહૈ ઇસકા સબ ફલ પાચુકા:

રાજા—હવે તમે બધા પટેલીઆઓ ! આ ગામની વસ્તીનાં તમામ સ્ત્રી–પુરુષો ! તથા બીજાં જે જે આ ગામેળામાં ભેગાં થયેલાં હો તે ! સર્વ માણુસો સાંભળોઃ—

આજે મારી પાસે અહીંનાં રહેનાર ડાહીબાઇની ફરીઆદ આવી છે; ને તેનો સર્વ તપાસ મે મારી જાતે અને તમારા સર્વની સમક્ષમાં કર્યો છે. તેમાં તે બાઇએ કરેલી ફરીઆદની તમામ વિગત આ લાલદાસજીના બોલવા પરથીજ તેમાં બતાવેલા સર્વ અપરાધો પોતાનાથી થયેલા છે; એમ પોતેજ કબૂલ કરેછે. તો હવે અપરાધોની સાબીતીમાં આપણે હવે કાંઇ બીજા આધારકે પૂરાવા લેવાની અગત્ય જણાતી નથી. માટે હવે તો તેમણે જે જે અપરાધો કર્યા છે, તેની શિક્ષાજ કરવાની છે. છતાં આ લાલદાસના સંરક્ષણ માટે (બચાવ માટે) લાલદાસે પોતે તથા તેની લાગતા વળગતા વાળા કોઇને કાંઇ કહેવું હોય તે અહીં મારી પાસે આવીને કહી દો.

લાલદાસ—મહારાજ! મેં તો આપકી હી શરણમેં હું. જો આપકું ચહાય સો કરો. મેરે ઇસબખ્ત કાંઇ બી કહેનેકા કારણ નહિ.

રાજા—પટેલીઆઓ! આ મહારાજને માટે હવે તમારે મને કાંઇ કહેવું છે?

પટેલો—ઇ ના, બાપજી અમી કાંઇ ના હમજીઇ તમી જાણો તમારું કામ જાણે.

રાજા—સ્મૃતિ વાક્ય કહે છે કે **कृतेऽपराधेखलुदण्डयोग्यः** (અપરાધ કરવાથી માણુસ દંડ કરવા યોગ્ય બને છે.) આ લાલદાસ સાધુએ તમારા ગામમાં આવી કેટલા અપરાધો કર્યા છે. તે તમે સૌ સાંભળો.

આ લાલદાસ આ રાણીપુર ગામમાં સાધુના સ્વરૂપે પ્રસિદ્ધ થઇ, કેવલ અસાધુપણાના લક્ષણથી એટલુંજ નહિ પણ કોઇ પાખંડી, દાંભિક, ધૂર્ત, અધર્મી લંપટ અને પાપી માણુસ હોય તેમ વર્ત્યા છે. તેથી આ રાજ્યમાં તેમણે સત્ય ઢાંકી દઇ જૂઠના માર્ગને અનુસરવા લોકોને કારણભૂત થયા છે, સમાધીના ખોટા ડોળથી ને દંભથી લોકો પાસેથી અનીતિનું દ્રવ્ય લેવામાં ધમકી આપી પોતાનું પેટ ભરી અનીતિનું દ્વાર ઉઘાડવામાં તથા જેમ તેમ પટેલીઆઓને બાનાં બતાવી, સતાવીને પૈસા કઢાવી દુઃખ દેવામાં પોતે હેતુરૂપ થયા છે. તથા બૈરાંની મશ્કરીઓ કરવાથી મનમાં આવે એમ જૂઠથી બોલવાથી બૈરાંઓનું દિલ દુઃખાવવામાં તથા હનુમાનજીને ખોદી બહાર કાઢી નાંખવાથી હનુમાનના ઉપાસકોનું દીલ દુઃખાવવામાં પોતેજ નિમિત્ત રૂપ થયા છે. વળી હનુમાનજીના ઉપર અનાસ્થા ઉપજાવવામાં પણ તે કારણરૂપ ગણાયા છે. કાકાબળીયાએ હનુમાનજીને દૂર કર્યા, તથા લાખ માણસો સાથે હલ્લો કરે છે આ બધી કપટજાળ રચી અનીતિ દ્વારા

પૈસા કઢાવવાનું મહાપાપ પણ તેમણેજ કર્યું છે. જ્યારે સાધુ થઇ આવો પ્રપંચ કરે તો બીજાઓ કરે એમાં આશ્ચર્ય શું? માટે લોકોને અનીતિનું શિક્ષણ આપવામાં પણ તે અપરાધી ગણાયા છે. બાકી સાધુઓએ તો સાત્વિક, મીત અને પથ્ય આહાર સેવી, ઇંદ્રિયો અને મનના નિગ્રહપૂર્વક આત્મ કલ્યાણ સાધવાનું છે તે બાજુ પર મૂકી, લોકોને આડું અવળું સમજાવી હમેશાં ષડ્રસ ભોજન કરવાં ને લોકોને વિશેષ ખર્ચના બોજામાં ઉતારી ઇચ્છાનુસાર ભોજન કરવારૂપ અ-સાધુપણાને છાજતાં કામો કરવામાં પણ તે મોટા અપરાધી થઇ ચૂકયા છે. એટલુંજ નહિ પણ આ ડાહી, કે જે એક શુદ્ધ પતિવ્રતા સતી અને મહાશીલવતી પવિત્ર બાઇને ખાવાનો લોભ બતાવી, પાપ પુણ્ય કાંઈ નથી, સ્વર્ગ નરક કાંઇ નથી, આત્માને કાંઇ લાગતું વળગતું નથી, ઇત્યાદિ ખોટો બોધ આપી તેનું શીલભંગ કરવામાં, તથા છેવટે ધર્માદાના ત્રણ હજાર રૂપીઆની લાલચ આપી ડાહીને ભ્રષ્ટ કરવામાં, એટલુંજ નહિ પણ છેવટે બળાત્કાર ગુજારવામાં પણ પગલાં ભર્યા છે. પણ ડાહી કે જે સારાં માબાપની દીકરી, પ્રતિવ્રત ધર્મની જ્ઞાતા, પવિત્ર, ટેકીલી, સમજુ, બુદ્ધિમાન્ અને પોતાના કુળને બટ્ટો ન લગાડવાના નિશ્ચયવાળી હતી. તેણે લાલદાસનો પોતાના શરીરે સ્પર્શ થયા પ-હેલાં પ્રાણનો ત્યાગ કરવો એવો નિશ્ચય કરેલો હતો માટે તે શુદ્ધ રહીને પોતાના વ્રતનો ભંગ થવા દીધો નહિ. તેમાં તેની સમયસૂચક-તાને ચતુરાઇ પણ પ્રસંસા કરવા યોગ્ય છે, પણ જો આ ઠેકાણે કોઇ લોભી સ્ત્રી હોત તો ધર્માદાનું દ્રવ્ય અધર્મમાં જાત, તેથી તે ધનના આપનારને પાપનો ભાગ મળત, વળી અધર્મની વૃદ્ધિ થતાં તેના છાંટા રાજ્યને પણ ઉડત. વળી તે ઠેકાણે કોઇ પવિત્ર અને ધર્મજ્ઞાનવાળી બાઇ હોત પણ તે સ્વભાવે ભોળી અને નિર્બળ હોત તો તો લાલદાસ તેની કાંઇ બાકી મૂકત નહિ. તેથી તે ગરીબ

સ્ત્રી બળાત્કારથી ત્રાસ પામી નિસાસા નાંખત, કાં આત્મઘાત કરત ને તે નિસાસાથી મારા રાજ્યને હાનિ પહોંચત, માટે પોતાની મેલી બુદ્ધિથી કુકૃત્યમાં પગલાં ભરનાર લાલદાસ રાજ્યના શત્રુરૂપે માનવામાં પણ અયોગ્ય ગણાય તેમ નથી. વળી મારા રાજ્યમાં તેનાં કેટલાંક નાસ્તિકતા ભરેલાં વચનો તથા અનીતિનાં વર્તનો ઉપરથી પ્રજાનાં માણસોને માઠી અસર થતાં મારી પ્રજા અધર્મી થાત. તેથી તે અધર્મના છાંટા રાજ્યને ઉડત, તેથી તે હાનિ પણ મારેજ ભોગવવી પડત. માટે રાજ્યના શત્રુઓને તો અવિલંબ પ્રાણાંત્ દંડ દેવોજ જોઇએ. માટે લાલદાસને તેમના અપરાધ માટે જે યોગ્ય શિક્ષા કરવાની છે તે સૌ સાંભળતાં કહુંછું; પણ જો તે તમને બધાને ઠીક નહિ લાગે ને તમારી વિશેષ લાગણી દુખાશે તો તેના બદનારૂપે બીજી શિક્ષા તો અવશ્ય કર્યા વિના લાલદાસને મુક્ત કરવામાં આવશે નહિ.

રાજા—હજુરી ?

હજુરી—જી.

રાજા—આ લાલદાસને ધનુ નદીના કોતરોમાં લઇ જઇ તેનો શિરચ્છેદ કરી નાખો. (માથું કાપી નાખો.)

પટેલીઆઓ—આ આજ્ઞા સાંભળીને ત્યાં બધા પટેલીઆઓ ઉઠીને ઉભા થયા ને બોલ્યા કે ગજબ થીઓ, ગજબ થીઓ, ગજબ થીઓ બાપજી માફ કરો, માફ કરો, માફ કરો, ગામને પાધર બાવો મરે ઇ ઠીક નહિ; બીજો હુકમ કરો ઇ નહિ, ઇ નહિ, ઇ નહિ. એમ બોલી સૌએ પોતપોતાના માથાની પાઘડીઓ (ફેંટા) હતાં તે કાઢી કાઢીને રાજાની પાસે ઢગલો કર્યો.

રાજા—સૌ શાંત થાઓ. સાંભળો ત્યારે આ શિક્ષા તમને બધાને ના ગમી ?

પટેલીઆઓ—ના બાપજી, બીજું બાવાને ગમે તી કરો; પણ ઇ નહિ.

રાજા—હજુરી ?

હજુરી—જી.

રાજા—લાલદાસને ડાઢી, મૂછ, માથું મુંડાવી, કાળા ગધેડા ઉપર અવળા મોઢે બેસારી, મેશનો ચાંલ્લો કરી, વાજતે ગાજતે ગામમાં ફેરવી ગામ બહાર લઇ જાઓ. પછી ત્યાં તેના માથામાં સાત ખાસડાં મારીને કહેજોકે મહારાજ જો અમારા રાજ્યની હદમાં કોઇ પણ ઠેકાણે રહેશો તો ધડ ને માથું જૂદાં થઇ જશે એમ કહી કાઢી મેલો.

પટેલીઆ—ઇતો ઠીક જાણે, પણ જીવતો તો રીયો.

રાજા—પટેલીઆઓ જૂઓ તમને બધાને કહું છું કે જો આ ગામમાં મારી પાસે ફરીઆદ કરનાર ડાહી ના હોત તો મારાથી આ પાપ પકડાઇ શકાત નહિ. ને રાજાનો ધર્મ છે કે જ્યાં જ્યાં કાંઇ ગુના થાય તે પકડી શિક્ષા કરવી. જો ગુનેગારને શિક્ષા ન થાય તો ઘણા માણસ ગુના કરે, ને તેથી પાપનો વધારો થાય, ને તેથી રાજ્યની પાયમાલી થાય. માટે રાજાએ ગુના પકડી ગુનેગારને શિક્ષા કરવી એ રાજની આબાદીનું ચિન્હ છે. મારી પાસે જો ડાહી ફરીઆદ ના લાવી હોત ને આ લાલદાસનું પાપ જોઇ શકાયું ન હોત તો આ બાવો એટલાં બધાં અધર્મ, અનીતિ, ને પાપનાં મૂળ રોપત, કે તેનાં ફળ થતાં આ રાણીપુર ગામ ઉજડ થઇ મારા રાજ્ય સુદ્ધાને હાનિ પમાડત. માટે તેણે ફરીઆદ કરી તેથી તેનો ઉપકાર માનું છું. માટે તમારા ગામમાંથી કોઇ પણ તેણે ફરીઆદ કરી તે બાબત તેને સતાવશે કે ચર્ચા ચલાવશે અથવા તેની મોઢે કે પાછળ નિંદા કરશે તે માણસ પણ રાજ્યનોજ ગુનેગાર ગણાશે.

લાલદાસની પાસે જે ત્રણ હજાર રૂપીઆ હતા તે ડાહીએ મારા સ્વાધીન કર્યા છે, તે ધર્માદાનું દ્રવ્ય જો કે છે તો આ ગામ-

ના પટેલીઆનું; પણ પટેલીઆ ઘણાજ જૂના વિચારના, જડબુદ્ધિવાળા, વિવેક વગરના, ને જેને તેને પૂજ્યમાની બેસનારા, સારા નરસા, સજ્જન કે દુર્જનની પરીક્ષા કરવામાં શૂન્યબુદ્ધિવાળા, અંધ તથા જડ શ્રદ્ધાવાળાને સોંપુ, તો તે દ્રવ્ય પાછા આવા લાલદાસ જેવા અનધિકારીનેજ સોંપે, પણ યોગ્ય વ્યવસ્થા કરી જાણે નહિ, માટે તે અમારા પ્રધાન દ્વારા થેકડીઆ હનુમાનની પુનઃ પ્રતિષ્ઠા યોગ્ય ખરચ કરી કરાવવામાં આવશે. ને બાકીના જે વધશે તે રાજ્યના અનાથાશ્રમમાં નાખવામાં આવશે. એમ કહી તે રૂપીઆ પોતાના રાજ્યમાં મોકલાવ્યા. ને લાલદાસજીને પૂર્ણ શિક્ષા થયા પછી ચંદ્રસેન પોતાની રાજધાનીના નગરમાં ગયા.

લાલદાસનો વરઘોડો ગામમાં ફરી ભાગોળે ગયો ને ત્યાં તેને છેવટની રાજ આજ્ઞા સંભળાવતાં સાત ખાસડાં માથા ઉપર મારવામાં આવ્યાં તેજ વખતે ત્યાં લાલદાસના ગુરુ બળરામદાસ અને ગુરુભાઈ હરિચરણદાસ દ્વારીકાંની યાત્રાએ જતા હતા તે ત્યાં આવ્યા, તેમણે આ બધું લાલદાસનું ચરિત્ર જોયું ને લોકોમાં પૂછપરછ કરતાં તે પોતાનાથી વિમુખ થઈ નિકળેલો ખાસ પોતાનો શિષ્ય લાલદાસજ નિકળ્યો. પછી ગુરુએ વિચાર કર્યો કે આ ગામમાં હવે અમારે જવું તે પણ યોગ્ય નથી. કારણ કે કોઇ કહે કે લાલદાસના ગુરુ આવ્યા છે તોપણ તે ગુરુના મોટા અપમાનરૂપજ ગણાય, માટે લાલદાસજીને રાણીપુરની ભાગોળેથી રાજાના હજુરીએ મુક્ત કર્યો, ત્યાંથીજ પરભાર્યા બળરામદાસ અને હરિચરણદાસ લાલદાસને લઇ ત્યાંથી પ્રયાણુજ કર્યું. માર્ગમાં જતાં બળરામદાસે લાલદાસને પૂછ્યું ત્યારે કહ્યું કે મહારાજ એ બધું આપના વચનના ઉલ્લંઘનનું ફળ મને મળ્યું. હવે માફ કરી આપની સેવામાં મને રાખો. હું આપ પાસે ક્ષમા માગું છું પછી ત્યાંથી બળરામદાસ, હરિચરણદાસ અને લાલદાસ ત્રણે દ્વારિકાનાથની યાત્રાએ સિધાવ્યા.

સારાંશ.

જેમ સમસ્ત ભૂતળપર સર્વત્ર સૂર્યનાં કીરણો તો સમાનજ પડે છે, પણ જે દર્પણોના કાચ સીદ્ધા હોય છે તેમાં પ્રતિબિંબ પડે પણ ઉંધા;જે કાચમાં પડતાં નથી. તેમ ગુરુ જનોની પણ પોતાના પુત્ર કે શિષ્યો પર કૃપા તો સરખીજ હોય છે, છતાં જેઓ વિશુદ્ધ હૃદય, ગુરુજનોપર વિશ્વાસુ, શંકારહિત અને પોતાનું દોઢ ડાપણુ કરવાની કુટેવ રહિત હોય છે, તેઓ તે કૃપાનો લાભ યથેષ્ટ મેળવી શકે છે. પણ બાકીનાઓને તો લાભને બદલે હાનિજ થાય છે.

બાળરામદાસ જેવા પ્રેમી અને પ્રભુ ભક્તિપરાયણ ગુરુની શિષ્યતા હરિચરણદાસ અને લાલદાસને પ્રાપ્ત હતી. તથાપિ તેમાં **कर्मानुसारिणीबुद्धिः** (કર્મ પ્રમાણે બુદ્ધિ હોવાથી) તે બન્ને ગુરુભાઈઓની બુદ્ધિ, સમજણ, હૃદય અને ગુરુ વિષે વિશ્વાસમાં ફેર હતો. તેથી હરિચરણદાસે ગુરુસેવાદ્વારા પારમાર્થિક લાભ મેળવ્યો ને લાલદાસનું અધઃપતન થયું. એ ઉપરથી વાચકને સમજવાનું એ કે–સદ્ગુરુનું શરણ પ્રાપ્ત થયા પછી ગુરુ આજ્ઞાનોજ સ્વીકાર અને તદનુસાર વર્તન એજ સુખાસ્પદ સમજવું. બીજું સ્વેચ્છાનુસાર વર્તન ને ગુરુ આજ્ઞામાં વિતર્ક તે લાલદાસની પેઠે અધઃપતન કરાવનારુંજ જાણવું.

પૂર્ણ અનુભવી, દેશ, કાળ, અને જનસ્થિતિનો વિચાર કરી, પરાર્થબુદ્ધિથીજ લખનારા મહાત્માઓના વચનમાં પોતાનું આગવું ડહાપણ કરનારા મૂર્ખજનોને પાછળથી પસ્તાવું પડે છે. ' શીલવ્રત પાલનાહીં બહુત કઠિણ હૈ" એ મહાનુભાવ તુલસીદાસજી જેવા સંત શિરોમણિના વચનમાં દુરાગ્રહ બુદ્ધિથી તે વાકયજૂઠું પાડવાનો પ્રયત્ન કરનાર લાલદાસ કેવી કષ્ટદાયક સ્થિતિમાં સપડાયો ? ને તેને

પ્રભુની માયાએ કેવા તમાશા માર્યા ? તે સર્વ વાચકને વિદિત થઇ ગયું હશે. માટે સંત, શાસ્ત્ર અને ગુરુજનોની આજ્ઞાઓમાં કાંઈપણ શંકાશીળ ન થતાં તેને અવિલંબ માન્યજ કરવી. તેનું પોતાના બનતા પ્રયત્ને અનુવર્તન કરવું. એ શ્રેયાસાભિલાષી સુજ્ઞજનોનું કામ છે.

સારી મોંઘા મૂલ્યની ચક્રાકાર પાઘડીઓ પહેરવાથી, ઇસ્ત્રી કરાવેલાં કકડતાં અંગરખાં પહેરવાથી ને કસબી કે રેશમી મોટી કોરનાં ચીપી ચીપીને ધોતીઆં પહેરવાથી, શાલ દુશાલા ઓઢવાથી કે કસબી દુપટ્ટા રાખી સભામાં જઈ મોટા ઘાંટા પાડીને બોલવાથી કાંઈ બ્રાહ્મણને પંડિતાઇ પ્રાપ્ત થતી નથી. તેમ ગમે તે જાતના માણસને માથું મૂંડાવી, ભગવાં વસ્ત્ર પહેરી, હાથમાં કમંડળ ઝાલી, પાવડીઓ પહેરવાથી કે માથે મોટી જટા વધારી, લંગોટી વાળી, મોટી મોટી માળાઓ કોટે પહેરી, તુમડાં ઝાલવાથી સાધુતા પ્રાપ્ત થતી નથી. પણ વિદ્યાગુરુની કૃપા મેળવી, બ્રહ્મચર્ય પૂર્વક સદ્વર્તનમાં રહી, પ્રમાદના ત્યાગ પૂર્વક સંધ્યા, સ્નાન, ગાયત્રી જપ કરતાં શાસ્ત્રનો અભ્યાસ કરવાથીજ પંડિત થવાય છે. ને તે પંડિતાઇજ પંડિતોની સભામાં તથા રાજ સભામાં પ્રતિષ્ઠા વધારી વ્યક્તિને સુખ આપે છે. તથા તે વિદ્યાજ લોકોને ધર્મોપદેશમાં ઉપકારક થાય છે. તેજ રીતે સાધુતા પણ કોઇ તત્ત્વજ્ઞાની, બ્રહ્મનિષ્ઠ, યોગી કે પ્રેમી ભક્ત મહાત્માની સેવામાં રહી, પરમ વૈરાગ્ય અને હૃદયની સરલતા મેળવી, ક્ષમા, વિરતિ, ઇંદ્રિયોનો વિજય, પ્રાણીઓ પર દયા શાંતિ, જનપ્રિયસ્વભાવ, સંસાર પર ઉદાસીનતા અને આત્મદર્શન ઇત્યાદિનું જ્ઞાન લેવાથી, નિરંતર પોતાના હૃદયને પરમાત્મ સ્વરૂપમાં થોડો ઘણો સમય પણ ડુબાડી રાખવાથી ખરું સાધુપણું પ્રાપ્ત થાય છે. પણ ઉપરથી સાધુનો વેષ ધારણ કરવાથી, વાંસળીયો વગાડતાં શિખવાથી, ઝાંઝ, કાંશી ને મૃદંગ વગાડતાં શિખવાથી, ગરબીયો કે

ભજનો ગાઇ કૂદાકૂદ કરવાનું શિખવાથી, કે સ્ત્રીનાં લૂગડાં પહેરી ગોપી બનતાં શિખવાથી, રાગ રાગીણિઓ પૂર્વક ગાંધર્વ વિદ્યા શિખવાથી, આરમોનિયમ કે પ્યાના બજાવતાં શિખવાથી, સારંગી કે સતાર બજાવતાં શિખવાથી, વિવિધ રાગો ગાઇ જાણવાથી, વૈદું શિખવાથી, કે જૂદી જૂદી વ્યવહારમાં ખટપટો કરી જાણવાનું શિખવાથી, કાંઇ સાધુતા પ્રાપ્ત થતી નથી. ને તેવી યથાર્થ સાધુતા વિના આત્મકલ્યાણ થાય એ આકાશના ફુલની માળા, શશલાને શીંગડાં, તથા વાંઝણીના દીકરાનો વિવાહ, તથા માનસિક મોદકથી ભૂખની શાંતિ થાય એવી નિરર્થક વાત જાણવી.

યથાર્થ સાધુતા વિના પોતાનું પણ કલ્યાણ થતું નથી ને તેથી સહવાસમાં આવનારા લોકોને પણ કાંઇ લાભ થતો નથી. પોતાની મેળે ઉપરથી આડંબર કરવાથી પંડિત, જ્ઞાની કે સાધુ બનવાથી કાંઇ તેના ગુણો આવતા નથી. પેઢીનાં પાપ તથા રોગ પેઢીએ ઉતરે છે પણ પંડિતાઇ, જ્ઞાન, અને સજ્જનતા કે સાધુપણું પેઢીએ ઉતરતું નથી. પૂર્વજોના ધન ઉપર વારસદારનો હક પહોંચે છે, પણ પૂર્વજની વિદ્યા, ગુણ અને સાધુતા ઉપર વારસદારનો હક પહોંચતો નથી. બાપનું ધન કે પ્રાસ વગેરે પુત્ર–પૌત્રને મળે છે, પણ બાપની વિદ્યા અને ગુણ પુત્ર પૌત્રને પ્રાપ્ત થતા નથી. તેમજ સદ્ગુરુના શિષ્યોને પણ પોતાના પુરુષાર્થ વિના પોતાના સદ્ગુરુનું જ્ઞાન યોગ, આદિ કૈવલ્ય સાધનો તથા સાધુપણું એ એની મેળે પ્રાપ્ત થતું નથી. વિદ્યા, જ્ઞાન, ગુણ, વિવેક, સરલતા, તથા મોક્ષનાં આત્મજ્ઞાન, યોગ અને ભક્તિ, આદિ સાધનો તથા સાધુત્વ કોઈ પણ માણસને અનન્ય ભાવે સદ્ગુરુની સેવા, સંતનો સમાગમ અને સરળતા વિના પ્રાપ્ત થતાં નથી. ઉપરથી ગમે તેટલો આડંબર કર્યો હોય પણ તે આડંબર કાંઇપણ કામ કરી શકતો નથી. પણ આડંબરથી પ્રસિદ્ધ થતા

પંડિતો અને આડંબરથી થતા મહંતો કે સાધુઓ કેવળ હાંસીનું પાત્રજ બને છે. જેમ કે કોઈ એક વાણીઓ નિર્ધન હોય ને તે મોટા શેહેરના મધ્ય બજારમાં મોટું ભભકાદાર મકાન ભાડે રાખી, પોતાના શરીરે સારાં લૂગડાં ઘરેણાં પહેરી, મોટા ગાદિ તકીએ બેસી, કેટલાક તેવાજ મુનિમો રાખી, સરાફની દૂકાન ચલાવે તો તેનું પરિણામ ઉપહાસ્ય વિના બીજું કાંઇ આવેજ નહિ. તેમ સાધુઓએ પણ આગળ બતાવેલા સાધુપણાના ગુણ વિના મોટા મહંત બનવું, ગુરુ બનવું, કે સારા સાધુ રૂપે પ્રસિદ્ધ થવું, તેમાં પણ આખર આ લાલદાસ સાધુની પેઠે હાંસીનું પાત્ર થવા વિના બીજું પરિણામ આવવાની આશા રાખવીજ નહિ.

મનુષ્યને જન્મ થયા પછી એકથી પાંચ વર્ષ પર્યંત માતારૂપ ગુરુ પાસેથી, પાંચથી દસ વર્ષ સુધી માતા અને પિતા રૂપ ગુરુ પાસેથી, અને દસથી વિશવર્ષ સુધી સ્વદેશી વિદ્યાલયો, સ્વધર્મનાં વિદ્યાલયો, અથવા વિશ્વવિદ્યાલયોથી પોતાની બુદ્ધિને કેળવવી પડે છે. તેમાં તેણે જેટ જેટલી પોતાની બુદ્ધિને અભ્યાસદ્વારા વધારી હોય, તે પ્રમાણે તેનું બુદ્ધિબળ વધેલું હોય છે. તેમાં પણ વિશ વર્ષ પછી કોઇ સારા આત્માનુભવી મહાત્માનું શરણ મેળવી તે પછી કાંઇ તત્વજ્ઞાન, આત્મ સંયમ અને પ્રેમભક્તિનો રંગ જો તે બુદ્ધિને ચઢાવવામાં આવ્યો હોય તો તો તે માણસની બુદ્ધિની પ્રભા કોઈ અલૌકિકજ શોભી ઉઠે છે. ને તે બુદ્ધિનું બળ પણ અથાહ ગણાય છે, એવી અગાધ બુદ્ધિવાળાનો સમાગમ એજ ઐહિકામુષ્મિક સુખની વૃદ્ધિ કરનાર મનાય છે. પણ હાલમાં તો કલિયુગની પ્રવૃત્તિ હોવાથી જાણે તે યુગજ સાધુઓનાં સ્વરૂપે બધે ફરતો હોય તેમ જણાય છે. આધુનિક સમયમાં કેટલાક પ્રમાદી મનુષ્યો નીતિથી ખેતી, વ્યાપાર, નોકરી કે અનેક પ્રકારના કળા કૌશલ્યથી કે મહેનત

કરી દ્રવ્ય મેળવી નિર્વાહ કરવાનું બહુ અઘરું માની, તેને કોઈ પણ પ્રકારે ધર્મના બાનાનો આધાર પકડી લોકોમાં પૂજ્ય મનાઇ પોતાના શરીરને કાંઇ પણ કષ્ટ ન પડતાં બેઠે બેઠે ઉદર પોષણ કરવું ને પોતાની નિરંકુશ ઇન્દ્રિયોને નિષિદ્ધ વિષયોથી પ્રસન્ન રાખી, પોતાના સમસ્ત જીવનને લૌકિક આનંદમાં ગાળવું યોગ્ય માની બેઠેલા હોય છે. એવા લોકોથી વર્તમાનમાં ધર્મને બદલે અધર્મ થાય છે, નીતિને બદલે અનીતિને ઉત્તેજન મળે છે, જ્ઞાનને બદલે અજ્ઞાનનો વધારો થાય છે, ઇશ્વર ભક્તિને બદલે માયાની ભક્તિ કરાય છે, સંયમને બદલે મોજ શોખના માર્ગ ખુલ્લા થાય છે, જેથી મોક્ષને બદલે બંધન પ્રાપ્ત થવાના માર્ગો સુગમ થાય છે, એટલુંજ નહિ પણ વેદ પ્રતિપાદિત સનાતન ધર્મનાં સિદ્ધાંત ઢંકાઇ જતાં અધર્મના માર્ગનો લોકોથી આશ્રય કરાય છે. જેથી સત્યને બદલે અસત્યની વૃદ્ધિ થાય છે. નીતિનો માર્ગ મૂકી અનીતિએ જવાય છે. તેથી કોઇ પણ પ્રકારે પૂર્વોક્ત પ્રમાદનાં પૂતળાં રૂપ સાધુઓથી કાંઇ પણ જગત્માં ઉપકાર નહિ થતાં અપકાર થાય છે. અને જગત્પર એવા આળસુનો સમૂહ વધવાથી સ્વદેશના સદુદ્યોગીઓને માથે તેમનું પોષણ કરવાનો બોજો વધતો જાય છે આથી એક તો એ થાય છે કે સત્ય ધર્મની મર્યાદા ભંગ થાય છે. વેદ અને શાસ્ત્રોમાં ધર્મ શબ્દનો વાસ્તવિક અર્થ શું છે ? તે ભાગ્યેજ એવા દાંભિક અને પાખંડી સાધુઓ જાણતા હોય છે, છતાં તેઓ ધર્મોપદેશક થઇને બેસે છે. તેથી ધર્મની મર્યાદા ભંગ થવાથી જગત્માં જેને જે ઠીક લાગ્યો તે ધર્મ, એમ માની બેસે છે. તેથી ધર્મ શબ્દનો અર્થ એટલો બધો તુચ્છ ને હલકો મનાય છે કે કોઇ અતિ શૂદ્ર કે વાઘરી ધર્મતત્ત્વનો વક્તા થઇ ઉપદેશ આપે છે તથા તેવા નીચ એક પોતાના હલકા માટીના ખોરડામાં નાના ગોખલે કરીને કે એક મેદાનમાં એક ટોપલો ઇંટોનો ઢગલો કરી એને

મનઃકલ્પિત નામ આપી લોકોને નમાવે છે. ત્યાં ભેઠ પૂજાઓ મૂકાવે છે, અને કંઠીઓ બાંધી પોતે ગુરુ થઇ મોટા પૂજ્ય બની બેસે છે. કદાપિ તેમાં કાંઇક ધનનો વધારો થાય તો તેની શાખા પ્રશાખાઓ વધી તેનું લંબાણ અસાધારણ વધી જાય છે. આ વિષયમાં લખવા બેસીએ તો તો મોટાં સીટે સીટ ભરાઇ જાય, પણ ટુંકામાં કહેવાનું એક આપણા ગુજરાત અને કાઠિયાવાડમાં એવા મનઃકલ્પિત અને પાખંડ ધર્મોને ઘણુંજ પોષણ મળે છે. ધર્મસેવા, પ્રભુભક્તિ, સંયમ-સાધન અને તત્ત્વાનુસંધાન જેવા મહોત્તમ કાર્યમાં એક પાસથી વ્યભિચારનો સર્વ વેદશાસ્ત્ર નિષેધ કરે છે ત્યાં તે વ્યભિચારને એક પાસ ધર્મરૂપ મનાય છે. લોકો જુએ છે, જાણે છે, દેખે છે, સાંભળે છે, તથાપિ તે વાતનો ત્યાગ કરી શકતા નથી. આ દેશનું દુર્ભાગ્ય નહિ તો પછી બીજું શું કહીશું? જ્યાં અમૃતને ઝેર મનાય છે, ઝેરને અમૃત મનાય છે, દિવસને રાત મનાય છે, રાતને દિવસ મનાય છે, સૂર્યમાં શીતળતા અનુભવાય છે, અને ચંદ્રમાં ઉષ્ણતા અનુભવાય છે, ઇષ્ટને અનિષ્ટ મનાય છે, અનિષ્ટને ઇષ્ટ મનાય છે, પૂજ્યને અપૂજ્ય મનાય છે, અને અપૂજ્યને પૂજ્ય મનાય છે, સત્યને અસત્ય મનાય છે, અને અસત્યને સત્ય મનાય છે, તેથી લોકોને જ્યારે આવુંજ સિદ્ધાંત નક્કી ઠર્યું હોય છે ત્યાં પછી બીજું શું કહેવું?

तातस्यकूपोऽय मिति ब्रूवाणं ।
क्षारं जळं कापुरुषा पिबन्ति ॥

(ગમે એવો ખારામાં ખારો પણ આ તો બાપનો કૂવો છે, એમ બોલનારા નિચા પુરુષો પારકા મીઠા કૂવાનું મિઠું પાણી પીતા નથી.) તો પણ ખારા કૂવાનું પાણી સ્વાભાવિક રેચક હોવાથી પી-

નારને પોતાનો પ્રભાવ દેખાડે છે, ઝાડો થઇ જાય છે, ત્યારે પોતાના અભિમાનનું ફળ સમજી છેવટ હારીને મીઠા કૂવાનું પાણી પીએ છે.)

વર્તમાનમાં સાધુ બની પૂજ્ય અને માનનીય થવામાં કોઇ જાતનો પ્રતિબંધ ન હોવાથી ગમે તે જાતનો એટલે છેવટે વેળુ વાધરી જેવો પણ માણસ ભગવાં લૂગડાં, રુદ્રાક્ષની માળા, કે તુળસીની માળાઓ ધારણ કરી કમંડળો કે તુમડાં ઝાલી, પાવડીઓ પહેરી સાધુરામ મહારાજ બની જાય છે. ને જ્યાં ત્યાં જઇ ધર્મનો ઉપદેશ કરવાનો અધિકાર ઉપરના વેષ સાથેજ જાણે લખાવી લાવ્યા હોય તેમ અનેક પ્રકારનો બોધ કરવા મંડી જાય છે. તેમાં આગળ કહેવા પ્રમાણે તેમની બુદ્ધિ કોઇ પ્રકારે કેળવાઇ હોતી નથી, સાધુતાનાં લક્ષણો સ્વપ્ને પણ સાંભળ્યાં નથી. વૈરાગ્ય વિવેક કે નીતિનો અક્ષર સાંભળવા તેમના કાન ક્યારે પણ પવિત્ર થયા હોતા નથી. છતાં લોકોને હાથેળીમાં પરમેશ્વર બતાવવા તત્પર થાય છે.

અને આપણો ઘણે ભાગે ભોળો અને વિશ્વાસુ ગુજરાત કાઠિયાવાડ, તેમાં પણ પ્રાથમિક કેળવણી પણ જેમણે મુદ્દલ નથી લીધી એવા નિરક્ષર જનસમુહમાં અંધ શ્રદ્ધા, કિંવા જડશ્રદ્ધા ભરપુર ઝામેલી હોવાથી ને બાવાનેજ માનનારા હોવાથી તેમાં ઘણેભાગે ખેડુવર્ગનો ને હલકી જાતનો ભાગ, તેવા આપો આપ સાધુબાવા બની બેઠેલાનો ગુરુરૂપે કિંવા પૂજ્યરૂપે આશ્રય લેછે. પણ કોઇ કેળવણી પામેલો અને વિદ્યાના સંસ્કારવાળો ભાગ તેવા સ્વછંદીઓને ગાંઠતો નથી. તેથી તેઓ તે મૂર્ખાઓથી થતી હાનિથી બચે છે.

જે પુરુષે વિવેક વૈરાગ્યાદિ વેદાંતજ્ઞાનનાં સાધનોના યથાર્થ અનુષ્ઠાન પૂર્વક શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે વેદાંતનું શ્રવણ મનન નિદિધ્યાસન કરી, નિદિધ્યાસન પરિપકવ થતાં આત્માના સ્વરૂપનો અપરોક્ષ સાક્ષાત્કાર થયેલો છે ને પ્રતિક્ષણ જે આત્મતત્ત્વના અ-

નુસંધાનમાં રહેવાથી અખંડ આત્મતત્ત્વનો અનુભવ કરનાર છે, ને તે પોતાની દેશભાષામાં પણ પોતાના શિષ્યને પોતાનાં જેવી સ્થિતિ પમાડવામાં કુશળ છે એવા જ્ઞાનીને ઉપદેશ કરવાનો આધકાર છે. તથા જેણે સદ્‌ગુરુના આશ્રયમાં રહી યમનિયમાસનાદિ યોગનાં અંગોનું સારી રીતે અનુષ્ઠાન કરી ગુરુપ્રદર્શિત હઠ કિંવા રાજયોગની રીતે ધારણા, ધ્યાન અને સમાધિ સુદ્ધાંત યોગનાં અંતરંગ સાધનોના અનુભવ કરી જે કૃતાર્થ થયો હોય તેને ઉપદેશ કરવાનો અધિકાર છે. પણ એકલાંજ લોકોને મોહ પમાડવા માટે નેતી, ધોતી, નૌળી, બસ્તી, ગજકરણી જેવી બાહ્ય ક્રિયાઓજ આવડતી હોય ને તે લોકોને બતાવી પોતે મહાયોગી બની જઇ માત્ર ખાલા સમાધિને બદલે મોઢે માથે લૂગડું ઓઢી રાખી અંદર પોતાના ચિત્તને નિદ્રાસમાધિ કરાવી ઉંઘાડી દેવું ને લોકોમાં યોગીરાજ કહેવરાવવું, કાં યોગનાં પુસ્તકો વાંચી મોટા મોટા ડોળમાં હઠ, લય, માંત્રિક અને રાજયોગની કિંવા સંપ્રજ્ઞાત—અસંપ્રજ્ઞાતની વાતો કરી મોટા યોગીરાજ કહેવરાવવું એ પણ યોગ્ય ગણાતું નથી. વળી કોઈ તો ઉપરની મળશોધક ક્રિયાઓ ને એક બે પ્રકારના પ્રાણાયામ આવડે કે તુરત પોતાને માથે સાક્ષાત્ મહેશ્વર જેવા ગુરુ વિદ્યમાન છતાં તે ગુરુના જેવાંજ બાહ્યવર્તનો દેખાડી જૂદી શાખાઓ કાઢી જેઓ સાચા મહાપુરુષને શરણ થઇ પોતાનું આત્મકલ્યાણ સાધવા તત્પર થયેલાં છે, એવાં માણસોને ભોળવી પ્રપંચથી દિક્ષા આપી રોકી રાખી જીવતાં સુધી એકડા ઘુંટાવ્યા કરે છે, તે પણ યોગ્ય ગણાતું નથી. જેમ નટ તમાસા દેખાડીને કે ઈંદ્રજાળ કે જાદુવિદ્યાવાળા ખેલ કરે છે ને તેથી જેમ લોકો ખુશી થાય છે, તેમ તે મળશોધ ક્રિયાઓ જોઇ લોકને કાંઇક વ્યામોહ થાય છે પણ થોડાક અજાણી જનસમૂહજ તેથી છેતરાય, પણ સુજ્ઞજનો છેતરાતા નથી. નટો ના-

કથી પાણી પી કાઢે છે, ડૉકટરો પણ ગુદાદ્વારે બસ્તી મૂકી મળ-બહાર કઢાવી શકે છે, અને ગળામાં પણ સળીઓ અથવા નલિકાઓ પણ મૂકી શકે છે, માટે તેવા અપૂર્ણ માણસો જેમ ત્રિકટુ શબ્દનો અર્થ સુંઠ, મરીને પીપર તથા ત્રિફલાનો અર્થ હરડે, બેઢાં ને આંમળાં આવડવાથી જેમ કોઇ વૈદ્યભુવા થઇને બેસે તેમ યોગીરાજ બની બેસે છે. એવાઓને પણ પોતાને આત્માનુભવ થયેલો નહોવાથી બોધ કરવાનો અધિકાર નથી. તથા જેણે શ્રવણ કીર્ત્તનને સ્મરણાદિ ભક્તિનાં નવે સાધન પ્રીતિ પૂર્વક સેવી પ્રભુ વિષેના અનન્ય પ્રેમથી પોતાનું હૃદય સંપૂર્ણ ભર્યું હોય તથા બહારના સમસ્ત વિશ્વના સર્વ પ્રાણીઓમાં પ્રભુનું સ્વરૂપજ જણાતું હોય તથા જેઓએ પોતાના હૃદયને ઇશ્વિરાકાર કરી મેલ્યું હોય તેવાઓ વિનાના ટીલાં ટપકાં કરી હાથમાં કાંશી જોડા લઇ કે ઝાંઝ લઇ બાઇડીઓના જેવા ચાળા કરી કેડે ઢોલકી બાંધી નાચતાં કુદતાં શિખેલાઓને ઉપરથી ભગતના નામથી પ્રસિદ્ધ થયેલાને પણ બોધ કરવાનો અધિકાર નથી.

છતાં વર્તમાનમાં કોઈ પણ પ્રકારે ધર્મગુરુઓ બની બેસનારાની એક પરીક્ષા કર્યા વિના જેમ કસાઇઓ આગળ ગાડર માથું ધરે તેમ ફકત અભણ, અનીતિવાન, દુરાચારી, નીતિ કે ધર્મના સ્વરૂપનો એક અક્ષર નહિ સમજનારા સાધુનો વેષ ધરનારાઓના મુખથી સાંભળે છે કે નધરા ન રહેવુ તેથી કેટલાક તો ધાવણાં બાળકને તથા પાંચ સાત કે દશ વર્ષ સુધીની ઉમ્મરનાંને પણ તેવા અજ્ઞપુરુષો પાસે કંઠીઓ બંધાવી ગુરુ કરાવી દે છે, પછી તે ગુરુ થનારા જાણે છે કે જેમને જેમને કંઠીઓ બાંધી છે તેમનો પ્રતિવર્ષે આઠ આનાથી રૂપીઆ સુધીનો વાર્ષિક કર તો પોતાને મળ્યે જશે. માટેજ છોકરાં મોટાં થાય તો વખતે પાત્ર પરીક્ષા કરી આપણું ગુરુપદ ના સ્વિકારતાં

કોઈ બીજાનુંજ સ્વીકારે એમ જાણી બાળકનાં મૂર્ખ માબાપને સવા-સલાં કરી, કેટલાક મૂર્ખ સાધુઓ નાના છોકરાંના પોતે ગુરુ થઇ બેસે છે. પછી જ્યારે તે છોકરાં પાકી ઉમ્મરનાંને સમજુ થવાથી કોઇ સારા સંત સાધુકે વિદ્વાન મહાત્માઓની પાસે સત્સંગ કરવા જાય તો તેમના ગુરુઓની આંખોમાં તુરતજ રાઇ મીઠું પડી જતાં ગપો હાંકે છે કે, અરે ફલાણાના ને ફલાણીના તો અમે ગુરુ છીએ તેમ છતાં તે ફલાણાનો બોધ સાંભળે તે ઠીક નહિ, વળી કહે છે કે જેમ એક બાયડીને બે ધણીનું પાપ લાગે તેમ એક પુરુષને બે બાપ ક-રવાનું પાપ લાગે તેવુંજ માણસને બે ગુરુ કરવાનું પાપ લાગે છે. આવું આડું અવળું બોલી માણસોને વાસ્તવિક સાચા ધર્મના સ્વરૂપથી દૂર રાખે છે.

બોધ કરવાનો અધિકાર ઉપર પ્રમાણે કોઇ જ્ઞાની, યોગી કે ભક્તને હોય છે. ઉપદેશ કરતાં શ્રુતિ, યુક્તિ ને અનુભવરૂપ પ્રમાણોથી બોલી જાણી સામાના હૃદયમાં પોતાનો ઉપદેશ ઉતારી શકે તેવા-ઓનેજ છે.

એક પક્ષે કહીએ તો બોધક ગુરુઓ કરતાં બોધ્ય શિષ્યો કાંઇક સરલ, સહૃદય, વિચક્ષણ અને પવિત્ર હોય છે. છતાં તેમના બોધમાં પછી કાંઇ તત્ત્વ નથી હોતું ત્યારે ઉભય પક્ષમાં શાંતિ નહિ હોતાં અશાંતિજ રહ્યા કરે છે.

આ દેશમાં અધિકાર જોયા વિના માત્ર ઉપરથીજ બાનુ જોઇ તેમને ઉપદેશકનો અધિકાર આપવામાં આવે છે. તેથી શા શા અનર્થો થાય છે તે આ ગર્જનામાં આવેલા લાલદાસજીના ચરિત્રથી સ્પષ્ટ સ-મજાય છે. માટે એવા દાંભિકનો સહવાસ કરવો નહિ; તેમજ તેવા-ઓને કાંઇ પણ આશ્રય આપવો નહિ. આશ્રય આપવો નહિ એ ઉપરથી એમ સમજવાનું નથી કે કોઇને કાંઇ આપવું નહિ. ગમે તે

જાતનો, ગમે તેવો, અજ્ઞાની કે અભણ હોય તથાપિ જો તે ભૂખ તરસ કે ટાઢ તડકાથી કે રોગથી પીડાતો હોય તો તેને અન્ન, જળ, વસ્ત્ર, ઉપાન કે આતપનિવારણ. તથા ઔષધ તો આપવુંજ. પણ જો તે દુરાચારી અને અજ્ઞાની હોય તો તે માણસના સહવાસમાં તેના અજ્ઞાનનો ચેપ પોતાને તથા પોતાના માણસોને ન લાગે એવી કાળજી રાખવી જોઇએ.

પોતાની મેળેજ સાધુરામ કે ગુરુ બની બેઠેલા પુરુષો ઘણે ભાગે સારા સદ્‌ગૃહસ્થોના કુટુંબમાં રહી બોલવા ચાલવાનો વિવેક તથા ઉંચા પ્રકારનો શુદ્ધ વ્યવહાર, દેશ કાળનું જ્ઞાન, અને જનસ્થિતિ તથા વ્યવહાર નીતિના જ્ઞાનથી અજાણ્યા હોય છે. તથા તેમનાં હૃદયો ધર્મનાં તત્ત્વોથી તથા નૈતિક સિદ્ધાંતોથી પોપાયેલાં હોતાં નથી એટલુંજ નહિ પણ વર્તમાનમાં માત્ર પ્રાથમિક કેળવણી લીધેલાં મનુષ્યોના જેટલો પણ તેમના હૃદયનો વિકાસ થયેલો હોતો નથી. તેથી તેવાઓને પૂજ્ય માની મોટું સ્થાન આપીએ તો તેઓ પોતાને આશ્રય આપનારાઓનું માન, મુરાબો પણ જાળવી શકતા નથી. કારણ કે દશ વર્ષનો ચેતનદાસ નામે હનુમાન દાસજીનો ચેલો ધર્મદાસ નામના વૃદ્ધ ધનાઢ્ય અને પ્રતિષ્ઠિત નગરશેઠને બચ્ચા કે બેટા કહીને ઉભો રહે છે. તથા ગુસ્સામાં આવતાં સસુર કે સાલા કહીને ઉભો રહે છે. માટે એવા વિવેક, નમ્રતા અને ધર્મજ્ઞાન વિનાના મૂર્ખ તથા જડ સાધુ વર્ગના સહવાસમાં પોતાનું શ્રેય ઇચ્છનાર ગૃહસ્થે આવવું નહિ, તથા પોતાનાં બઇરાં છોકરાંને પણ આવવા દેવાં નહિ.

એવાં અભણ અને મૂર્ખ લોકોને જ્યારે કોઇ કાંઇ પણ ધર્મ પ્રસંગની વાર્તા પૂછે ત્યારે પોતાને પ્રત્યુત્તર આપવાની શક્તિ ન હોવાથી અવાચ્ય શબ્દો વાળી ગાળો ભાંડે, કે ચીપીઓ કે લાકડી લઇ મારવા ઉઠે છે. કાં જો ગૃહસ્થ પાસેથી અન્ન, વસ્ત્ર કે દ્રવ્યની જરૂર

હોય તો પોતાના મનમાંથી એક બુટ્ટો ઉઠાવી સાચું જૂઠું ગપ્પું મારી દે છે. જુઓ લાલદાસજીની સમાધિ, વૈકુંઠમાં જઇને વિષ્ણુ તથા લક્ષ્મીજી સાથે વાત કરવાની વાતો, ઠાકોરજીને હોકો ધરાવાની વાત ગીતાના પ્રમાણથી સાબીત કરી બતાવવી. તથા પાલીવહુ અને લાડકીવહુઓના નામમાં સાવર્ણ્ય, લંગડુ કુટુંબ કરવા જવલ, દીવાળી અને ખોડાનો પગ ભાગી ત્રણને ખોડાં કરવાથી છોકરાં જીવવાની વાત કહેવી, હળદરનું મહાત્મ્ય બતાવવું ઇત્યાદી. એવો પાપી જ્યારે દ્રવ્યના લોભે દોરાયો ત્યારે અધર્મ અનીતિ નહિ જોતાં, કાકા બળિયાના હલ્લાની વાત ગોઠવી, લોકોને ખોટું ઠસાવી, મંદિર ખોદી નાંખ્યું, હનુમાનની પ્રતિમા દૂર કાઢી નાંખી, ઇત્યાદિ લાલદાસે કેવાં કુકૃત્યો કર્યાં છે? માટે તેવાઓ કશાથી નહિ ડરતાં કેવળ નાસ્તિક તથા ધર્મઠગ પણ બને છે. ધર્મનું બાનું આગળ કરી લોકોને ખોટું સમજાવી દ્રવ્ય કઢાવવાનું કામ કરનાર ધર્મઠગ કહેવાય છે. એમને પોતાના કર્મનું ફળ અંતે ઘણીજ ક્રૂર દૃષ્ટિથી યમરાજા આપ્યા વિના રહેતા નથી. લોકોનાં પ્રપંચ કરીને ઉડાવેલાં ઘી, સાકર અને દૂધ યુક્ત ષડ્રસ ભોજનો બ્રહ્મચર્ય નહિ પાળવા દેતાં ઇંદ્રિયોને ચંચળ કરી કેવળ વિષયારામીજ બનાવે છે. માટે વિવેકીઓએ તો વિરક્ત, ત્યાગી અને બ્રહ્મચારીઓને ક્યારે પણ ઇંદ્રિયોમાં ચંચળતા પમાડે એવા પદાર્થો એટલે ઘણા ઘી સાકર અને દૂધ તથા તેલ મરચાં રાઇ વગેરેના પદાર્થો જમવા આપવાજ નહિ જોઇએ. કારણકે તેમ કરવાથી તેવા પદાર્થો જમાડનાર બ્રહ્મચર્ય ભંગના કારણમાં નિમિત્તરૂપ થવાથી પુણ્ય નહિ થતાં દોષ ભાગીજ થાય છે. વિશેષ કહેવાનું એ કે એવા ત્યાગી પવિત્ર સંત કે કોઈ સાધક અથવા બ્રહ્મચારીએ અને જ્યાં સંન્યાસીઓ રહેતા હોય ત્યાં સધવા સ્ત્રીયોએ પોતાના સારા વસ્ત્રાલંકાર પહેરી શણગાર સજી જવું પણ નહિ, કેમકે જ્યાં સુધી તેમનું મન દૃઢ વૈરાગ્ય પૂર્વક રહીને આત્મ

ધ્યાનમાં આરૂઢ નહિ બન્યું હોય ત્યાં સુધી તે સ્ત્રી શરીરોનાં પ્રતિબિંબો તેમના હૃદયમાં પડી તેમના બ્રહ્મચર્યભંગનુંજ કારણ બનશે તેથી તેવી સ્ત્રીઓ તેમના બ્રહ્મચર્ય ભંગનું કારણ બની દોષભાગી થયા વિના રહેતી નથી. માત્ર સૌભાગ્યવતીને તો પોતાના ધણીનાંજ દર્શન કરવાનાં છે કેમકે સ્ત્રીઓનો તો અગ્નિ, દેવ, ઇશ્વર અને ગુરુ તેનો ધણીજ છે. માટે તેણે અન્ય પુરુષોનાં દર્શન કરી વિશેષ લાભ મેળવવાની આશા રાખવીજ નહિ. જૂઓ રાણીપુરના લોકોએ લાલદાસને જમાડવામાં જરા પણ સંકોચ નહિ રાખતાં પુષ્કળ ઘી, દૂધ, સાકર ખવરાવી ફટાડયો આખર વિચાર કર્યા વિના ત્રણ હજાર જેટલા રૂપીઆ પણ તેને આપ્યા તો તે બધું કેટલા અનર્થોના કારણ રૂપ થયું ?

જો એ લાલદાસને મિષ્ટાન્ન જમાડવામાં ગામના લોકો એટલું સમજ્યા હોત કે સાધુને માત્ર સાદુ ભોજનજ જમાડવું; તેના પ્રાણનું પોષણ કરવાની ગૃહસ્થની ફરજ હોવાથી તેને સાદું ભોજન જમાડયું હોત તથા ત્રણ હજાર જેટલા રૂપીઆ તેની પાસે ભેગા થવા ના દિધા હોત તો લાલદાસ પોતાનું બ્રહ્મચર્ય પાળી શકત અને ડાહીના ઉપર જે જૂલમ ગુજારવાની અણી ઉપર આવ્યો તે ના આવત.

ડાહી તો એક ડાહીજ હતી તે તેના કૃત્યો પરથી પવિત્ર સ્ત્રિયોએ દાખલો લેવાનો છે કે જો તમારે તમારા સ્વધર્મની દરકાર હોય ને આવા અધમઅવતાર રૂપ આ શરીરથી છૂટી પરમધામ પામી અખંડ સુખી થવું હોય તો પોતાનું શીલ અને પતિવ્રતપણું કંઠે પ્રાણ આવતાં પણ છોડશો નહિ. ફરી ફરીને દેહ મળશે, ઘર મળશે, દીકરા દીકરીઓ મળશે, ધન મળશે ને સુખ પણ મળશે પરંતુ ત્યાગ કરેલો ધર્મ નહિ મળે. ને જેનું તમે પાલન કરશો તે તમારો સ્વ-

ધર્મ તમારા આત્માનું સતત સંરક્ષણ કરી અખંડ સુખ પમાડશે. માટે ડાહીના જેવી આપત્તિ આવતાં પણ પરવશ થવું નહિ. કઇ સ્ત્રીઓ બગડે છે? લોભી, લાલચુ, પ્રજાની આશાવાળી, કે વિષય સુખની લંપટ અને સ્વધર્મ જતાં જીવવાની આશા રાખનારી. પણ જે ધર્મને બદલે પ્રાણાર્પણ કરવા તત્પર થાય છે તેને તો કાળ જેવા દુર્જનો પણ કાંઇ કરી શકતા નથી. કેમકે તેવી દેવીઓ તો દુર્જનોને બકરા તુલ્ય માની પોતાનો વિજય મેળવે છે. માટે સ્ત્રીઓએ પોતાનો પ્રતાપ, રૂવાબ, અને ગંભીરતાનો ક્યારે પણ ત્યાગ કરવો નહિ. પરપુરુષો સાથે વાર્તા વિનોદ કરવાની કે ગંજીફા, બાજીઓ કે શેતરંજ રમવાની કુટેવવાળી, કિંવા તેવા ઉદ્ધત ઉછાંછળા અને વ્યસની, દુરાચારી અને મૂર્ખતાવાળા પુરુષોના સહવાસમાં રહેવાના સ્વભાવવાળી, તથા હસચાડ સ્ત્રીઓ ઉપરજ લંપટ પુરુષો વિજય મેળવવા ધારે છે.

જે સ્ત્રિઓ પોતાના બારણાંમાં મેડાની બારીઓએ, છજાંઓ કે અગાશીઓએ બેસીને અથવા માર્ગમાં ચાલતાં જેને પુરુષોનાં મુખ જોવાની ટેવ છે તથા રસ્તામાં કે ગમે તે સ્થળે પુરુષો સાથે દૃષ્ટિ મેળવી વાત કરવાની ટેવ હોય છે તેના પર દુષ્ટ માણસો પોતાનો પ્રયત્ન ચલાવે છે. પણ જે ગભીર, ઉદાસીન, પ્રતાપવાળી અને સદા જાગ્રત રહેનારી, પોતાના માન મા૫ને જાળવનારી, અતિ આશ્ચર્ય વિના ક્યારે પણ છૂટા મોઢે નહિ હસનારી, સ્ત્રીઓથી દુર્જનો ઘણામાં ઘણે દૂર રહે છે. ખાસ સ્વધર્મપર પ્રીતિવાળી અને પોતાનો અમૂલ્ય શીલવ્રતરૂપ ચિંતામણિનું સંરક્ષણ ઇચ્છનારી સ્ત્રીઓએ ઉપર દર્શાવેલા ગુણોને પોતાના હૃદયમાં નિરંતરને માટે સ્થાન આપવું.

જૂઓ ડાહી એક સાધારણ ખેડુવર્ગના માબાપની દીકરી તથા દેવાજ ધણીની સ્ત્રી જેણે વધારે વિદ્યાભ્યાસ કે શાસ્ત્રાધ્યયન

પણ કરેલું નહોતું તેમજ તેણે બી. એ. એલ. એલ. બી. કે એમ. એ. ની ડીગ્રી પણ મેળવી નહોતી. પણ એટલુંજ કે તેનાં માબાપને ત્યાં કોઈ સારા વિદ્વાન પુરુષો અને પવિત્ર સંતપુરુષોની જવર અવરથી કાંઇક સારા ધર્મ સંસ્કાર પડેલા ને તેમની પાસેથી ડાહી કેળવણી પામેલી હતી. તેથી તેણે લાલદાસને કેવા પ્રત્યુત્તર આપ્યા છે! તથા પોતાનું વ્રત ભંગ ન થાય માટે કેટલી ઝનુન પર આવી બાયલા લાલદાસના કાળજાને ચીરી નાંખ્યું છે. મિષ્ટ ભોજન, વૈષયિક સુખ, અને ત્રણ હજાર રૂપીઆ એટલા લાભને પોતાના સ્વધર્મ સંરક્ષણ માટે કેવાં હલકાં માની પોતાનો વિજય મેળવ્યો છે? તથા તેણે પોતે પોતાનો દેહાંત થતાં પણ ડરવું નહિ એવો નિશ્ચય કરી ઉંચા પ્રકારના મનોબળનો કેવો ઉપયોગ કર્યો છે? બેનો! તમે સાંભળ્યું હશે કે "એક મરણીઓ સોને ભારે" તેમ જ્યારે લાલદાસે અતિક્રૂરતા વાપરવાનું ધાર્યું ત્યારે તે પણ તેવીજ ક્રૂર થઇ ગઇ. દુષ્ટજનો ક્રૂર બની નિંદ્ય કર્મ કરવા તત્પર થાય ત્યારે જે શુદ્ધ પતિવ્રતા ને ધર્મતત્પર સ્રીયો નિર્બળ થઇ નિરુપાય બની તે પામર જનને તાબે થતી નથી પણ તે તો પોતાના અબળાનામને ખોટું પાડી સબળા બની લંપટ જનરૂપી મહિષાસુરનો ભોગલેનારી મહાકાળી બની પોતાનો વિજય મેળવે છે. ને કદાચ તેમ નથી બનતું તો પોતાના વિશુદ્ધ જિવાત્માને વ્યભિચાર દોષથી અલગ રાખવા માટે તેને પોતાના પરવશ થયેલા દેહથી છૂટો પાડી દેછે. જેથી તે અખંડ સુખની ભોક્તા બને છે.

બ્રહ્મચર્ય પાળવું સહેલું નથી પણ ઘણું અઘરું છે. જ્યાં સુધી બ્રહ્મચર્યભંગનું કારણ ન આવે ત્યાં સુધી સહેલું મનાય પણ જ્યારે તેવો પ્રસંગ આવે ને તેમાંથી જ્યારે દોષ લિપ્ત ન થતાં અડગ નિશ્ચય સાચવે તેજ ખરો બ્રહ્મચારી મનાય છે. ડાહીની પેઠે સ્રીઓ પણ પોતાને પ્રસંગ પ્રાપ્ત થતાં પોતાના બુદ્ધિ ચાતુર્યથી જે શીલ સાચવી જાણે છે તેજ ખરી શીલવતી કહેવાય છે. ઇતિ.

ઉપકારનો સ્વીકાર.

રૂ. ૧–૮–૦ શેઠ નગીનદાસ હરજીવનદાસ સુરત.

આ ગૃહસ્થે અમારી સંસ્થાને આ રકમ શ્રદ્ધાપૂર્વક ભેટ તરીકે આપી છે તે માટે તે ગૃહસ્થનો પ્રેમપૂર્વક ઉપકાર માનવામાં આવે છે. અશ્રદ્ધાથી અને માગ્યા પછી અમારી સંસ્થાને લાખો રૂપીઆની મદદ મળે તેના કરતાં સ્વેચ્છાથી શ્રદ્ધાપૂર્વક આપેલી આ રકમ અમે લાખો રૂપીઆ જેટલી સમજીએ છીએ.

ગર્જનાના ગ્રાહકો વધારી આપનાર

સજ્જનોના ઉપકારનો સ્વીકાર.

નીચેના સજ્જનોએ ગર્જનાના ગ્રાહકો વધારી આપવાનો શ્રમ લીધો છે તે માટે તેમનો પ્રેમપૂર્વક ઉપકાર માનવામાં આવે છે.

શ્રીમાન્ ભાઇલાલભાઇ વિશ્વનાથ હજુર આસીસ્ટન્ટ સાહેબ સચીન, રા. રા. હરિપ્રસાદ વિશ્નુરામ અમદાવાદ, રા. રા. દાક્તર બાપાલાલ કેવળદાસ પટેલ અમદાવાદ, રા. રા. દયારામ સાંકળેશ્વર જોશી અમદાવાદ, રા. રા. દુલ્લભ વલ્લભ દરજી આફ્રીકા, રા. રા. પુરુષોત્તમ વલ્લભ દરજી આફ્રીકા, રા. રા. રણછોડજી નીછાભાઇ આફ્રીકા, રા. રા. દોલતરામ નરસિંહરામ ભટ્ટ ભાલેજ, પૂજ્ય સ્વામી શ્રી મુકુન્દાશ્રમ સુરત, રા. રા. ખત્રી ઝીણાભાઇ આણંદજી મુંબઇ, રા. રા. જાની દેવશંકર રણછોડજી કુતિયાણા, રા. રા. બેહેચરભાઇ રાયજીભાઇ ગણપતપુરા, રા. રા. ખત્રી ભગવાનદાસ ડાહ્યાભાઈ મુંબઇ, રા. રા. મયાશંકર જેશંકર જોશી પલસાણા.

ગર્જનાના ગ્રાહકો વધારી આપનાર સજ્જનો પૈકી સચીનના હજુર આસીસ્ટન્ટ શ્રીમાન્ ભાઇલાલભાઇ વિશ્વનાથનો પ્રયત્ન બહુજ સ્તુતિ-

પાત્ર છે. તેમણે કેવળ નિસ્વાર્થ વૃત્તિથી ૧૦૦ ગ્રાહકો કરી આપી આ સંસ્થા ઉપર મોટો ઉપકાર કર્યો છે. સનાતન ધર્મની દાઝ જાણનારા જુદા જુદા ગામના અધિકારીઓ આ પ્રમાણે ૧૦૦, ૧૦૦ ગ્રાહકો કરી આપે તો અમારી ધારણા પ્રમાણે ૧૦૦૦૦ દશ હજાર ગ્રાહકો સેહેજમાં થઇ જાય. તંત્રી.

સનાતન ધર્મની ગર્જનાઓ સંબંધી અમારા કેટલાક વિચારો.

"સસ્તુ" એ શું છે તે જનસમાજની દૃષ્ટિએ ખરૂ કરવાના ઇરાદાથી અને "ખરૂં સાહિત્ય" એ શું છે તે બતાવવાની ઇચ્છાથી બે વર્ષથી અમોએ ઉત્તમોત્તમ વિષયોથી ભરપૂર ગર્જનાઓ પ્રકટ કરવા માંડી છે અને હજારો સજ્જનોએ તેનો પ્રેમપૂર્વક લાભ પણ લીધો છે. પરંતુ જેટલી સંખ્યા અમે ધારી છે તેટલી સંખ્યાના ગ્રાહકો થયા નથી તેથી ગર્જનાઓ ત્રીજા વર્ષમાં કાઢવી કે કેમ? અને કાઢવી તો કેવા પાયા ઉપર કાઢવી તેના વિચારો ઉપરા ઉપરી થયા કરે છે. તે સંબંધી નિશ્ચય તો હવે પછીની છેવટની ગર્જનામાં થશે. પરંતુ તે પહેલાં મારે ગર્જનાના ગ્રાહકોને સ્પષ્ટપણે કહી દેવું જોઇએ કે "દરેક ગ્રાહકે ઓછામાં ઓછાં ૧૦ ગ્રાહકો કરી આપવાની કૃપા કરવી" એમ હું મૂળથીજ કહેતો આવ્યો છું. પરંતુ ઘણાજ થોડા સજ્જનો સિવાય બીજા કોઇએ ૧૦ ગ્રાહકો કરી આપવાનો શ્રમ લીધો નથી એ આપણા સનાતન ધર્માનુરાગી બંધુઓનો સનાતન ધર્મનો વિસ્તાર કરવાનો કેવો આગ્રહ છે તે બતાવી આપે છે. આ વખતે ૫૦૦૦ પ્રતો ગર્જનાની કઢાવી છે તથા બીજા કોઈ તરફથી અમને આ વર્ષમાં કોઇ પણ પ્રકારની મદદ મળી નથી તથા ગર્જ-

નાના ગ્રાહકો જોઇએ તેટલી સંખ્યામાં પૂરતા નથી તેથી આ વર્ષે અમારે ખર્ચના ઘણાજ બોજામાં આવવું પડયું છે. અમે આટલી બધી સસ્તી ગર્જનાઓ કાઢી છે એટલે અમોએ જનસેવાર્થેજ આ પ્રવૃત્તિ કરી છે જેથી આ વખતે ગર્જનામાં જે ખોટ આવે તે અમારેજ ખમવી પડે એવો વિચાર તો કોઇ પણ ધર્મનિષ્ઠ બંધુના હૃદયમાં આવી શકે નહીં. જો અમારા ગ્રાહક બંધુઓએ દરેકે ૧૦, ૧૦ ગ્રાહકો નવા કરી આપવાનો શ્રમ લીધો હોત તો અમારે માંથે ખોટ આવત નહીં; હવે આ ખોટ પૂરી કરવા માટે જો હજુ પણ અમારા ગ્રાહકો દરેક ૧૦, ૧૦ નવા ગ્રાહકો હવે પછીની ગર્જના પ્રકટ થાય ત્યાં સુધી નજ કરી આપે તો અમે લાચારીથી જણાવીએ છીએ કે હવે પછીની છેવટની ગર્જના દરેક ગ્રાહક પાસેથી રૂ. ૦—૨—૦ લઇને આપવામાં આવશે. અથવા તો જ્યાં સુધી ગર્જનાના ૫૦૦૦ ગ્રાહકો નહીં થાય ત્યાં સુધી અમે છેવટની ગર્જના પ્રકટ કરી શકીશું નહીં. માટે અમારા દરેક ગ્રાહક બંધુને સવિનય જણાવવાનું કે તેમણે લગાર શ્રમ લઇને ૧૦, ૧૦ ગ્રાહકો કરી આપવાની કૃપા કરવી. જ્યારે પોતે સનાતન ધર્માનુરાગી છે એમ પોતે માને છે તો તેમણે લગાર શ્રમ લઇને બીજાં મનુષ્યો સનાતન ધર્મમાં શ્રદ્ધા રાખે એ આશયને હૃદયમાં ઠસાવીને બીજાં ગ્રાહકો કરીને તેમને સનાતન ધર્મની ગર્જનાનાં પુસ્તકો વંચાવવામાં પ્રવૃત્તિ કરાવવી એ ઓછા પુણ્યની વાત નથી. જો અમારા ગ્રાહક બંધુઓ દરેક ૧૦, ૧૦ ગ્રાહકો કરી આપશે અને ૫૦૦૦ ગ્રાહકો થોડા સમયમાં થઇ જશે તો છેવટની ગર્જના જલદીથી પ્રકટ કરાવી જલદીથી ગ્રાહકોના નામ ઉપર રવાના કરવામાં આવશે. આ કામ મારા એકલાનું નથી પરંતુ દરેક બંધુઓનું છે અને દરેક બંધુએ આ કામ ગમે તેમ કરીને ઉપાડી લેવું જોઇએ છે. જો ગર્જનાના ૫૦૦૦ ગ્રાહકો થશે તો ત્રીજા વર્ષમાં

અમે અમારા ગ્રાહકોને ટપાલ ખર્ચ સાથે ફક્ત રૂ. ૧—૧૪—૦ માં ૨૦૦૦ બે હજાર પૃષ્ઠો આપવાની ગમે તેમ કરીને ગોઠવણ કરી આપીશું. અને જો ૫૦૦૦ ગ્રાહકો હાલમાં નહીંજ થાય તો હાલમાં ગર્જનાનું કામ બંધ રાખીશું અને પછી જ્યારે ૫૦૦૦ ગ્રાહકો થશે ત્યારે રૂ. ૧—૧૪—૦ માં ૨૦૦૦ પૃષ્ઠો પુરાં પાડવાની પ્રવૃત્તિ કેટલાક માસ વ્યતીત થયા પછી કરીશું. બંધુઓ! તમે બધાં ખાતાં તરફ દૃષ્ટિ કરો. તમને કોઈ પણ ખાતુ રૂ. ૧—૧૪—૦ માં ૨૦૦૦ પૃષ્ઠો નહીંજ આપી શકે.

તંત્રી.

આ વખતના કાગળો.

વિલાયત તરફ ભયંકર યુદ્ધની ધમાલ હોવાથી કાગળો આવતા બંધ થયા છે જેથી કાગળોનો ભાવ દોઢો થઇ ગયો છે એટલુંજ નહી પરંતુ જોઇએ તેવા કાગળો મળતા પણ નથી તેથી અમને જે કાગળો મળ્યા છે તે આ વખતે વાપર્યા છે. વળી આ કાગળો સાધારણ રીતે એવા ખરાબ પણ નથી. જેમણે આગળથી કાગળો સામટા ખરીદ્યા હશે તેમણે તો પોતાનાં માસિકો વિગેરેમાં વાપરેલા હશે તેવા કાગળો વાપર્યા હશે. તંત્રી.

ગર્જના એજન્ટો.

નીચે જણાવેલાં સ્થળોએ જે જે ગૃહસ્થોને એજન્ટ તરીકે નિમવામાં આવ્યા છે તે તે ગામના ગૃહસ્થોએ તે તે એજન્ટો પાસેથી ગર્જનાઓ મંગાવી લેવી.

નડીઆદ—જોશી મણિશંકર હરિશંકર.

કરમસદ—રા. ભક્ત ગોવિંદભાઇ લખાભાઇ.

પેટલાદ—મોતીલાલ ગોવિંદલાલ શાહ. ખાનપૂરવાળા. ઠે. લીંબાકુઈ.
ખંભાત—શાહ ચીમનલાલ વ્રજગોવિંદદાસ સ્ટેમ્પવાળા. ઠે. કડીયાપોળ.
અંકલેશ્વર—શાહ ભુરાભાઇ મગનલાલ લાકડાવાળા.
ઠે. કંસારા ફળીઆ, રંગરેજ ગલીમાં.
ભરૂચ—હીરાલાલ રણછોડદાસ ખંભાતી. ઠે. વેજલપોર.
સુરત—ચુનીલાલ ખીમચંદ મારફતિયા. ઠે. બુરાનપુરી ભાગોળ.
સચીન—પ્રાણજીવનદાસ નારણદાસ પબ્લીક વર્કસ ડીપાર્ટમેન્ટ.
કપડવંજ—માસ્તર રઘુનાથજી કાળીદાસ ઠે. ઉંડાપાડામાં.
કરાંચી—રા. શેઠ નરસી દેવકરણ. ઠે. જોડીયા બજાર.
આફ્રીકા—રા. દુલ્લભ વલ્લભ દરજી અને પુરૂશોત્તમ વલ્લભ દરજી. ૧૧૪
ગ્રે. સ્ટ્રીટ ડરબન—નાતાલ.
આફ્રીકા—રા. વસનજી ગોસાઇ ૪૪૬૮ જોહાનીસબર્ગ—ટ્રાન્સવાલ.

ચોખ્ખી ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર.

પંચાલ ભુલાભાઈ હીરાચંદ.



ડા. વામન ગોપાળનું

આયોડાઈઝડ.

સાર્સાપરિલા.

લોહી સુધારવા માટે અકસીર દવા આથી
.ોજી નથી. હજારો દરદી સારા થઇ આશીરવાદ આ-
છે. લગભગ પચાસ વરસથી પ્રદર્શનમાં પણ સો-
ચાંદીના ચાંદ ઇનામ મળ્યા છે.

શીશી એકની કીંમત રૂ. ૧| ટપાલ ખરચ જુદું.

બનાવવાનું કારખાનું.

ડા. ગણપતરામ કેશવ.

ઔષધાલય—ઠાકુરદ્વાર—મુંબઇ.

આર્ડરની વખતે આ પત્રનું નામ લખવા મ-
.હેરબાની કરવી.